Tuesday 20, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૩૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### વિદ્યાર્થીઓના હકની સાયકલો ભંગારના ગોડાઉને પહોંચી : વલસાડ આદિજાતિ વિભાગના મદદનીશ કમિશ્નરની ટીમ દોડતી થઈ

# વેજલપોરમાં સરકારી સાયકલો કાપીને વેચી મારી !

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ નજીકના વેજલપુર ગામે આવેલા એક ભંગારના ગોડાઉનમાં ગરીબ કલ્યાણ મેળાઓ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૩ની સરકારી સાયકલનો મોટો જથ્થો ઝડપી પાડતાં જિલ્લામાં ખળભરાટ મચી ગયો છે.

ઘટના અંગે જાણ થતાં તાત્કાલિક વલસાડ મદદનીશ કમિશનર (આદિજાતિ વિકાસ વિભાગ)ના મદદનીશ કમિશનરની ટીમ દોડી જઈ તપાસ હાથ ધરી છે. રાજ્ય સરકાર દ્વારા ગરીબ અને આદિવાસી દીકરી-દીકરાઓ શાળાએ પહોંચી શકે તે માટે કરોડો રૂપિયાના ખર્ચે વિનામૂલ્યે સાયકલોનું વિતરણ કરવામાં આવે છે. પરંતુ વલસાડના વેજલપુર ગામે આ સરકારી યોજનાની ખુલ્લેઆમ ધજાગિયા ઉડાવતી શરમજનક ઘટના સામે આવી છે. વેજલપુર સ્થિત એક ભંગારના ગોડાઉનમાંથી ગરીબ કલ્યાણ મેળો અને શાળા પ્રવેશોત્સવ વર્ષ ૨૦૨૨-૨૩ની સરકારી સાયકલોનો મસમોટો જથ્થો ઝડપાતાં સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક ગોડાઉનમાં સરકારી સાયકલોને સંતાડી રાખી તેના કટિંગ કરી મોટા ભંગારિયાઓને ઊંચા ભાવે વેચી મારવાનું વ્યવસ્થિત કૌભાંડ ચાલી રહ્યું હોવાનો પર્દાફાશ થયો છે. જે સાયકલો જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના હાથમાં હોવી જોઈતી હતી, તે સ્ક્રેપ ગોડાઉનમાં કટિંગ થતી જોઈ લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. આ મામલો પ્રકાશમાં આવતાં જ વલસાડ મદદનીશ કમિશનર (આદિજાતિ વિકાસ વિભાગ) તુરંત હરકતમાં આવ્યું હતું. મદદનીશ કમિશનર અને તેમની તપાસ ટીમે તાબડતોબ વેજલપુરના ઘટના સ્થળે પહોંચી ગોડાઉનમાં પડેલા જથ્થાની સ્થળ તપાસ હાથ ધરી હતી. અધિકારીઓએ સાયકલોના બેચ નંબર, વિતરણ યાદી અને જથ્થાની ગણતરી શરૂ કરી ગોડાઉન માલિકની પૂછપરછ હાથ ધરી છે. જરૂરિયાતમંદ બાળકોને મળવાપાત્ર સાયકલો સરકારી કચેરીઓ કે શાળાઓમાંથી સીધી ભંગારના ગોડાઉને કેવી રીતે પહોંચી છે.



૨૦૨૨-૨૩ના સત્રાની સાયકલો આટલા સમય સુધી વણવહેંચાયેલી કેમ પડી રહી, કે પછી ચોપડે ખોટા વિતરણ બતાવી ગોડાઉનમાં વેચી દેવાઈ હતી. આ સમગ્ર મામલે માત્ર આદિજાતિ વિભાગ જ નહીં પરંતુ શિક્ષણ વિભાગ પણ ઉચ્ચ સ્તરીય નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક ફોજદારી ગુનો દાખલ કરે તેવી પ્રબળ લોકમાગ ઉઠી છે.

# વાપીમાં આજે અંદાજે ૫ ટન જલેબી-ફાફડાના ઉપાડનો અંદાજ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** આજે સવારથી જ વાપીની ગુંજન, ચણોદ, ટાઉન અને બજાર વિસ્તારની ફરસાણની દુકાનો બહાર લાંબી કતારો જોવા મળશે, મોંઘવારી વચ્ચે પણ લોકોનો તહેવાર ઉજવવા ઉત્સાહ ઓછો નહીં મળે. આ વર્ષે ભાવમાં સીધો રૂ.૧૦૦ નો વધારો થયો છે. વાપી-સુરત પટ્ટામાં ફાફડા રૂ.૬૦૦ કિલો અને દેશી ઘીની જલેબી રૂ.૭૦૦ કિલોના ભાવે વેચાઈ રહી છે. વેપારીઓના કહેવા મુજબ તેલનો ડબ્બો રૂ.૨૮૭૦થી ૩૧૦૦ સુધી પહોંચ્યો છે, બેસન રૂ.૮૫-૯૦ કિલો થયું છે અને કારીગરોની મજૂરી વધતા ભાવ વધારવો પડ્યો છે. છતાં વાપીવાસીઓ પાછા પડે તેમ નથી. અંદાજ મુજબ વાપી શહેરમાં એક જ દિવસમાં અંદાજે ૫ ટન જેટલા ફાફડા-જલેબીનું વેચાણ થશે. એટલે કે કરોડો રૂપિયાના ફાફડા આજે વાપીવાસીઓ આરોગી જશે. વેપારીઓએ ભીડને પહોંચી વળવા ૨ દિવસ અગાઉથી જ એડવાન્સ બુકિંગ લેવાનું શરૂ કર્યું હતું. વાપીમાં આજે સવારે ૬ વાગ્યાથી જ ગરમાગરમ ફાફડા-જલેબી વેચવા માંડશે. જોકે દુકાનદારો તો જલેબી ફાફડા બનાવી પેકેટ તૈયાર રાખવા આખી રાત દુકાન ખુલ્લી રાખશે.

### વલસાડ ફૂડ વિભાગ દ્વારા અનેક દુકાનોમાં ચેકિંગ

# દશેરા પૂર્વે ફાફડા-જલેબીના ૩૬ નમૂના લીધા

**વલસાડ, તા. ૧૯ :** દશેરા તહેવાર નિમિત્તે વલસાડ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરીના ફુડ સેફટી ઓફિસરો દ્વારા વિવિધ દુકાનો પર પહોંચી ખાદ્ય સામગ્રી જેવી કે, ફાફડા - જલેબીની તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન ફાફડાના ૧૩, જલેબીના ૯, ચટણીના ૭ એન્ફોર્સમેન્ટ નમુનાઓ તથા સર્વેલન્સ સેમ્પલમાં જલેબીનો ૧ અને અન્ય રો- મટીરીયલના ૬ મળીને કુલ ૩૬ નમુના લેવાની કામગીરી કરવામાં આવી હતી. આ તમામ નમૂના પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ફૂડ સેફટી ઓફિસરો દ્વારા



તમામ દુકાનદારોને સ્વચ્છતાની જાળવણી માટે કડક સૂચના આપવામાં આવી હતી.

આગામી દિવસોમાં દિવાળી સહિતના અનેક તહેવારોની ભરમાર આવી રહી છે ત્યારે ફૂડ વિભાગ દ્વારા વારંવાર અનેકવિધ ઠેકાણે ઓચિંતુ ચેકિંગ હાથ ધરવામાં આવશે.

# દશેરાએ વાપીમાં નહીંવત્ નવા પ્રોજેક્ટોના ખાતમુહૂર્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપી શહેરમાં દશેરા જેવા શુભ દિવસને બાંધકામ ક્ષેત્રે નવા પ્રોજેક્ટના ખાતમુહૂર્ત માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. જોકે, આ વર્ષે દશેરાના દિવસે વાપીમાં બિલ્ડરો અને બાંધકામ ક્ષેત્રે કામગીરી કરતા કોન્ટ્રાક્ટરો દ્વારા નવા પ્રોજેક્ટના ખાતમુહૂર્ત નહિંવત્ પ્રમાણમાં કરવામાં આવ્યા હોવાની માહિતી મળી રહી છે.

વાપી મહાનગરપાલિકાની હદમાં લાગુ પડતા ૬૦-૪૦ના જમીનના નિયમો પરિસ્થિતિનું મુખ્ય કારણ ગણાવવામાં આવી રહ્યું છે.

વાપી મહાનગરપાલિકાની સ્થાપનાને દોઢ વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં બાંધકામ ક્ષેત્રે બિલ્ડિંગના પ્લાન મંજૂર થવામાં વિલંબ થતો હોવાની ફરિયાદો ઊઠી રહી છે. પ્લાન પાસ ન થવાને કારણે નવા બાંધકામ પ્રોજેક્ટ શરૂ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાની બૂમરાણ બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા વર્ગોમાં જોવા મળી રહી છે.

દશેરાના પર્વે સામાન્ય રીતે બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરો નવા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરીને બાંધકામની કામગીરીનો પ્રારંભ કરતા હોય છે. પરંતુ વાપીમાં આ વર્ષે નવા પ્રોજેક્ટના ખાતમુહૂર્તની સંખ્યા નહિંવત્ રહેતાં બાંધકામ ક્ષેત્રની વર્તમાન સ્થિતિ ચર્ચાનો વિષય બની છે. જેમાં કેટલાક લોકો મંદીનો માહોલ તેમજ વાપી મહાનગરપાલિકા દ્વારા પ્લાન મંજૂર નહીં કરતી હોવાની સમસ્યાને લઇ ઉપરોક્ત પરિસ્થિતિ ઊભી થઈ હોવાનું જણાવી રહી છે. વાપી મહાનગરપાલિકાના વહીવટીતંત્ર અને હાલમાં સત્તા સ્થાને રહેલા હોદ્દેદારોદ્વારા આ મુદ્દે યોગ્ય સ્પષ્ટતા કરવામાં આવે તેમજ પ્લાન મંજૂરીની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

### સવારથી સાંજ સુધી વીજળી ડૂલ રહેતા

# વાપી મહાનગરપાલિકા કચેરીનું કામકાજ અવરોધાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં આજે સવારથી સાંજ સુધી વીજળી ડૂલ રહેતા સમગ્ર કામકાજ સંપૂર્ણ ઠપ્પ થઈ ગયું હતું. કમ્પ્યુટર સિસ્ટમ બંધ રહેતા અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

મળતી માહિતી મુજબ, આજે સવારથી મનપા કચેરીના મોટાભાગના વિભાગોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જેના કારણે જન્મ-મરણ વિભાગના દાખલા કાઢવાનું કામ, ટાઉન પ્લાનિંગ ઓફિસ, સફાઈ વિભાગ, પાણી વિભાગ અને વેરા વિભાગ સહિતના તમામ મહત્વના વિભાગોના કામો કમ્પ્યુટર બંધ હોવાથી અટકી પડ્યા હતા. સવારથી આવેલા અરજદારો કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા બાદ નિરાશ થઈને પરત ફર્યા હતાં.

રસપ્રદ વાત એ છે કે, મનપા કમિશનર, મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન બેસે છે. તે કચેરીમાં બે ફીડરથી વીજ કનેક્શન આપવામાં આવ્યું છે. એક ફીડર બંધ હોવા છતાં બીજા ફીડરથી ત્યાં વીજ પ્રવાહ ચાલુ રહ્યો હતો. જયારે બાકીની કચેરીમાં કામ કરતા કર્મચારીઓ આખો દિવસ લાઈટ-પંખા વિના ગરમીમાં શેકાયા હતા અને કામ વિના બેસી રહેવાનો વારો આવ્યો હતો.

વારંવાર વીજળી ગુલ થવાની ઘટનાથી વીજ કંપની સામે લોકોમાં રોષ ફેલાયો છે. મનપા દ્વારા વારંવાર વીજ પુરવઠો ખોરવવાના ઉપાય સામે જનરેટર વસાવવાનું નક્કી કર્યું છે જે માટે કચેરી બહાર ફાઉન્ડેશન પણ બનાવવામાં આવ્યું છે હવે જનરેટર ક્યારે લાગે તેની રાહ જોવાઈ રહી છે.
















# દાંડીમાં મહિલા કિશાન દિવસે કિશાન ગોષ્ટી કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** મહિલા કિસાન દિવસે અન્વયે મરોલી દાંડી ગામે ગણપતિ બાપાના મંદિરના સાનીધ્યમા આભા પ્રોજેકટ વલસાડ દ્વારા કિસાન ગોષ્ટીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હત. દાંડીના બારી બારીયા સમાજના પ્રમુખ જાદવભાઈ બારી તથા દાવજીભાઈ બારી એ કાર્યક્રમે સફળ બનાવવા તનતોડ મહેનત કરી હતી. આ કાર્યક્રમાં આશરે ૮૦ થી વધુ મહિલા ખેડૂતો અને ૨૫ જેટલા પ્રગતિસીલ ખેડૂતોએ હાજરી આપી હતી.

સોરન્ડાગામના પ્રગતિસીલ ખેડૂત પ્રકાશભાઈ પટેલે ગાફ આધારિત પ્રાકૃતિક ખેતી કરવા લોકોને પહેલ કરી હતી. તેમણે રાસાયણીક ખાતર અને ઝેરી દવાને તીલાંજલી આપી લોકોને પ્રાકૃતિક ખેતી કરી જમીનનું અને લોકોનું સ્વાસ્થ જળવાઈ રહે તે માટે લોકોને પ્રેરીત કર્યા હતાં.નારગોલના પ્રગતીશીલ ખેડુત ઈશ્વરભાઈ પટેલે મલ્ય વર્ધન વિશેષ સમજણ આપી અને પોતે પકવેલ પાકોનું મુલ્યવર્ધન કરી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટીથી પધારેલા ડો. બાલુલભાઈ પટેલે દેશી ગાય આધારીત ખેતી પ્રાકૃતિક ખેતી તરફ વળવાનું માર્ગદર્શન આપ્યું હતું.

તથા ગ્રામસેવક ઝરનાબેન પટેલે ખેડુતોને મળતી સહાય અંગેની માહિતી આપી. અને દરેક ખેડૂતોને પોતાનું ખેડૂત રજીસ્ટ્રેશન કરવા માટે જણાવ્યું હતું. આભા પ્રોજેકટ વલસાડથી પધારેલા તુષારભાઈએ દરેકનો આભાર વ્યકત કર્યો હતો.

## પુસ્તક પરબ વલસાડ દ્વારા

# રૂપવેલ અને રાયબોરની બે શૈક્ષણિક સંસ્થાઓને ૨૦૦ પુસ્તકોની ભેટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૯ :** વિદ્યાર્થીઓમાં વાંચનપ્રવૃત્તિ વિકસે, પાઠ્યપુસ્તકો ઉપરાંત અન્ય પુસ્તકો વાંચવાની રુચિ કેળવાય અને જ્ઞાન તથા કલ્પનાશક્તિનો વિસ્તાર થાય તેવા ઉમદા હેતુથી પુસ્તક પરબ, વલસાડ દ્વારા નવસારી જિલ્લાના વાંસદા તાલુકાની શાંતિનિકેતન સેવા ટ્રસ્ટ વાંઝણા સંચાલિત રાધાકિશન વિધાલય રૂપવેલ તથા શ્રી વાલ્મિકી આશ્રમશાળા રાયબોરમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનાં કુલ ૨૦૦ જેટલાં પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં હતાં. આ સાથે પુસ્તક પરબ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૩૧ શૈક્ષણિક સંસ્થાઓ સુધી પુસ્તકો પહોંચાડવામાં આવ્યાં છે.



પુસ્તક પરબના ચેરપર્સન ડો. આશા ગોહિલ, હાર્દિક પટેલ, દીપક મર્ચન્ટ, કેયુર રોહિત, દિલીપભાઈ દેસાઈ, નીલિમાબેન ભાવસાર તથા સમગ્ર ટીમના સહયોગથી યોજાયેલ આ અભિયાનમાં વલસાડના રૈના શેઠની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રાધાકિશન વિધાલય રૂપવેલના આચાર્ય સુનયનાબેનના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં રૈના શેઠે પુસ્તકો વાંચવાની રોટેશન પદ્ધતિ, વિચારોની આપલે અને તેમાંથી વધુમાં વધુ જ્ઞાન મેળવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કેયુર રોહિતે ડૉ.અબ્દુલ કલામના જીવનપ્રસંગો, શિક્ષકો અને પુસ્તકોની જીવનમાં અનિવાર્યતા કેવી રીતે વ્યક્તિની વિચારશક્તિ અને સમજણને સમૃદ્ધ બનાવે છે તે સમજાવ્યું હતું. ડો. આશા ગોહિલે ચિત્રવાર્તાઓ, પંચતંત્ર-હિતોપદેશ, ગુજરાતી બાળસાહિત્ય, મહાન વ્યક્તિઓનાં ટૂંકાં જીવનચરિત્રોના પુસ્તકોનાં ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને વાંચન માટે પ્રેરિત કર્યાં હતાં. પુસ્તક પરબની ટીમના હાર્દિક પટેલે વિદ્યાર્થીઓને શૈક્ષણિક તથા અન્ય દસ્તાવેજોમાં નામ, અટક અને વિગતોમાં રહેલ વિસંગતતા નાબૂદી અંગે વહીવટી માહિતી સમજાવી હતી. વાંસદાથી પણ ઊંડાણના રમણીય સ્થાને આવેલ રાયબોરની શ્રી વાલ્મિકી આશ્રમશાળાના શિક્ષક ધારાબેનના પ્રયત્નો થકી અને ઉત્સાહી આચાર્ય નિલમબેન, કેતનભાઈ તથા અન્ય શિક્ષકોની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પુસ્તકોના વાંચન અને શૈક્ષણિક સંસ્થાના કાર્યો વિશે પુસ્તક પરબની ટીમ સાથે સંવાદ કરી પુસ્તકોની ભેટ મળતાં આનંદ વ્યક્ત કર્યો હતો. અહીં પણ વિદ્યાર્થીઓને ડૉ. આશા ગોહિલ દ્વારા પુસ્તકવાંચન દ્વારા જ્ઞાનવૃદ્ધિ અને જીવન ઘડતરનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. શ્રી કેયુર રોહિતે બોધકથાના પુસ્તક દ્વારા ધ્યેયનિષ્ઠા અને સફળતાનો સંદેશ આપતાં, બે દાયકા પૂર્વે આ સંસ્થામાં પ્રાપ્ત અધ્યાપન તાલીમના અનુભવો વાગોળી જીવનઘડતરમાં પુસ્તકોની માર્ગદર્શક ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. જ્યારે શ્રી હાર્દિક પટેલે પુસ્તક પરબની વાંચનયાત્રા અને પુસ્તકપ્રસારની પ્રવૃત્તિઓથી સૌને અવગત કર્યા. પુસ્તક પરબનો મુખ્ય ઉદ્દેશ પુસ્તકોના વિતરણની પ્રવૃત્તિથી આગળ વધી સમાજમાં વાંચનનો દીપ પ્રજ્વલિત કરવાનો અને નવી પેઢીને જ્ઞાનસમૃદ્ધ બનાવવાનો છે. ગ્રામ્ય વિસ્તારોની શૈક્ષણિક સંસ્થાઓમાં પુસ્તકો પહોંચાડીને વિદ્યાર્થીઓમાં કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા અને વૈચારિક પરિપક્વતાને પોષવાનો આ પ્રયાસ વિદ્યાર્થીઓના ઉજ્વળ ભવિષ્ય અને સર્વાંગી વિકાસ માટે પથદર્શક બની રહ્યો છે.

# વાંસદા હોસ્પિટલમાં 'રક્ત સેવક બાઈક રાઈડ રેલી'નું સ્વાગત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૯ :** રક્તદાન મહાદાન છે અને રક્તદાન અંગે જનજાગૃતિ ફેલાવવી એ સમાજ પ્રત્યેની આપણી સામૂહિક જવાબદારી છે. આ ઉમદા સંદેશને જનજન સુધી પહોંચાડવાના હેતુથી 'હું પણ રક્તદાતા - હર ઘર રક્તદાતા' મિશન અંતર્ગત ગુજરાતભરમાં રક્ત સેવક બાઈક રાઈડ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાનના ભાગરૂપે ધરમપુરથી નીકળેલી રક્ત સેવક બાઈક રાઈડ રેલીનું આજે વાંસદા સ્થિત શ્રી હોસ્પિટલ બ્લડ સ્ટોરેજ સેન્ટર ખાતે ડૉ. લોચન શાસ્ત્રી તથા ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ફેડરેશન ઑફ બ્લડ બેન્ક્સ, ગુજરાતના પ્રમુખ ડૉ. મનીષકુમાર વીડજાના માર્ગદર્શન હેઠળ આગળ વધી રહેલી આ રેલી રક્તદાન, માર્ગ સલામતી અને વિવિધ આરોગ્યલક્ષી વિષયો અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ લઈને ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પ્રવાસ કરી રહી છે. અત્યાર સુધીમાં આશરે ૨૨ જિલ્લાઓમાં પ્રવાસ પૂર્ણ કરીને આ રેલી વાંસદા ખાતે પહોંચી હતી. વાંસદા ખાતે સ્વાગત બાદ રેલી ડાંગ જિલ્લાના પ્રવાસ માટે પ્રયાણ કરી હતી. ઉલ્લેખનીય છે કે તા. ૧ ઑક્ટોબરથી શરૂ થયેલી આ રક્ત સેવક બાઈક રાઈડ રેલી તા. ૩૧ ઑક્ટોબરના રોજ કેવડિયા સ્થિત સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે ગુજરાતના ૩૪ જિલ્લાઓનો પ્રવાસ પૂર્ણ કરશે. સમગ્ર પ્રવાસનો મુખ્ય હેતુ રક્તદાનને જનઆંદોલનનું સ્વરૂપ આપવાનો, નાગરિકોમાં આરોગ્ય અંગે જાગૃતિ વધારવાનો અને સ્વૈચ્છિક રક્તદાન માટે વધુમાં વધુ લોકોને પ્રેરિત કરવાનો છે.

ડૉ. લોચન શાસ્ત્રી અને મહાનુભાવોએ રેલીનું સ્વાગત કર્યું શ્રી હોસ્પિટલ બ્લડ સ્ટોરેજ સેન્ટર ખાતે યોજાયેલા સ્વાગત પ્રસંગે શ્રી હોસ્પિટલના તબીબ તથા ભાજપ નવસારી જિલ્લા મહામંત્રી ડૉ. લોચન શાસ્ત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ રક્ત સેવક બાઈક રાઈડ રેલીનું સ્વાગત કરી આ સેવાકીય અભિયાનને આવકાર્યું હતું.

# ગડત શ્રી અંબિકા ગ્રામ કેળવણી મંડળના પ્રમુખનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૯ :** શ્રી અંબિકા ગ્રામ કેળવણી મંડળ, ગડતને સતત ૪૦ વર્ષ સુધી સુદીર્ઘ અને નિષ્ઠાપૂર્વકની અવિરત સેવાઓ આપનાર પ્રમુખ અમૃતભાઈ ખંડુભાઈ નાયક સ્વેચ્છાએ નિવૃત્ત થતાં, તેમના અમૂલ્ય યોગદાનને બિરદાવવા સંસ્થા દ્વારા રવિવારે સન્માન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મંડળના મંત્રી પરિમલભાઈ નાયકે રૂપરેખા આપી હતી અને આચાર્ય જીગ્નેશ ટેલરે શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કેળવણી મંડળ ટ્રસ્ટ બોર્ડ તેમજ શાળા પરિવાર દ્વારા અમૃતભાઈને શાલ, પુષ્પહાર અને સ્મૃતિભેટ અર્પણ કરી ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત



પ્રમુખ અમૃતભાઈએ પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા, જ્યારે નવનિયુક્ત પ્રમુખ સંદીપભાઈએ તેમના ચીંધેલા માર્ગે સંસ્થાને આગળ ધપાવવાની ખાતરી આપી હતી. સમારોહમાં મુખ્ય વક્તા તરીકે પરબ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. જયભાઈ વશી ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ અવસરે ટ્રસ્ટ બોર્ડના હોદ્દેદારો, સભ્યો, વિવિધ સંસ્થાઓના અગ્રાણીઓ, આચાર્યો, નિવૃત્ત શિક્ષકો, શાળા સ્ટાફ, પરિવારજનો અને સ્નેહીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અમૃતભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા છાયાબેન અને રેણુકાબેન પટેલે સંભાળ્યું હતું, જ્યારે આભારવિધિ નિલેશભાઈ દેસાઈએ આટોપી હતી. અંતમાં ઉપસ્થિત સૌએ સુરુચિ ભોજનનો સ્વાદ માણ્યો હતો.

# ચીખલીના મોગરાવાડીમાં 'વન કવચ'નું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૯ :** સામાજિક વનીકરણ વિભાગ, નવસારી દ્વારા સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત ચીખલી તાલુકાના મોગરાવાડી ખાતે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વન કવચ' લોકાર્પણ અને લોકસંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે ઉદ્યોગોના વિકાસની સાથે જંગલો અને વૃક્ષોનું જતન કરવું કેટલું આવશ્યક છે તે સમજાવ્યું હતું. તેમણે જીવનમાં વૃક્ષોનું મહત્વ, પાણીનું સંરક્ષણ અને પર્યાવરણની જાળવણી અંગે માર્ગદર્શન આપીને સૌને પ્રકૃતિના સંવર્ધન માટે પ્રેરિત કર્યા હતા. વન કવચ જેવા પ્રયાસો દ્વારા વૃક્ષોના ઉછેર અને વનસંપદાના સંરક્ષણને પ્રોત્સાહન મળવાની સાથે પર્યાવરણના સંતુલન જાળવવામાં પણ મદદરૂપ બનશે. રૂા.૭૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ વન કવચમાં ૩૦,૦૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ અવસરે ૧,૧૧૧ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. વન કવચમાં ૮૨ પ્રકારના વિવિધ પ્રજાતિનાં રોપાઓ ઉછેરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન મંત્રી નરેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષક ઉર્વશી પ્રજાપતિ, આર.એફ.ઓ., સરપંચ સહિત સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ડાંગ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

# ડાંગના આંતરિયાળ વિસ્તારોમાં પાણી વ્યવસ્થા અને નેટવર્ક સમસ્યા હલ કરવા ચર્ચા કરાઇ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૯ :** ડાંગ જિલ્લા સેવા સદન, આહવા ખાતે જિલ્લા કલેક્ટર એન. ડી. પરમારના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ હતી.આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલ તેમજ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઇ ગામીતે જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં બસ સુવિધાઓ પહોચાડવા, પાણી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમજ નેટવર્ક સમસ્યા હલ કરવા અધિકારીઓને જણાવ્યું હતું. સાથે વન અધિકાર હેઠળ જંગલ જમીનના પેંન્ડીગ દાવાઓનો હકારાત્મક નિકાલ લાવી હકદારને જમીન આપવા માટે ઝડપી કાર્યવાહી કરવા માટે જણાવ્યું હતું.



આ બેઠકમાં જિલ્લા કલેક્ટર એન.ડી.પરમારે તેમના ક્ષેત્રીય પ્રવાસ દરમિયાન જોયેલી બેઠકોમાં જાણવા મળેલ વહીવટી ક્ષતિઓની પૂર્તતા કરવા, અને ગ્રામીણ પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા વિવિધ વિભાગના અમલીકરણ અધિકારીઓને સૂચના આપી હતી. બેઠક દરમિયાન કલેક્ટરએ ગ્રામીણ વિસ્તારોમાં એસ.ટી. બસ સેવાઓ સુદ્રઢ કરવા, છેવાડાના નાગરિકોને પરિવહનની મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા, આંગણવાડીઓમાં પ્રાથમિક સુવિધાઓ આપવા જણાવ્યું હતું. તેમજ તમામ લોકોમાં માર્ગ સલામતી માટે જાગૃતતા આવે સુનિશ્ચિત કરવા સંબિધત અધિકારીશ્રીઓને જણાવાયું હતું.

આ ઉપરાંત, એ.જી. ઓડિટ, બાકી કેસો, પેન્શનના પ્રશ્નો, ગ્રામસભામાં ઉપસ્થિત થયેલ પ્રશ્નો, અધિકારી/કર્મચારીઓના પેન્શન કેસો, પી.જી. પોર્ટલ અને સ્વાગતની અરજીઓ, સી.એમ ડેસબોર્ડની કામગીરી અને એગ્રીસ્ટેક પ્રોજેક્ટની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા પણ સૂચના અપાઇ હતી.

જિલ્લા સંકલન સમિતિની બેઠકની સાથે કાયદો અને વ્યવસ્થા, રોડ સેફટી કમિટી, ટ્રાફિક સલાહકાર સમિતિ, ધાર્મિક દબાણ, બોગસ દસ્તાવેજો અને લેન્ડ ગ્રેબિંગ, ઈઝ ઓફ ડુઈંગ, ઘન કચરાનું વ્યવસ્થાપન, પ્રાકૃતિક ખેતી જેવી શ્રેણીબદ્ધ બેઠકો પણ યોજાઇ હતી, જેમાં જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ, સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેક્ટર હિતેશ જણકાટે કર્યું હતું.

# ખેરગામના ભૈરવીમાં નિર્મિત પંચવટી વિકાસ કેન્દ્રનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા.૧૯ :** સામાજિક વનીકરણ વિભાગ દ્વારા નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના ભૈરવી ગામે શનિદેવ મંદિરના પ્રાંગણમાં અંદાજે રૂા. ૩૫ લાખના ખર્ચે નિર્મિત પંચવટી વિકાસ કેન્દ્રનું આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કેન્દ્રના નિર્માણથી સ્થાનિક ગ્રામજનોને સામાજિક, ધાર્મિક અને સામૂહિક કાર્યક્રમોના આયોજન માટે સુવિધાસભર સ્થળ ઉપલબ્ધ બન્યું છે. પંચવટી વિકાસ કેન્દ્રમાં અંદાજે ૧૫૦ જેટલા લોકો માટે બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત કાર્યક્રમો દરમિયાન ઉપયોગી થઈ શકે તે માટે વાસણ કીટ અને ખુરશીઓ સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ કેન્દ્ર ગ્રામજનો માટે સામૂહિક મેળાવડા, સામાજિક પ્રસંગો તથા વિવિધ જાહેર કાર્યક્રમોના આયોજનમાં ઉપયોગી બનશે.

કાર્યક્રમ દરમિયાન શનિદેવ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા મંત્રી નરેશભાઈ પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે મંત્રી નરેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળું વાતાવરણ ઊભું કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક ઉર્વશી પ્રજાપતિ, તાલુકા પંચાયત પ્રમુખ હંસાબેન પટેલ, હેતલબેન, શનિદેવ મંદિરના ટ્રસ્ટીઓ, ગ્રામજનો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

સામાજિક વનીકરણ વિભાગની આ પહેલથી ભૈરવી ગામમાં સામૂહિક ઉપયોગ માટેની સુવિધામાં વધારો થવાની સાથે પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ અને સ્વચ્છતા અંગે લોકજાગૃતિને પણ પ્રોત્સાહન મળશે.

# વઘઈ કોલેજમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ વર્કશોપ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૬ :** ડાંગ જિલ્લાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વઘઈ ખાતે આચાર્ય ડૉ. જે. એમ. ભોયાના માર્ગદર્શન હેઠળ તા. ૧૪/૧૦/૨૦૨૬ના રોજ મહિલા સુરક્ષા, બાળ અધિકારો, કાયદાકીય જોગવાઈઓ અને સાયબર ક્રાઈમ જાગૃતિ વિષયક એકદિવસીય વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન સપ્તધારા, મહિલા વિકાસ સેલ અને જાતીય સતામણી પ્રિવેન્શન સેલના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું,

જેનું સંચાલન ડૉ. પ્રીતિબેન પટેલે કર્યું હતું.

કાર્યક્રમમાં મહિલા અને બાળ અધિકારી કચેરી-આહવા તરફથી વિજયભાઈ ગામીતે 'બેટી બચાવો, બેટી પઢાવો', 'વ્હાલી દીકરી' તથા ગંગા સ્વરૂપા સહાય યોજના વિશે માર્ગદર્શન આપ્યું હતું.

બાળ સુરક્ષા વિભાગના નિકોલસભાઈ અને જયરામભાઈએ ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮, પોક્સો (POCSO) એક્ટ, બાળલગ્ન પ્રતિબંધક કાયદો તથા પાલક માતા-પિતા યોજના અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

સખી વન સ્ટોપ સેન્ટરના રેખાબેન પટેલે મહિલાઓ સામે થતી હિંસા, જાતીય ગુનાઓ સામે કાયદાકીય રક્ષણ અને ૧૮૧ અભયમ તથા ૧૧૨ હેલ્પલાઈનની કામગીરી સમજાવી હતી.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૨૦-૧૦-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** આસો સુદ, દશમ, **સૂર્યોદય :** ૦૬ : ૪૨ **સૂર્યાસ્ત** ૦૬ : ૦૭, **ચંદ્રોદય** - ૦૧:૫૧ **ચંદ્રાસ્ત** - ૧૨:૫૮ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - ઉત્તરઅષાઢા

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે કાર્યક્ષેત્રમાં નવી તક મળી શકે.મહેનતનું સારું પરિણામ મળવાની શક્યતા છે.નાણાકીય બાબતમાં સમજદારીથી નિર્ણય લેવો. પરિવારનો સહયોગ મનોબળ વધારશે.

**વૃષભ (બ, વ, ઉ) :** વ્યવસાયમાં લાભની શક્યતા છે.અટકેલા કામોમાં પ્રગતિ થઈ શકે છે.ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી રહેશે. સંબંધોમાં મધુરતા જળવાઈ રહેશે.

**મિથુન (ક, ઘ, ચ) :** કામકાજમાં વ્યસ્તતા વધશે.આયોજનપૂર્વક કામ કરવાથી સફળતા મળશે.નવી જવાબદારી મળી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી.

**કર્ક (ડ, હ) :** અટકેલા કાર્યો પૂર્ણ થવાની શક્યતા છે.કાર્યક્ષેત્રમાં સારા સમાચાર મળી શકે. પરિવાર સાથે આનંદભર્યો સમય પસાર થશે. નાણાંની લેવડદેવડમાં સાવચેતી રાખવી.

**સિંહ (મ, ટ) :** કાર્યક્ષેત્રમાં તમારી પ્રતિષ્ઠા વધશે.મહેનતથી નવી સિદ્ધિ મેળવી શકશો.ગુસ્સા પર નિયંત્રણ રાખવાથી લાભ થશે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે.

**કન્યા (પ, ઠ, ણ) :** વ્યવસાયમાં નવી તકો મળી શકે છે. સહકર્મીઓનો સહયોગ મળશે. આર્થિક સ્થિતિમાં સુધારો થવાની શક્યતા છે. નવા કાર્યની શરૂઆત માટે દિવસ સારો છે.

**તુલા (ર, ત) :** નોકરી-વ્યવસાયમાં પ્રગતિના સંકેત છે. તમારી આવડતની પ્રશંસા થઈ શકે છે. આવકના નવા સ્ત્રોત ઊભા થઈ શકે. પરિવાર સાથે સારો સમય પસાર થશે.

**વૃશ્ચિક (ન, ય) :** અટકેલા કાર્યો પૂર્ણ થવાની શક્યતા છે.કાર્યક્ષેત્રમાં સારા સમાચાર મળી શકે. પરિવાર સાથે આનંદભર્યો સમય પસાર થશે. નાણાંની લેવડદેવડમાં સાવચેતી રાખવી.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** લાંબા સમયથી અટકેલું કામ પૂર્ણ થશે. કાર્યક્ષેત્રમાં સકારાત્મક સમાચાર મળશે.આર્થિક સ્થિતિ મજબૂત બની શકે છે. વડીલોની સલાહ તમારા માટે ઉપયોગી રહેશે.

**મકર (ખ, જ) :** વી યોજના પર કામ શરૂ કરી શકો છો.કાર્યક્ષેત્રમાં સફળતા મળવાની શક્યતા છે.નાણાકીય લાભ થઈ શકે છે. મહત્વના નિર્ણયમાં ઉતાવળ ન કરવી.

**કુંભ (ગ, સ, શ, ષ) :** કાર્યક્ષેત્રમાં સહકર્મીઓનો સહયોગ મળશે.નાણાકીય બાબતમાં સારો દિવસ રહેશે. પરિવારમાં ખુશીનું વાતાવરણ જળવાશે. મનને શાંતિ મળે તેવા કાર્યમાં સમય આપવો.

**મીન (દ, ચ, થ, ઝ) :** સમયનો યોગ્ય ઉપયોગ કરવો લાભદાયક રહેશે. કારકિર્દીમાં નવી તક મળી શકે છે. વ્યવસાયમાં મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો.

# દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | 3 | | | | | 2 |
| 8 | | 4 | | | | 3 | | 5 |
| | 6 | | 4 | | 9 | | 8 | |
| 1 | | | | 6 | | | | 3 |
| | | | 8 | | 1 | | | |
| 5 | | | | 4 | | | | 9 |
| | 7 | | 6 | | 3 | | 2 | |
| 3 | | 5 | | | | 9 | | 4 |
| 6 | | | | 8 | | | | 7 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 2 | 7 | 8 | 3 | 6 | 1 | 9 |
| 9 | 3 | 1 | 6 | 4 | 2 | 5 | 7 | 8 |
| 6 | 7 | 8 | 5 | 9 | 1 | 4 | 2 | 3 |
| 5 | 2 | 4 | 9 | 1 | 7 | 3 | 8 | 6 |
| 1 | 8 | 3 | 4 | 5 | 6 | 7 | 9 | 2 |
| 7 | 6 | 9 | 2 | 3 | 8 | 1 | 5 | 4 |
| 3 | 1 | 7 | 8 | 2 | 4 | 9 | 6 | 5 |
| 2 | 4 | 5 | 1 | 6 | 9 | 8 | 3 | 7 |
| 8 | 9 | 6 | 3 | 7 | 5 | 2 | 4 | 1 |

# સ્થાનિક સમાચારો

• વલસાડ • પારડી • ધરમપુર • કપરાડા •વાપી • ઉમરગામ •દમણ • સેલવાસ

Tuesday 20, October 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


## રાજપુરીતલાટમાં બાગાયત ખાતા દ્વારા ઓઈલપામ પ્લાન્ટેશન મેગા ડ્રાઈવ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ)

**ધરમપુર, તા. ૧૯ :** ખેડૂતોની સમૃધ્ધિ તરફ એક પગલા તરીકે હવે ઓઈલ પામની ખેતી ગણાય રહી છે. ત્યારે આ ખેતીનો વ્યાપ વધે અને ખેડૂતોની આવકમાં વૃધ્ધિ થાય તે માટે રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા પણ ઓઈલ પામની ખેતીને મહત્વ આપવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે શુક્રવારે ધરમપુરના રાજપુરી તલાટ ગામે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ઓઈલ પામ પ્લાન્ટેશન મેગા ડ્રાઈવ અને ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ખેડૂતોને સંબોધી જણાવ્યું કે, હાલની સ્થિતિએ ભારત અને અન્ય દેશોમાં ઓઈલ પામના ફળમાંથી મળતા ખાદ્ય તેલ (પામ ઓઈલ)નો ઉપયોગ ખાદ્ય વાનગીથી લઈ કોસ્મેટીક ક્ષેત્રે વધી રહ્યો છે. જેને લઈ બજારમાં પામ ઓઈલની વધતી જતી માંગને કારણે વધુ ભારતીય હુંડિયામણનો ખર્ચ કરી વિદેશમાંથી પામ ઓઈલ આયાત કરવું પડે છે. આથી, ભારત સરકાર દ્વારા પામ ઓઈલનું સ્થાનિક બજારમાં ઉત્પાદન વધે અને આયાત ઘટે તે હેતુથી હાલમાં સરકાર તેનો વ્યાપ વધારવા માટે પ્રોત્સાહન આપી રહી છે. જેના ભાગરૂપે આ ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

નાયબ બાગાયત નિયામક એન.એન પટેલ દ્વારા ઓઈલ પામની યોજનાકીય માહિતી આપવામાં આવી હતી. જેમાં સરકાર દ્વારા નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ યોજના અંતર્ગત ઓઈલ પામ વાવેતર, ઓઈલ પામ સાથે આંતર પાક, સાધન-મશીનરી માટે સહાય યોજનાની જાણકારી આપી હતી. આ સાથે વલસાડ જિલ્લામાં બાગાયત વિભાગ અને ગોદરેજ કંપની દ્વારા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે એવુ વધુમાં જણાવ્યું હતું. ગોદરેજ કંપનીના સ્ટેટ હેડ અમીત રામોલીયા દ્વારા ઓઈલપામના ઈકોનોમિક્સ વિષે માહિતી આપવામાં આવી હતી.

આછવણી ગામના પ્રગતિશીલ ખેડૂત મહેશભાઈ પટેલ દ્વારા તેમના સ્વઅનુભવથી ઓઈલ પામની સફળ ખેતી વિષે જમીન અને હવામાનની યોગ્યતા, રોપણી પસંદગી, સિંચાઈ અને ખાતર વ્યવસ્થા, જંતુનાશક અને રોગ નિયંત્રણ અને ઉત્પાદન વધારવાની આધુનિક પધ્ધતિ સહિતની માહિતી આપી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ- બહેનોએ ભાગ લીધો હતો.

## સલવાવની ઘનશ્યામ વિદ્યામંદિરમાં હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની કાળજી લેવાના ઉમદા હેતુથી શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં વિશેષ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પરિસરમાં યોજાયેલા આ કેમ્પમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કેમ્પનું સંચાલન શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરની તબીબી ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના ડોક્ટરો અને સ્ટાફ દ્વારા ધોરણ ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓનું સામાન્ય આરોગ્ય ચેકઅપ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની શારીરિક સ્થિતિ, વિકાસ અને તંદુરસ્તી અંગે તપાસ કરી જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન શિસ્ત અને સુવ્યવસ્થા જળવાઈ રહે તે માટે શાળાના શિક્ષકો અને સ્ટાફે પણ સક્રિય સહયોગ આપ્યો હતો. વિદ્યાર્થીઓને વર્ગ મુજબ ક્રમબદ્ધ રીતે તપાસ માટે લાવવામાં આવ્યા હતા, જેથી સમગ્ર કાર્યક્રમ સરળતાથી પાર પડ્યો હતો.

હોસ્પિટલના કર્મચારીઓએ સેવાભાવ અને નિષ્ઠાપૂર્વક જે કામગીરી કરી, તેને બિરદાવતાં શાળાના આચાર્ય ચંદ્રવદન પટેલે સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આમ, શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં યોજાયેલો આ હેલ્થ ચેકઅપ કેમ્પ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય માટે લાભદાયી અને સફળ રહ્યો હતો.

## દાનહમાં વિવિધ વિકાસકાર્યોનું પ્રશાસકે નિરીક્ષણ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૯ :** દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલે ત્રીજા દિવસે દાદરા અને નગર હવેલી જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યો, જાહેર સુવિધાઓ અને માળખાગત સુવિધાઓનું નિરીક્ષણ કરવા માટે વિવિધ મહત્વપૂર્ણ સ્થળોની મુલાકાત લીધી.

પ્રશાસકે દૂધની ઉચ્ચતર માધ્યમિક શાળા, દૂધની પોલીસ સ્ટેશન, દૂધની દુકાન, દૂધની રીટેનિંગ વોલ, સબ-જિલ્લા હોસ્પિટલ ખાનવેલ, ખડોલી જંકશન, સાતમાલિયા પ્રવેશદ્વાર, વસોના-પાટી રોડ (ODR-9), અને આયુષ હોસ્પિટલ પાટીનું નિરીક્ષણ કર્યું.

ત્રણ દિવસના નિરીક્ષણ પ્રવાસ દરમિયાન, પ્રશાસકે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વિકાસ કાર્યો અને જાહેર સુવિધાઓનો અભ્યાસ કર્યો અને સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યો કે તમામ વિકાસ કાર્યો નિર્ધારિત સમયમર્યાદામાં ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવામાં આવે અને સામાન્ય નાગરિકોને વધુ સારી અને સરળ સુવિધાઓ પૂરી પાડવા માટે પ્રાથમિકતાના ધોરણે જરૂરી પગલાં લેવામાં આવે.



વાપીના સલવાવ-મૂળગામ-અંબાચ રોડ પર કોલક નદી ઉપર રૂ.૧૫.૨૧ કરોડના ખર્ચે નિર્મિત મેજર બ્રિજનું લોકાર્પણ કર્યું. આ બ્રિજથી અંદાજે ૩૫ હજાર નાગરિકોને સીધો લાભ મળશે. વાપીથી અંબાચ વચ્ચેનું અંતર ૧૮ કિમીથી ઘટીને આશરે ૫ કિમી થતાં અવરજવર વધુ સરળ બનશે. સાથે જ ગ્રામજનોને સ્ટેટ હોસ્પિટલ સુધી પહોંચવામાં સુવિધા મળશે અને દમણ સાથેની કનેક્ટિવિટી પણ વધુ મજબૂત બનશે.

## ભીલાડમાં અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને ઈ-શ્રમ કાર્ડ બનાવવાની તથા ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની વિવિધ યોજનાઓની જન જાગૃતિના પ્રચાર પ્રસાર અર્થે ભીલાડ ગ્રામ પંચાયત કચેરીના હોલમાં જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચેરીના મદદનીશ સરકારી શ્રમ અધિકારી કે.આર. અલગોતર તથા કેન્દ્ર સંચાલક એમ.જે. ગોહિલ હાજર રહ્યા હતાં.

આ કાર્યક્રમમાં અસંગઠિત શ્રમયોગીઓને ઈ-શ્રમ કાર્ડના લાભો તથા ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની યોજનાઓ જેવી કે, અંત્યેષ્ઠિ સહાય યોજના અને ગુજરાત જુથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ મહત્તમ લોકો લાભ લે તે માટે તેઓને માહિતગાર કરવામાં આવ્યા હતાં તથા જરૂરી આધાર પુરાવાની જાણકારી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઈ-શ્રમ કાર્ડની નોંધણી કરાવવા અંગેના પેમ્પ્લેટ તથા બોર્ડની યોજનાઓને લગતા પેમ્પ્લેટ હાજર રહેલા દરેક અસંગઠિત શ્રમયોગીઓને વિતરણ કરવામાં આવ્યા હતાં તથા સ્થળ ઉપર જ અસંગઠિત શ્રમયોગીઓને ઈ-શ્રમ કાર્ડ બનાવી આપવામાં આવ્યા હતાં. વધુમાં તેમને જણાવવામાં આવ્યું હતુ કે, જે કોઈપણ અસંગઠિત શ્રમયોગી આ યોજનાઓનો લાભ લેવા માંગતા હોય તેઓએ મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, ઉમરગામ અને ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળના કેન્દ્ર સંચાલક, CSC સેન્ટર કે સ્ન્ચ ની કક્ષાએથી તે અંગે જરૂરી માહિતી મેળવી શકે છે. આ સિવાય સન્માન પોર્ટલ પર ઓનલાઈન અરજી પણ કરી શકે છે તે અંગે તેમને માહિતગાર કરવામાં આવ્યા હતાં.

## વલસાડની દોલત-ઉષા ઈન્ટયુ.ના પ્રો. ભાવિકા ટંડેલ પીએચ.ડી. થયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** દોલત-ઉષા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ-સરલા ઈન્સ્ટિટ્યૂ ટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડ કોલેજમા માઈક્રોબાયોલોજી વિભાગના પ્રો.ભાવિકા હરીશભાઈ ટંડેલ એ રજૂ કરેલ મહાશોધ "A Study on Purification, Characterization, Optimization and Evaluation of different applications of chitosan extracted from fungi" વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયએ માન્ય રાખી તેમને સાયન્સ (વિજ્ઞાન), બાયોસાયન્સ (Microbiology)ના વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે તેમને પીએચ.ડી.નું કાર્ય વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પરિસરના બાયોટેક્નોલોજી વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. પ્રીતિ શર્માના માર્ગદર્શન હેઠળ કર્યુ છે. આ સિધ્ધી બદલ કોલેજના આચાર્ય ડો.સ્નેહલ કે. જોશી, ડૉ. હેતલ પંચાલ (માઈક્રોબાયોલોજી વિભાગીય વડા ) અને સ્ટાફે પ્રો.ભાવિકા હરીશભાઈ ટંડેલ ને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.



## બાબરખડક પ્રા. શાળા ખેલ મહાકુંભમાં ઝળકી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૯ :** ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત નાનાપોંઢા તાલુકા કક્ષાની રમતગમત સ્પર્ધાઓમાં બાબરખડક પ્રાથમિક શાળાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના ખેલાડીઓએ વ્યક્તિગત સ્પર્ધાઓમાં કુલ ૬ પ્રથમ, ૯ દ્વિતીય અને ૩ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

આ ઉપરાંત, અંડર-૧૪ બહેનોની કબડ્ડી ટીમે ચેમ્પિયન બની પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો, જ્યારે ખો-ખોની બહેનોની ટીમે તાલુકા કક્ષાએ દ્વિતીય ક્રમાંક મેળવી શાળાની સફળતામાં વધુ એક યશકલગી ઉમેરેલી છે. વ્યક્તિગત સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમાંક મેળવનાર ખેલાડીઓમાં અલ્સીફા (૧૦૦ અને ૨૦૦ મીટર દોડ), મહિમા (૪૦૦ મીટર દોડ), પ્રિન્સ (૬૦૦ મીટર દોડ), સંજના (ઊંચી કૂદ) અને તન્વી (સ્ટેન્ડિંગ જમ્પ)નો સમાવેશ થાય છે.

દ્વિતીય ક્રમાંકમાં માહી (ચક્ર ફેંક), મહિમા (૧૦૦ મીટર દોડ), અંશ (૪૦૦ મીટર દોડ અને ઊંચી કૂદ), અયાન (૨૦૦ મીટર દોડ), તન્વી (૩૦ મીટર દોડ), ખુશી અને અબ્દુલ્લાહ (૫૦ મીટર દોડ) તથા ધુનીત (સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ)એ સફળતા મેળવી છે. તૃતીય ક્રમાંકમાં અયાન (૧૦૦ મીટર દોડ), વૈભવી (લાંબી કૂદ) અને ક્રિશા ગાંગડ (૬૦૦ મીટર દોડ)એ સ્થાન મેળવ્યું છે.

આ સફળતા બદલ શાળાના આચાર્ય, શિક્ષકગણ અને સમગ્ર શાળા પરિવારે તમામ વિજેતા ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યાં છે. ખેલાડીઓને રમતગમત માર્ગદર્શક ગણેશભાઈ એલ. જાદવનું માર્ગદર્શન -ાપ્ત થયું હતું.

## જિલ્લાના ખેડૂતો માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાયું

વલસાડ, તા. ૧૯ : વલસાડ જિલ્લાના ખેડૂતોને AGR-૨(સામાન્ય ખેડૂતો), AGR-૩(અનુસૂચિત જનજાતિ ખેડૂતો) અને AGR-૪(અનુસૂચિત જાતિ ખેડૂતો) યોજનાઓ હેઠળ તાડપત્રી, પાક સંરક્ષણ સાધનો, પંપસેટ, વોટર કેરીંગ પાઈપલાઈન વગેરે ઘટક તથા વનબંધુ ટ્રેકટર અને AGR-૫૦ (ટ્રેકટર સહાય યોજના), યોજના અંતર્ગત ખેડૂતો માટે આઈ ખેડૂત પોર્ટલ તા.૩૧/૧૦/૨૦૨૬ સુધી ઓનલાઈન અરજીઓ કરવા માટે પુનઁખુલ્લું મુકવામાં આવ્યુ છે, જે ધ્યાને લઈ જિલ્લાના જે ખેડૂતો લાભ મેળવવા માંગતા હોય તેવા ખેડૂત મિત્રોને અરજી કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## બિલપુડીના કૃષિ પરિસંવાદમાં ૯૦૦થી વધુ ખેડૂતોએ ભાગ લીધો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૯ :** ખેડૂતોમાં પ્રકૃતિક ખેતી અંગે જાગૃતિ વધારવા, પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓનો વ્યાપ વધારવા તથા ટકાઉ કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી ધરમપુર તાલુકાના બિલપુડી ગામે સ્થિત વન સેવા મહાવિદ્યાલય ખાતે શુક્રવારે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદક્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૯૦૦થી વધુ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, પ્રાંત અધિકારી ડો. રિતિમા આઈમા, સંયુક્ત ખેતી નિયામક કે.વી.પટેલ, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ATMA પ્રોજેક્ટ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ (GPKVB) તથા ખેતીવાડી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

પરિસંવાદ દરમિયાન પ્રાકૃતિક ખેતીની વર્તમાન સમયમાં વધતી જતી આવશ્યકતા, તેના સિદ્ધાંતો, મહત્વ અને ખેતીમાં તેના વ્યવહારુ અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખેડૂતોને રાસાયણિક ખાતર અને જંતુનાશકો પરની નિર્ભરતા ઘટાડવા, જમીનની કુદરતી ફળદ્રુપતા જાળવવા, જમીનમાં સૂક્ષ્મજીવોની સક્રિયતા વધારવા તથા પર્યાવરણનું સંરક્ષણ કરવા માટે પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ અપનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પરિસંવાદમાં ખેડૂતોને ખેતીને માત્ર ઉત્પાદન પૂરતી મર્યાદિત ન રાખતાં જમીન, પાણી, પર્યાવરણ અને પશુધનના સંરક્ષણ સાથે જોડાયેલી એક સંકલિત પદ્ધતિ તરીકે અપનાવવા અંગે પ્રેરણા આપવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ગુણવત્તા જાળવવી, ખેતીના ખર્ચનું યોગ્ય વ્યવસ્થાપન કરવું તથા કૃષિ ઉત્પાદનોની ગુણવત્તા સુધારવા માટે ખેડૂતોની સક્રિય ભાગીદારી જરૂરી હોવાનું પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે વૈજ્ઞાનિક અને વ્યવહારુ માહિતી પૂરી પાડવાનો, ખેતીની પરંપરાગત સમજને આધુનિક કૃષિ માર્ગદર્શન સાથે જોડવાનો તથા વધુમાં વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રેરિત કરવાનો હતો.



### સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા આયોજિત

## વાપીના નવરાત્રી મહોત્સવમાં નાણાં મંત્રીએ આરતીનો લાભ લીધો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** નવરાત્રીના પાવન અવસરે વાપી ખાતે વસતા સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા ભવ્ય ગરબા મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ દરમિયાન શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આદ્યશક્તિ માતાજીની ભવ્ય આરતી તથા પૂજા-અર્ચનાનો દિવ્ય લાભ લીધો હતો.જેમાં રાજ્યના નાણા અને કેબિનેટ કક્ષાના મંત્રી કનુભાઈ દેસાઈએ માતાજીની આરતી ઉતારી હતી. તેઓનું સૌરાષ્ટ્ર લેવા પટેલ સમાજ વાપીના અગ્રણીઓ નાનુભાઈ બમરોલીયા સહિત આગેવાનોએ સાલ ઓઢાડી, પુષ્પગુછ આપી સન્માન કર્યું હતું.

આ મંગલમય અને પવિત્ર પ્રસંગે સમાજના આદરણીય ટ્રસ્ટીગણ, સમિતિના સભ્યો, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોએ એકસાથે મળીને ભક્તિભાવપૂર્વક ગરબે ઘૂમી રહેલા ખેલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર પંડાલ મા અંબેના જયઘોષ સાથે ગુંજી ઉઠ્યો હતો.

## વલસાડની 'આત્મવિશ્વાસ વિદ્યાલય' માનસિક રોગીઓ માટે આશાનું નવું કિરણ બની

### ૨૦૦૬ થી માનસિક સ્વાસ્થ્ય ક્ષેત્રે સેવાનું ઉત્તમ ઉદાહરણ : દવાઓ, સાયકોથેરાપી અને પારિવારિક વાતાવરણના સમન્વયથી દર્દીઓ ફરીથી હસતા અને જીવતા શીખે છે



(સલોની પટેલ દ્વારા)

**વલસાડ, તા. ૧૯ :** ૧૦મી ઓક્ટોબર એટલે કે વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ. આજના આધુનિક અને તણાવગ્રસ્ત જીવનમાં માનસિક બીમારીઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે. તેમ છતાં, આપણા સમાજમાં હજુ પણ માનસિક સ્વાસ્થ્યને લઈને જાદુ-ટોણા અને અંધશ્રદ્ધા જેવી અનેક ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. આવા કપરા સમયે વલસાડ ખાતે આવેલી આત્મવિશ્વાસ વિદ્યાલય (ખ્સ્સ) ગંભીર માનસિક બીમારીઓ સામે ઝઝૂમી રહેલા લોકો માટે એક આદર્શ આશ્રયસ્થાન તરીકે ઉભરી આવી છે. વર્ષ ૨૦૦૬થી અવિરત સેવા સેવાઓ આપતી આ સંસ્થા વાંકી નદીના શાંત અને પ્રાકૃતિક કિનારે આવેલી છે. વલસાડ અબ્રામાનાં જમાઈ બિપિન મલિયાએ પોતાની પુત્રીની માનસિક બીમારી અને બેંગલુરુ ખાતે ફાધર હેન્ક નન દ્વારા સંચાલિત થેરાપ્યુટિક પ્રોગ્રામમાંથી પ્રેરણા મેળવીને વલસાડના અબ્રામા વિસ્તારમાં આ થેરાપ્યુટિક કમ્યુનિટી સંસ્થાની સ્થાપના કરી હતી.ડિપ્રેશન, સ્કિઝોફ્રેનિયા, બાયપોલર ડિસઓર્ડર અને OCD (ઓબ્સેસિવ કમ્પલ્સિવ ડિસઓર્ડર) જેવી ગંભીર બીમારીઓ માટે નિષ્ણાત સારવાર પૂરી પાડવામાં આવે છે. દર્દીઓની તપાસ બાદ મનોચિકિત્સકો દ્વારા દવાઓ સાથે કોગ્નિટિવ બિહેવિયરલ થેરાપી (CBT), આર્ટ અને મ્યુઝિક થેરાપી, યોગ, ધ્યાન, રમતગમત અને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે. દર્દીઓને નજીવા દરે, જરૂરિયાતમંદો દર્દીઓને ફી માં રાહત તેમજ અત્યંત નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા દર્દીઓને વિનામુલ્યે સારવાર આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે.





સંસ્થાની શરૂઆતથી તેની સાથે જોડાયેલા એમ.ડી. સાઈકિયાટ્રિસ્ટ ડૉ. મહેશ પરીખ, માનસિક બીમારીને ખૂબ જ સરળ ભાષામાં ત્રણ ભાગમાં વહેંચે છે. ડિસ્ટર્બન્સ, ડિસઓર્ડર અને ડિસીઝ (બીમારી).

તેઓ સમજાવે છે કે, રોજબરોજના જીવનમાં આપણે જે નાની-મોટી વાતોથી પરેશાન થઈએ છીએ તે ડિસ્ટર્બન્સ છે, જેને આપણે સામાન્ય ગણીને અવગણીએ છીએ. પરંતુ જ્યારે આ ડિસ્ટર્બન્સ સતત રહે છે, ત્યારે તે ડિસઓર્ડર બને છે. એક સુંદર ઉદાહરણ આપતા તેઓ કહે છે કે, 'જો કાચ પર પથ્થર મારીએ તો તે તૂટી જાય છે, પણ દીવાલ પર મારીએ તો નથી તૂટતી. અહીં વાંક પથ્થરનો નથી, પણ કાચની નબળાઈનો છે. તેવી જ રીતે, મનની નબળાઈના કારણે વ્યક્તિ ભાંગી પડે છે. આ નબળાઈને સાયકોથેરાપી (મનોચિકિત્સા) દ્વારા દૂર કરી મનને સ્વસ્થ બનાવવામાં આવે છે. જ્યારે ત્રીજા તબક્કામાં નસોમાં કેમિકલના અસંતુલન (ડિસીઝ)ને કારણે થતી સમસ્યાઓ માટે દવાઓ અનિવાર્ય બને છે.

દર્દીઓની જરૂરિયાતોને પહોંચી વળવા સંસ્થામાં ૪૮ પથારીઓની અદ્યતન સુવિધા છે. અહીં ઝડપી સ્વસ્થતા માટે ૩થી ૧૮ મહિના સુધીનું શોર્ટ-સ્ટે હોમ અને સતત સારવારની જરૂરિયાતવાળા દર્દીઓ માટે લોંગ-સ્ટે હોમ એમ બે પ્રકારની નિવાસી વ્યવસ્થા છે. માત્ર સંસ્થા પૂરતું સીમિત ન રહેતા, AVV દ્વારા વલસાડ અને તેની આસપાસના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં ખાસ આઉટરીચ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. સ્વયંસેવકો ત્યાં જઈને માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવા અને પ્રાથમિક સારવાર પૂરી પાડવાનું ભગીરથ કાર્ય કરે છે. ડૉ. પરીખ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે સમાજને સંદેશ આપતા કહે છે કે, સૌથી મોટી જરૂરિયાત છે જાગૃત થવાની અને બીમારી વિશે જાણકારી મેળવવાની. જો લોકો અવેર થશે અને ઉપલબ્ધ સારવારનો યોગ્ય ઉપયોગ કરશે, તો માનસિક સ્વસ્થતા ચોક્કસ મેળવી શકાશે. પ્રકૃતિના ખોળામાં શાંત વાતાવરણ વચ્ચે આત્મવિશ્વાસ વિદ્યાલય ખરા અર્થમાં માનસિક રોગીઓ માટે નવજીવનનો પર્યાય બની ગઈ છે.

### પારિવારિક વાતાવરણ અને સારવારે સવિતા અગ્રવાલના જીવનમાં ભર્યું સ્મિત

સુરતના રહેવાસી સવિતા અગ્રવાલ ૨૦૨૪થી આ સંસ્થામાં છે. તેઓ પોતાના અનુભવ વિશે જણાવે છે કે, મારી માનસિક સ્થિતિ ખૂબ ખરાબ હતી. મને ખૂબ ગુસ્સો આવતો, હું હાઈપર થઈ જતી અને આત્મહત્યાના પ્રયાસો પણ કરતી. ગુજરાતમાં અનેક જગ્યાઓ જોયા બાદ તેમના પિતાએ વલસાડની આ સંસ્થા પસંદ કરી. સવિતા બહેન ખુશીથી કહે છે કે, અહીંનું વાતાવરણ એકદમ પારિવારિક છે. મને હસતા નહોતું આવડતું, પણ અહીંના પારિવારિક વાતાવરણ, સારવાર, સ્ટાફ અને વિવિધ રમતોએ મને હસતા શીખવ્યું. અહીં આવનાર કોઈપણ એબનોર્મલ વ્યક્તિ નોર્મલ થઈ જાય છે.

### ગૃપ સેશન અને ક્રિયાઓથી મારામાં ઘણો સુધારો આવ્યો છે - દર્દી નિહાર ઝવેરી

મુંબઈના નિહાર ઝવેરી, જેઓ વ્યવસાયે પ્રોફેશનલ વકીલ છે. તેઓ સ્કિઝોફ્રેનિયાથી પીડિત હતા અને છેલ્લા અઢી વર્ષથી આત્મવિશ્વાસ વિદ્યાલયમાં સારવાર લઈ રહ્યા છે. તેઓ કહે છે કે, અહીં સવારે ૯થી રાત્રે ૮ વાગ્યા સુધી સતત થેરાપી અને એક્ટિવિટીઝ ચાલે છે. મેન્ટર્સ દ્વારા કરાવવામાં આવતા ગૃપ સેશન અને ક્રિયાઓથી મારામાં ઘણો સુધારો આવ્યો છે અને હવે હું ઘરે જવાની તૈયારીમા છું.

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત

# ૫ રાઉન્ડ ફાયરિંગ બાદ ટાઈગર શ્રોફની પ્રથમ તસવીર સામે આવી



## ફાયરિંગની ઘટનામાં ટાઈગરના ડ્રાઈવર ફિરદૌસ અને એક ઓટોચાલક પણ ઈજાગ્રસ્ત થયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૯ :** મહારાષ્ટ્રની આર્થિક રાજધાની મુંબઈના જુહુ વિસ્તારમાં બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર અજાણ્યા હુમલાખોરો દ્વારા ભીષણ ફાયરિંગ કરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. અભિનેતાની વૈભવી કાર પર કુલ ૫ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ટાઈગર શ્રોફના જમણા હાથ ગનપાઉડરથી દાઝવાના નિશાન સામે આવ્યા છે, જો કે સદભાગ્યે તેને સીધી ગોળી વાગી નથી. આ ફાયરિંગની ઘટનામાં ટાઈગરના ડ્રાઈવર ફિરદૌસ અને એક ઓટોચાલક ઈજાગ્રસ્ત થયા છે.પ્રત્યક્ષદર્શીઓ અને વાયરલ વીડિયોના આધારે મળેલી માહિતી મુજબ, ફાયરિંગ સમયે ટાઈગર શ્રોફ ડ્રાઈવરની બાજુની આગળની સીટ પર બેઠા હતા. ડ્રાઈવરને ઈજા થતાં ટાઈગરે પોતે ગાડીનું સ્ટિયરિંગ સંભાળ્યું હતું અને તેમને હોસ્પિટલ લઈ ગયા હતા. આ હુમલામાં ટાઈગરના ડ્રાઈવર અને એક ઓટોચાલકને ઈજા પહોંચી છે. ઘટનાની જાણ થતાં જ મુંબઈ પોલીસ તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી અને મામલાની ગંભીરતાથી તપાસ શરૂ કરી દીધી છે. પોલીસે આ કેસમાં પૂછપરછ માટે એક વ્યક્તિને કસ્ટડીમાં પણ લીધો છે.ઘટનાની ગંભીરતા જોતા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે મોડી રાત્રે ટાઈગર શ્રોફના ઘરે પહોંચ્યા હતા અને તેમની તથા તેમના પરિવાર સાથે મુલાકાત કરી હતી. અભિનેતા સાથેની મુલાકાત બાદ શિંદેએ મીડિયાને જણાવ્યું કે ટાઈગરના જમણા હાથ પર ગનપાઉડરથી દાઝી જવાના નિશાન છે. અભિનેતા અને તેમનો પરિવાર આ ઘટનાથી ચિંતિત છે, કારણ કે તેમની કોઈની સાથે કોઈ દુશ્મનાવટ કે વિવાદ નથી.એકનાથ શિંદેએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, મુંબઈમાં ૧૯૯૦ના દાયકાના ગેંગવોરને ફરીથી પાછું નહીં આવવા દઈએ. મુંબઈમાં કોઈને પણ ડરાવવા, ધમકાવવા કે ગુંડાગીરી કરવાની છૂટ આપવામાં આવશે નહીં અને દોષિતોને કોઈપણ ભોગે બક્ષવામાં નહીં આવે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ પોલીસ કમિશનર દેવેન ભારતી સાથે વાતચીત કરીને તપાસ ઝડપી બનાવવાનો આદેશ આપ્યો છે.

# AI દુરુપયોગ સામે અભિનેત્રી ક્રિતિ સેનન હાઈકોર્ટ પહોંચી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૯ :** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સેલિબ્રિટીઓના ચહેરા અને ઓળખના દુરુપયોગના વધતા કિસ્સાઓ વચ્ચે અભિનેત્રી ક્રિતિ સેનને દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. તેણે પોતાનાં નામ, તસવીર અને દેખાવના અનધિકૃત ઉપયોગ સામે વ્યક્તિત્વનાં અધિકારોનું રક્ષણ માગ્યું છે.જસ્ટિસ પુરુષૈન્દ્ર કુમાર કૌરવની બેન્ચે ક્રિતિનાં વકીલને આ મુદ્દે સંબંધિત ચુકાદા અને સંશોધનપત્રો રજુ કરવા જણાવ્યું છે. કેસની આગામી સુનાવણી ૨૯ ઓક્ટોબરે થશે.બીજી તરફ, અભિનેત્રી નેહા શર્માએ એક્સ પર પોસ્ટ કરીને તેની સંમતિ વિના ચહેરાનો ઉપયોગ કરીને છૈં વીડિયો કે તસવીરો બનાવનારાઓને ચેતવણી આપી છે. તેણે આવી સામગ્રી તાત્કાલિક હટાવવા અને દોષિતો સામે કાનુની કાર્યવાહી કરવાની વાત કરી છે. નકલી એકાઉન્ટ કે છૈં પાછળ છુપાઈને જવાબદારીથી બચી શકાશે નહીં, તેમ તેણે સ્પષ્ટ કહ્યું છે.અક્ષય કુમાર, અનિલ કપૂર, વરુણ ધવન, શિલ્પા શેટ્ટી, પ્રીતિ ઝિન્ટા અને અન્ય કલાકારોએ પણ પોતાની ઓળખના અનધિકૃત ઉપયોગ સામે કાનુની રક્ષણ માગ્યું છે.

# ઝાંસી કોર્ટે રાખી સાવંત વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યુ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૯ :** રાખી સાવંત વિરુદ્ધ ૧૬ વર્ષ જૂનો કેસ ફરીથી ખોલવામાં આવ્યો છે. ૨૦૧૦માં, તેના પર આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. હવે, ઝાંસીની એક કોર્ટે આ કેસમાં રાખી વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યુ છે.રાખી સાવંત તેના સ્પષ્ટવક્તા અંદાજ માટે જાણીતી છે. જોકે, આ અંદાજ તેને ઘણીવાર વિવાદોમાં લઈ જાય છે. તે ફરી એકવાર કાનૂની મુશ્કેલીમાં ફસાયેલી દેખાય છે. આ વખતે, ૧૬ વર્ષ જૂનો વિવાદ ફરી ઉભરી આવ્યો છે, અને કોર્ટે તેની સામે કાર્યવાહી કરી છે. ૨૦૧૦નો એક લોકપ્રિય રિયાલિટી શો અને તેને લગતો આત્મહત્યાનો કેસ હવે રાખી સાવંત પર ભારે પડી રહ્યો હોય તેવું લાગે છે. ઝાંસીની એક કોર્ટે આ જૂના કેસમાં રાખી સામે કડક વલણ અપનાવ્યું છે અને બિન-જામીનપાત્ર વોરંટ જારી કર્યુ છે.૨૦૧૦માં, અભિનેત્રી રાખી સાવંતે ટીવી રિયાલિટી શો “રાખી કા ઈન્સાફ” હોસ્ટ કર્યો હતો. ઝાંસી (પ્રેમનગર પોલીસ સ્ટેશન વિસ્તાર) ના રહેવાસી લક્ષ્મણ પ્રસાદ નામના એક સ્પર્ધકે આરોપ લગાવ્યો હતો કે રાખી સાવંતે તેમનું જાહેરમાં અપમાન કર્યુ હતું અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો.આ અપમાન અને કથિત માનસિક ત્રાસ અને હતાશાથી પીડાતા યુવકે આત્મહત્યા કરી લીધી. મૃતકના પરિવારની ફરિયાદ બાદ, રાખી સાવંત અને શોના અન્ય નિર્માતાઓ અને સહયોગીઓ વિરુદ્ધ ઝાંસીના પ્રેમનગર પોલીસ સ્ટેશનમાં આત્મહત્યા માટે ઉશ્કેરણી અને અન્ય ગંભીર આરોપો હેઠળ નામાંકિત એફઆઈઆર નોંધવામાં આવી હતી.ઝાંસીની એક કોર્ટે રાખી સાવંત સામે લાંબા સમયથી ચાલી રહેલા આ કેસમાં કોર્ટમાં હાજર ન રહેવા બદલ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યુ છે. કોર્ટના કડક વલણ અને બિનજામીનપાત્ર વોરંટને કારણે પોલીસ પ્રક્રિયા હેઠળ તેમની ધરપકડ થવાની શક્યતા વધી ગઈ છે. આ કાનૂની કાર્યવાહીથી હવે રાખી સાવંતની મુશ્કેલીઓ વધી ગઈ છે, અને પોલીસ ગમે ત્યારે તેમની ધરપકડ કરી શકે છે. જોકે, કાનૂની નિષ્ણાતો માને છે કે રાખી સાવંત પાસે રાહત માટે ઉચ્ચ અદાલતનો સંપર્ક કરવાનો વિકલ્પ છે, પરંતુ હાલ માટે, ઝાંસીની કોર્ટના આ આદેશથી ચોક્કસપણે તેમની ઊંઘ હરામ થઈ ગઈ છે.




# દિવાળીએ બોક્સ ઓફિસ પર મહામુકાબલો! પ્રભાસની ‘સ્પિરિટ’ની નવી રિલીઝ ડેટ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૯ :** સાઉથના સુપરસ્ટાર પ્રભાસની બહુપ્રતીક્ષિત ફિલ્મ ‘સ્પિરિટ’ની રિલીઝ ડેટમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ફિલ્મના દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ ૧૮ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ ફિલ્મની નવી રિલીઝ ડેટ જાહેર કરી હતી. અગાઉ આ ફિલ્મ ૫ માર્ચ, ૨૦૨૭ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી, પરંતુ હવે તે દિવાળી ૨૦૨૭ના અવસર પર ૨૯ ઑક્ટોબર, ૨૦૨૭ના રોજ વિશ્વભરમાં રિલીઝ થશે. આ જાહેરાત સાથે જ આગામી દિવાળીએ બોક્સ ઓફિસ પર બે મોટી ફિલ્મો વચ્ચે જોરદાર ટક્કર થવાની શક્યતા ઊભી થઈ છે.ફિલ્મની નવી રિલીઝ ડેટ જાહેર થતાં જ તેની ટક્કર રણબીર કપૂરની ‘રામાયણઃ પાર્ટ ૨’ સાથે થવાની ચર્ચા શરૂ થઈ છે. નિતેશ તિવારીના દિગ્દર્શનમાં બની રહેલી ‘રામાયણ’ના બીજા ભાગને પણ



દિવાળી ૨૦૨૭ દરમિયાન રિલીઝ કરવાની યોજના છે. એક તરફ પ્રભાસની એક્શનથી ભરપૂર ફિલ્મ ‘સ્પિરિટ’ હશે, તો બીજી તરફ રણબીર કપૂર, યશ અને અન્ય કલાકારોની હાજરી ધરાવતી ભવ્ય પૌરાણિક ફિલ્મ ‘રામાયણઃ પાર્ટ ૨’ હશે. જોકે, બંને ફિલ્મોની એક જ સમયગાળામાં રિલીઝ થવાની જાહેરાત વચ્ચે અંતિમ સમયપત્રક પર દર્શકોની નજર રહેશે.સંદીપ રેડ્ડી વાંગાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ફિલ્મનું નવું પોસ્ટર શેર કરીને રિલીઝની તારીખ જાહેર કરી હતી. તેણે પ્રભાસના ચાહકોને નવા પોસ્ટરની ઝલક આપતાં ફિલ્મને લઈને ઉત્સુકતા વધારી હતી. પોસ્ટરમાં ૨૯ ઑક્ટોબર, ૨૦૨૭ની તારીખ સાથે દિવાળી પર વિશ્વભરમાં રિલીઝ થવાની જાહેરાત કરવામાં આવી છે. ફિલ્મના નવા પોસ્ટર અને તારીખને કારણે પ્રભાસના ચાહકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.‘સ્પિરિટ’માં પ્રભાસની સાથે અભિનેત્રી તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ પ્રભાસ અને સંદીપ રેડ્ડી વાંગાની પ્રથમ સાથેની ફિલ્મ છે. આ ફિલ્મ નવ ભાષામાં રિલીઝ થશે, જેમાં અંગ્રેજી, તેલુગુ, હિન્દી, તમિલ, કન્નડ, મલયાલમ, મંદારિન, જાપાની અને કોરિયન ભાષાઓ સામેલ છે. વાંગા અગાઉ ‘અર્જુન રેડ્ડી’, ‘કબીર સિંહ’ અને ‘એનિમલ’ જેવી ફિલ્મો દ્વારા પોતાની અલગ ઓળખ બનાવી ચૂક્યો છે. તેથી પ્રભાસ અને વાંગાની આ નવી જોડી મોટા પડદા પર શું કમાલ કરે છે તે જોવું રસપ્રદ રહેશે.



# દશેરો આવે ને રાવણ યાદ આવે..!

**બ**ધાને ખબર છે કે, વિશ્વ વિખ્યાત ‘રામાયણ’ સીરીયલમાં રાવણના નાનાજી (માલ્યવાન)ની ભૂમિકા આ બંદાએ કરેલી. જો કે, મારું કામ તો રાવણને સલાહ આપવાનું જ હતું. તોયે દશેરો આવે ને ટાઢિયો તાવ ભરાય..! ભરોસો નહીં ને યાર..? રાવણ નહિ તો રાવણનો નાનાજી, કરીને ‘જય શ્રીરામ’ બોલાવી નાંખી તો..? નહીં મામાનો કાણો મામો..! આ તો એક વાત, બાકી દશેરો આવે ને ડર તો લાગે દાદૂ..! જો કે, ભગવતી સીતાનું હરણ રાવણે કરેલું, બંદાએ તો હજી હરણ પણ જોયું નથી..! પણ ટોળાનો ભરોસો શું..? હાજર સો હથિયાર..! રાવણને ઘણી સલાહ આપેલી કે, ‘ભૈલા..સખણા રહો. રાજા છો તો રાજાપાઠમાં રહો. તમે પંડિત રહ્યા તો ભલે રહ્યા, પણ જગતપિતા પરબ્રહ્મ આગળ ઉધરસ નહિ ખવાય..!’ પણ જે સતી મંદોદરીનું નહિ માને, એ મારું માને..? વિભીષણ જેવા સગા ભાઈને ચરણ પ્રહાર કરીને લંકામાંથી ખદેડી મુક્યા, ત્યારે પણ સમજાવેલું કે, ‘ઘરકા ભેદી યદી ક્ષત્રુસે મિલ જાયે તો બહુત ખતરેકી બાત હોતી હૈ. મેરે ખ્યાલમેં ઉસે (વિભીષણ) લંકામે હી બંદી બના દેના ચાહીએ.’ પણ માને તો રાવણ નહિ..! અહંકાર બુરી ચીજ હે મામૂ..! છેલ્લે.. જે ન થવાનું હતું એ થયું. વિભીષણ પાટલી બદલીને શ્રીરામની છાવણીમાં ચાલ્યા ગયા. રાજકારણમાં પાટલી બદલવાની પધ્ધતિ ત્યારથી આવી હોય તો કહેવાય નહિ..! એકવાર ઘર ફૂટે, એટલે પથારી ફરવા માંડે. આપણી પથારી આપણાવાળા જ ફેરવે. બાકી બીજાને ક્યાં ખબર હોય છે કે, આપણી પથારી ક્યાં થાય છે..? દશરથરાજાની પથારી કૈકયી અને મંથરાએ ફેરવી. રાવણની પથારી વિભિષણે ફેરવી, વાલીની પથારી સુગ્રીવે ફેરવી. ધૃતરાષ્ટ્રનો પુત્રમોહ, દુર્યોધનનો અહંકાર અને સગા મામા શકુનિની કુબુદ્ધિએ ભેગા મળીને આખા કુરુવંશની પથારી ફેરવી. પોતાના જ ભાઈઓ (પાંડવો) પ્રત્યેની ઈર્ષ્યાને કારણે આખો પરિવાર યુદ્ધમાં હોમાઈ ગયો. આવા તો અનેક દાખલા હશે. પણ જોવાની વાત એ છે કે, કૈકયી અને મંથરા તો અયોધ્યામાં રહેતા હતાં, છતાં મતિ ભ્રષ્ટ થયેલી. જયારે વિભીષણ રાક્ષસ વંશી અને લંકામાં રહેતા હોવા છતાં, શ્રીરામના ભક્ત અને અનુયાયી હતા. કુળ ગમે તે હોય, કૌશલ્ય પરોપકારી હોવું જોઈએ. સુર્પણખાનું નાક કપાવું, મા ભગવતીનું હરણ થવું, રાવણના મૃત્યુ પૂર્વે વિભીષણનો રાજતિલક થવો, આ બધા જ રાવણના અકાળ મૃત્યુના કારણ હતા. નહિ તો રાવણ હજી પણ જીવંત હોત..!

સાક્ષર હોય કે, રાક્ષસ અભિમાન અને ઘમંડ, વિનાશનો ધોરીમાર્ગ છે. એક પછી એક રાવણના પરિવારનો નાશ એ કારણે જ થયેલો. અહંકાર બુરી ચીજ હે મામૂ..! રાવણ રાક્ષસ હતો, પણ સાક્ષર હતો. ઠાંસી-ઠાંસીને રાક્ષસી તત્વ ભરેલું હોવા છતાં, એમના સારા ગુણોને નજર અંદાજ કરાય નહિ. ગૌરવ થાય કે, રાક્ષસ વંશી હોવા છતાં, બુદ્ધિમાન, તેજસ્વી, પ્રતાપી, પરાક્રમી, રૂપવાન ચારેય વેદોમાં પારંગત, સંગીતમાં નિપુણતા અને રાજકારણમાં અદભુત કાબેલિયત—આ બધું હતું. પરંતુ માણસ પાસે જ્ઞાન વધારે હોય અને સમજ ઓછી હોય, ત્યારે પંડિતમાંથી પંતુજી બનતા વાર લાગતી નથી. રાવણને ઘણું બધું આવડતું હોવા છતાં, જીભને બ્રેક લગાવવાનું આવડતું ન હતું. જ્યાં ઘમંડ હોય, અહંકાર હોય, દુરાચાર હોય, ત્યાં સાક્ષરતા પણ શહીદ થઇ જાય. એ રામાયણનો બોધપાઠ છે..!

આ જ કારણવશ દર વરસે દશેરાએ રાવણને બાળવાનો ચીલો હજી ચાલે છે. અને દર વરસે લોકમાનસમાં રાવણ સજીવન થાય છે. બાકી રામાયણ અને મહાભારત જુઓ તો રાવણથી પણ ભયાનક રાક્ષસો હતા. દુર્યોધન, દુશાસન, કંસ કે હિરણ્ય કશ્યપ વગેરે ઓછા દુરાચારી નહિ હતા. રાવણથી પણ અધિક ભયંકર..! પણ દશેરો આવે એટલે રાવણને જ બાળે. દ્યુતસભામાં (જુગારની રમત) યુધિષ્ઠિર પોતાના ભાઈઓ અને પત્ની દ્રૌપદીને હારી ગયા બાદ, દુર્યોધનના આદેશથી નાનો ભાઈ દુઃશાસન રજસ્વલા દ્રૌપદીને વાળ પકડીને સભામાં ખેંચી લાવ્યો, અને તેની સાડી ખેંચીને ઘોર અપમાન કર્યું. આવું દુંસાહસ તો રાવણે પણ કર્યું ન હતું. છતાં દુશાસનનું પુતળું કોણ બાળે છે..? રાવણે તો અપહરણ સિવાય મા ભગવતી સીતાનો સ્પર્શ શુદ્ધા કર્યો




નથી. હૈયું તો ત્યારે ફાટી પડે કે, જેઓ રામાયણને અડયા નથી, રામાયણ વાંચ્યું કે સાંભળ્યું નથી, એ પણ રાવણને બાળવાની મઝા લેવા ઉપડે..! અમસ્તા જ તૂટી પડે. ૧૯૭૬ માં, ‘લૈલા-મજનુ’ નામની એક ફિલ્મ આવેલી. એમાં એક ગીત છે કે, ‘કોઈ પથ્થરસે ના મારે મેરે દીવાનેકો..!’ ગીતનો મધ્યવર્તી સારાંશ એવો કે, ‘જેમણે ક્યારેય કોઈને પ્રેમના કર્યો હોય એ જ મારા મજનુને પથ્થર મારે..!’ આ તો ભક્તિ ભજનમાં સાવ અલ્લાયો હોય, મંદિરમાં પગલાં પાડીને ભગવાન આગળ વાંકો વળ્યો ના હોય, પોલીસ ચોકીના ચોપડામાં નામ ચાલતા હોય, એને પણ રાવણ સળગાવવાનું શુરાતન ચઢે. એમાં અમુકના ચરિત્ર તો રાવણને પણ સારો કહેવડાવે એવા હોય. સારું છે કે.

બાળવા જાય ત્યારે રાવણ બરાડા પાડીને બોલતો નથી કે. જેનામાં મારા જેવા અપલક્ષણ ના હોય એ જ મને બાળવા આગળ આવે..! બીજું કે, દર વરસે રાવણ દહન થવા છતાંય રાવણનો સ્ટોક ઘટે કેમ નહિ..? આજે તો એક માથાવાળો પણ હજાર હાથવાળાને મથાવે જ છે ને..? મોર્ડન રાવણના તો વળી હિસાબ કોતાબ જ અલગ..! એના કપાળમાં કાંદા ફોડું, ખંખેરો તો એકાદ-બે રાવણ તો ગામમાંથી પણ નીકળે ..! આ બધું ક્યાં અને ક્યારે જઈને અટકશે..? ભલે નકલી રાવણ બાળીએ, પણ એ બળતો હોય ત્યારે પણ જાણે અટ્ટહાસ્ય કરીને કહેતો હોય છે કે,

**तुम मुझे यूँ जला ना पाओगे,**<br>
**जली लंका मेरी जला मैं भी,**<br>
**एक दिन तुम भी जलाये जाओगे,**<br>
**तुम मुझे यूँ जला ना पाओगे।।**

દશેરો એટલે અધર્મ સામે થયેલા ધર્મનો વિજય દિવસ. એનો સ્વીકાર કરીએ, પણ એનાં ઉત્સવ માટે રાવણને બાળવાનો..? એને બાળીને પણ સુધરવું જ નહિ..? આ તો દશેરો આવ્યો એટલે મારાથી રાવણનો ટાવર પકડાય ગયો, ને રાવણલીલા કહેવાય ગઈ, બાકી વિચાર તો એવો આવે કે, એ જમાનામાં આજના જેવું શોશ્યલ મીડિયા ને અધતન ટેકનોલોજી હોત તો રાવણ કેવો ‘ટ્રોલ’ થયો હોત..? આવો ઝલક જોઈએ..!

૧. રાવણ પાસે ભલે સોનાની લંકા હોય, એને શું ધોઈ પીવાની..? એ દશ માતા સાચવે કેમ..? પડખું ફરીને તો સુવાય જ નહિ ને..?ને. આપણી જેમ જર્સી પણ નહિ પહેરાય..? ૨. એક માથાવાળાને માઈગ્રેન કે માથાનો દુખાવો થાય તો આખું ઘર માથે લઈ લે, રાવણની હાલત તો કેવી થતી હશે? એક માથાને શરદી થાય તો, દસે-દસ માથા છીંકાછીંક કરતા હશે ને .?

૩. સેલ્ફી તો લેવાય જ નહિ. કોઈ સાથે ‘સેલ્ફી’ લેવા જાય તો બેચાર માથા તો ફોટામાં કપાય જ જાય..! પ્રોફાઈલ પિક્ચરમાં કયું માથું રાખવું એની પણ મૂંઝવણ આવે. એક માથું ગુસ્સાવાળું ને બીજું હસતું મુકે તો, ‘ફોલોઅર્સ’ કન્ફ્યુઝ થઈ જાય કે. રાવણનો આજનો મૂડ કેવો હશે..? ૪. સવારે બ્રશ કરવાનો પણ સામુહિક Workshop થતો હશે. દશ માથાનાં હિસાબે ‘ટચુકડી’ પેસ્ટ તો એક ઝાટકે જસ્વાહા થઇ જતી હશે. પેસ્ટનો ડબ્બો જ રાખવો પડતો હશે..! ૫. કુંભકર્ણ છ મહિનાની ઊંઘ પતાવી ને ઉઠે એટલે, લંકાના બજેટનો અડધો ભાગ તો તેના બ્રેકફાસ્ટમાં જ વપરાય જતો હશે. ડાઈનિંગ ટેબલ પર જો રાવણ જમવા બેસે, તો ડાબી બાજુના માથાને ગુલાબજાંબુ ખાવા હોય અને જમણી બાજુના માથાને તમતમતું તીખું ફાવતું હોય એમાં, પેટ ‘કન્ફ્યુઝ’ થઈ જાય કે મારે કયો રસ પચાવવો..? ૬. રાજદરબારમાં હેરકટિંગ સલુનનો આખો વિભાગ રાખવો પડતો હશે. સવારની દરેક બેઠકમાં સેનાપતિ કરતાં નાઈઓ વધુ હાજર રહેતા હશે. બહાર સલુનમાં તો વાળ કપાવવા જવાય નહિ. રાવણને જોઇને જ સલુનવાળો શટર પાડવા માંડે. એ પણ વિચારે કે, દશ માથાની મરજી પ્રમાણે વાળ કાપવા જાઉં તો, મારા વાળ ખરી જશે..!

આ તો હસવા-હસાવવાની એક વાત. બાકી, રાવણે માસીતાનું હરણ ના કર્યું હોત તો શ્રીરામનું ચરિત્ર બહાર ના આવ્યુ હોત., હનુમાનની વીરતા અને બુદ્ધિચાતુર્ય જાણવા ના મળ્યું હોત. અને રામના હાથે રાવણને મોક્ષ ના મળ્યો હોત.

**લાસ્ટ બોલ**

વિભીષણ લંકેશનાં સગા ભાઈ હતા. રાક્ષસ વંશી હોવા છતાં. લંકા માં રહીને પણ ભગવાન શ્રી રામના પરમ ભક્ત હતા. એક દિવસ લંકેશે વિભીષણના ઘરની મુલાકાત લીધી. તો. ઘરની થાંભલી ઉપર રામ..રામ..રામ લખેલું જોયું. અને રાવણની મતિ બગડી.

રાવણ દુષ્ટ..! તું લંકાનું ખાય છે. લંકાનું પાણી પીએ છે, અને મારા દુશ્મન રામનું નામ થાંભલી ઉપર લખે છે..?

ત્યારે વિભીષણે વિનમ્ર ભાવે કહ્યું કે, ‘ માફ કરજો લંકા નરેશ..! હું તો મારા મોટાભાઈ અને ભાભીનું નામ થાંભલા ઉપર લખું છું. રાવણનો પહેલો અક્ષર ‘રા’ લીધો છે અને ભાભી મંદોદરીનો પહેલો અક્ષર ‘મ’ લીધો છે. તમને એમાં ‘રામ’ વંચાય એમાં મારો શું દોષ..?

રાવણે એટલું જ કહ્યું કે, ‘તો ઠીક છે..!’

એના કપાળમાં કાંદા ફોડું..!

# દશેરા એટલે ભકિત અને શકિતનું પવિત્ર મિલન

**પ્રાસંગિક**

**- હર્ષદ દેસાઈ, વટાર**



જયાં યોગેશ્વર શ્રી કૃષ્ણ છે તેમજ જયાં ધનુર્ધર પાર્થ છે ત્યાં જ વિજય છે. લક્ષ્મી છે કલ્યાણ છે. તેમજ શાશ્વત નીતિ છે. એમ મહર્ષિ વ્યાસ ગીતાના અંતિમ શ્લોકમાં કહે છે. યોગેશ્વર કૃષ્ણ એટલે ઈશકૃપ અને ધનર્ધર પાર્થ એટલે માનવ પ્રયત્ન. આ બન્નેનો જ્યા સુયોગ સધાય ત્યાં શું અસંભવિત રહે. ચડતો માનવ પ્રયત્ન અને ઈશ કૃપાનું મિલન જયાં સર્જાય ત્યા મિલનનો જ ઘંટનાદ સંભળાય. એ નિર્વાદિત ઘટના છે. દશેરાનો ઉત્સવ એટલે ભકિત અને શકિતનો સમન્વય સમજાવતો ઉત્સવ. નવરાત્રિના નવ દિવસ જગદંબાની ઉપાસના કરી શકિત પ્રાપ્ત કરેલા મુનષ્ય વિજય પ્રાપ્તી માટે થનગની ઉઠે એ તદ્દન સ્વાભાવિક છે. આ રીતે જોતાં દશેરાનો ઉત્સવ એટલે વિજય પ્રસ્થાનનો ઉત્સવ.

ભારતીય સંસ્કૃતિ વીરતાની પૂજક છે. શૌર્યની ઉપાસક છે. વ્યકિત તેમજ સમાજના લોહીમાં વીરતા પ્રટાટે તે માટે તેણે દશેરાનો ઉત્સવ રાખ્યો. જો યુદ્ધ અનિવાર્ય જ હોય તો શત્રુના હુમલાની રાહ જોયા વગર તેના ઉપર ચઢાઈ કરી તેનો પરાભવ કરવો એ કુશળ રાજનિતી છે. શત્રુ આપણે ત્યા ઘુસણખોરી કરે ત્યાર પછી લડવાની તૈયારી રે એવા આપણા પૂર્વજો નામર્દ ન હતાં. એ તો શત્રુની બદદાનક કળી જઈ તેમના સીમાડા ઉપર જ ત્રાટકી પડતાં. આ દષ્ટીએ જોતાં ડિફેન્સ મિસ્ટ્રી કરતાં વોર મિસ્ટ્રીનું મહત્વ વધારે ગણાય. રોગ અને શત્રુને ઉગતા જડામવા જોઈએ. એકવાર જો એમનો પગ પેસારો થઈ ગયો તો પછી તેમના પર કાબુ મેળવવો મુશ્કેલ બને છે.

પ્રભુ રામચંદ્રના સમયથી જ આ દિવસ વિજય પ્રસ્થાનનું પ્રતીક બન્યો છે. ભગવાન રામચંદ્રે રાવણેને મહાત કરતાં આજ દિવસે પ્રસ્થાન કર્યુ હતું. ધર્મપત્ની શિવાજીએ પણ ઔરંઝેબને ઝેબ કરવા કરવા આજ દિવસે પ્રસ્થાન કરી હિન્દુ ધર્મનું રક્ષણ કર્યુ હતું. આપણાં ઈતિહાસમાં આવા અનેક દાખલા છે કે જયારે હિન્દુ રાજાઓ આ દિવસે વિજય પ્રસ્થાન કરતાં હતાં.

વર્ષાની કૃપાથી માનવધનધાન્યથી સમૃદ્ધ બન્યો. હોય તેના મનને આનંદ માતો ન હોય. ત્યારે તેને વિજય પ્રસ્થાન કરવાનું મન થાય તે સ્વભાજિક છે. વળી, વરસાદ ચાલ્યો ગયો હોવાથી રસ્તા ઉપરનો કાદવ સુકાઈ ગયો હોય હવામાન અનુકુળ સર્જનારું ગણાય. નવ નવ દિવસ જગદંબાની ઉપાસના કરી મેળવેલી શકિત પણ પણ શત્રુઓનો સંહાર કરવા પ્રેરતી હોય છે. રઘુરાજાને પણ સીમોલંઘન કરવાનો પ્રસંગ આવ્યો હતો. રઘુરાજાને ત્યાં વરતંતુનો શિષ્ય કૌત્સ આશ્રમ માટેદ ગુરુદક્ષિણાના રૂપમાં ચૌદ કરોડ સોનામહોર લેવા આવ્યો. સર્વ દક્ષિણાદાન રૂપમાં ચૌદે કરોડ સોનામહોર લેવા આવ્યો. સર્વદક્ષિણા દાન આપી શરજદના મેઘની જેમ રઘુરાજા ખાલી થઈ ગયા. રઘુરાજાને લાગ્યુ કે વેદવિદ્યા વ્રતસ્નાતક ગુરુદક્ષિણા માટે આવે અને ખાલી હાથે મારે આંગણેથી પાછા ફરે તો તો મારી સાત પેઢી લાજે. એ અપયશ હું નહીં લઉ. રઘુએ કુબેર, જે હંમેશા ધન સંગ્રહીને જ બેઠો છે. તેને સીમોલ્લંઘનનું અલ્ટીમેટમ આપ્યુ. ગભરાઈને કુબેરે રમીવૃક્ષ ઉપર સોના મહોરોનો વરસાદ વરસાવ્યો. શમી વક્ષે વૈભવ આવ્યો તેથી તેનુ પૂજન થવા લાગ્યુ. પાંડવોએ પોતાના દિવ્ય અસ્રો શમી વૃક્ષ ઉપર સંતાડી રાખ્યા હતાં. તેથી પણ તેનુ માહાત્મ્ય વધુ. રઘુએ શમી વૃક્ષ ઉપર વર્ષારૂપે પડેલી લોનામહોરો કૌત્સને આપી. ચૌદ કરોડથી વધુ ન લઉ તેવો તેણે આગ્રહ રાખ્યો અને તારા નિમિત્તે આવી છે તેથી વધારેની મારી તિજોરીમાાં રખાય નહી. એવો આગ્રહ રઘુએ સેવ્યો. વૈભવ ન લેવા માટેના આગ્રહને કદાચ ભારતમાં જ જોવા મળશે. વધેલી સોનામહોરો લોકોમાં લુટાવી.

સુવર્ણ મહોરના પ્રતિક તરીકે આજે પણ શમીપુજન પછી શમીના પાન આપણે પરસ્પર એકબીજાને આપીએ છીએ. જે વૈભવ આપ્યો છે તે હું એકલો ભોગવીશ નહી. આપણે સાથે ભોગવીશુ. આપણે વહેચીને ખાઈશુ. કેવો ઉદત્તભાવ, બાહ્ય શત્રુઓની માફક આપણા આંતરશત્રુઓ પણ ઘણા છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ માનવ માત્રના ષડરિયુ છે. આજના વિજય પ્રસ્થાનના શુભ દિવસે તેમની ચાલ ઓળખી લઈ. તેઓ આપણા પર હુમલો કરે તે પહેલા આપણે તેમના પર હુમલો કરી આપણી સીમમાં આગઈ વધતાં અટકાવી જોઈએ.

આજે નૈતિક મૂલ્યો ભયમાં મુકાયા છે. ભય અને મહાન સંસ્કૃતિ મૃત્યુશપ્યા પર છેલ્લા શ્વાસ લઈ રહી છે. ત્યારે હું ચુપચાપ કેમ બેસી શકુ ? વધતા જતા આસુરી વૃત્તિને યશાશકિત ખાળવા પ્રયત્ન કરીશ યોગેશ્વર મારી જોડે છે. મારામાં રહેલુ સર્વ સામર્થ્ય શત્રુને ડામવામાાં ખર્ચી નાખીશ. અને પાછો ફરી તો જયમાળા પહેરીને જ આવીશે. આ દઢ સંકલ્પ સાથે રણે ચઢવાનો દિવસ એટલે દશેરાનો દિવસ.

ટુંકમાં દશેરાનો દિવસ એટલે સમાજમાં રહેલી દીનહીન, લાચાર તેમજ ભોગની વૃત્તિને સંહારવા કટીબદ્ધ થવાનો દિવસ. અને વૈભવને વહેચીને ભોગવવાનો દિવસ. બાહ્યશત્રુની સાથે સાથે અંદર બેઠેલા ષરિયુ ઉપર વિજય મેળવાનો વૈભવ શોર્યનો શૃંગાર અને પરાક્રમી પૂજા દશેરા એટલે ભકિત અને શકિતનું પવિત્ર મિલન.

આપનું અખબાર : આપનો અવાજ DGT

# વલસાડ તાલુકા વિશેષ

● વલસાડ ●અતુલ ●ગુંદલાવ ● ડુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## વલસાડમાં ચૈતન્ય દેવીઓની ઝાંખી આકર્ષણનું કેન્દ્ર બની



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ, જ્ઞાનસૂર્ય ભવન, તીથલ રોડ, વલસાડ દ્વારા આસો નવરાત્રી નિમિત્તે બ્રહ્માકુમારીઝ પાઠશાળા, નાગલા ફળિયા, નનકવાડામાં ચૈતન્ય દેવીઓની મનોરમ ઝાંખી તથા આધ્યાત્મિક પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તારીખ ૧૭/૧૦/૨૦૨૬ થી ૨૦/૧૦/૨૦૨૬ સુધી યોજાશે.

આ ચૈતન્ય દેવીઓની મનોરમ ઝાંખીના ઉદ્ઘાટન પ્રસંગે ઉદ્ઘાટક તરીકે ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, વલસાડ વિસ્તારના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, જનરલ સેક્રેટરી કમલેશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ, નનકવાડાના સરપંચ તથા વલસાડ સરપંચ સંઘના પ્રમુખ વિનોદભાઈ પટેલ, તેમજ ઉપસરપંચ ધર્મેશભાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. આ સમગ્ર કાર્યક્રમ સુરત-વલસાડ સબઝોનના સંચાલિકા રાજયોગિની બ્રહ્માકુમારી રંજનદીદી, વલસાડના બ્રહ્માકુમારી ભાઈ-બહેનો અને નનકવાડા ગામના ગ્રામજનોની બહોળી ઉપસ્થિતિ વચ્ચે સંપન્ન થયો હતો.



## આજે રોલામાં 'ચકલી ઘર'નું લોકાર્પણ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૯ :** પર્યાવરણની જાળવણી અને લુપ્ત થતી જતી ચકલીઓ સહિતના નિર્દોષ પક્ષીઓના સંરક્ષણ અર્થે રોલા ગામ વિકાસ ટ્રસ્ટ દ્વારા એક સરાહનીય પહેલ હાથ ધરવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહયોગથી પક્ષીઓ માટે સુરક્ષિત આશ્રયરૂપ આકર્ષક 'ચકલી ઘર'નું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનો ભવ્ય લોકાર્પણ સમારોહ આગામી ૨૦મીએ યોજાનાર છે.

રોલા ગામ વિકાસ ટ્રસ્ટ દ્વારા પ્રકૃતિ સેવાના ઉમદા સંકલ્પ સાથે તળાવ પાસે વિશેષ ચકલી ઘર તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટને સાકાર કરવા માટે ગામના તેમજ વિવિધ દાતાઓએ ઉદાર હાથે આર્થિક સહયોગ પૂરો પાડ્યો છે. આ નવનિર્મિત ચકલી ઘરનું લોકાર્પણ તા. ૨૦/૧૦/૨૦૨૬ના મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રોલા ગામના તળાવ પાસે રાખવામાં આવ્યું છે. આ શુભ અવસરે સમસ્ત ગ્રામજનો, પ્રકૃતિપ્રેમીઓ તેમજ સહયોગી દાતાઓને ઉપસ્થિત રહેવા માટે રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ટ્રસ્ટના આ અનોખા સેવાકાર્યની ગ્રામજનો અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા ભારે પ્રશંસા થઈ રહી છે.

## વલસાડ જિલ્લા પોલીસ પરિવાર દ્વારા પારનેરા ડુંગર પર ધ્વજારોહણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** નવરાત્રિના પવિત્ર તહેવાર નિમિત્તે વલસાડ જિલ્લા પોલીસ પરિવાર દ્વારા ઐતિહાસિક પારનેરા ડુંગર સ્થિત માતાજીના મંદિરે ભક્તિભાવપૂર્વક ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. એસ.પી. યુવરાજસિંહ જાડેજા તથા અન્ય અધિકારીઓએ માતાજીની વિધિવત પૂજા-અર્ચના કરીને ધજા ચઢાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ચામુંડા માતાજી અને મહાકાળી માતાજી વલસાડ જિલ્લાની જનતા પર સુખ, શાંતિ અને સમૃદ્ધિના આશીર્વાદ વરસાવતા રહે તે હેતુથી આ ધજા ચઢાવવામાં આવી છે. આ સાથે જ સમગ્ર પોલીસ પરિવાર પર માતાજીની કૃપા બની રહે અને પોલીસકર્મીઓ નિષ્ઠાપૂર્વક પ્રજાની રક્ષા કરી શકે તેવી પ્રાર્થના પણ કરવામાં આવી હતી. નવરાત્રિ અને દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. તહેવારોના દિવસોમાં બજારો તેમજ જાહેર સ્થળોએ ભારે ભીડ રહેતી હોય છે. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ સંપૂર્ણપણે સજાગ છે.

સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે જ્વેલર્સ, આંગડિયા પેઢીઓ તેમજ બેંકિંગ ક્ષેત્રના વેપારીઓ સાથે અગાઉથી બેઠકો યોજીને સીસીટીવી અને સુરક્ષા સંદર્ભે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. સમગ્ર જિલ્લામાં તહેવારો શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણમાં ઉજવાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

## કુસુમ વિદ્યાલયમાં તાલુકાકક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તથા કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરના ઉપક્રમે ગુજરાતી રાજયના તમામ જિલ્લાઓમાં સૌનો સાથ સૌનો વિકાસ તે રીતે સાંસ્કૃતિક વારસાનું પણ જતન થાય તે ઉદ્દેશને પરિપૂર્ણ કરવા તાલુકા કક્ષા કલા મહાકુંભ સ્પર્ધા - ૨૦૨૬ કુસુમ વિદ્યાલય, તિથલ રોડ, વલસાડમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૨૫થી વધુ શાળાઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સવારે ૧૦:૦૦ કલાકે કાર્યક્રમને ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ વિવિધ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. જેમાં વકતૃત્વ, લોકવાદ્ય સંગીત, લોકવાર્તા, નિબંધ-લેખન, એકપાત્રીય અભિનય, સમૂહગીત, લોકગીત, ભજન, લગ્નગીત, લોકનૃત્ય, ભરતનાટયમ અને ચિત્રકલા વિગેરે સ્પર્ધાઓમાં જુદી-જુદી શાળાઓના આશરે ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની ભીતરની શક્તિઓને ઉજાગર કરી હતી.

દરેક સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે વલસાડ શહેરના નિપૂણ અને નામી કલા - સાહિત્ય તજજ્ઞોએ સેવા આપી હતી.

## અટારની પી.કે.ડી. વિદ્યાલયની નવરાત્રીમાં વિદ્યાર્થીઓ ગરબે ઘૂમ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડના અટાર ગામે નવસર્જન કેળવણી મંડળ સંચાલિત પી.કે.ડી. વિદ્યાલયમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ભક્તિ, સંસ્કૃતિ અને આનંદના ત્રિવેણી સંગમ સમાન બની રહ્યો હતો. વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ તથા આમંત્રિત મહેમાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.



આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે વલસાડ તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ પટેલ, નીતિનભાઈ (આઝાદભાઈ) દેસાઈ, ભીડભંજન મહાદેવ ટ્રસ્ટ, વલસાડના સંસ્થાપક શિવજી મહારાજ, અમિતભાઈ પટેલ, મનીષાબેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નવસર્જન કેળવણી મંડળના પ્રમુખ ભીખુભાઈ દેસાઈ, મંત્રી ડૉ. દીપકભાઈ દેસાઈ, ઉપપ્રમુખ બળવંતરાય ગજધર તથા મંડળના તમામ કમિટી સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

અમિતભાઈ દેસાઈના સૌજન્યથી તમામ વિદ્યાર્થીઓ, સ્ટાફ મિત્રો અને વાલીઓ માટે ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ રીતે ભક્તિ, સંસ્કાર, શિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સામૂહિક સહભાગિતાના સમન્વય સાથે નવરાત્રી મહોત્સવ આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, બિનશૈક્ષણિક કર્મચારીઓ, મંડળના હોદ્દેદારો અને કમિટી સભ્યઓએ સુંદર આયોજન તથા સહયોગ આપ્યો હતો. નવરાત્રી મહોત્સવે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ, એકતા, સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની ભાવનાને વધુ મજબૂત બનાવી હતી.

## વલસાડમાં બીડીસીએ મમતા હેલ્થ ક્લબ દ્વારા સાંસ્કૃતિક ગરબા યોજાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડના સ્ટેડિયમ રોડ પર આવેલી બીડીસીએ મમતા હેલ્થ ક્લબ દ્વારા જિમમાં આવતા સભ્યો માટે એક દિવસીય સાંસ્કૃતિક ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિમના તમામ સભ્યો તેમજ તેમના પરિવારજનો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત ભક્તિભાવપૂર્વક માતાજીની આરતી સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ પરંપરાગત સાંસ્કૃતિક ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સભ્યો અને તેમના પરિવારજનોએ સાથે મળીને ગરબે ઘૂમી આનંદ અને ઉત્સાહ સાથે આ પ્રસંગની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જિમના સભ્યો વચ્ચે પરસ્પર સ્નેહ, એકતા અને પારિવારિક લાગણીને વધુ મજબૂત બનાવવાનો હતો. સામાન્ય રીતે શારીરિક તંદુરસ્તી માટે જિમમાં એકત્રિત થતા સભ્યોને આ પ્રસંગે પોતાના પરિવાર સાથે સાંસ્કૃતિક વાતાવરણમાં આનંદ માણવાની સુંદર તક મળી હતી. બાળકો સહિત પરિવારના તમામ સભ્યોએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને પ્રસંગને યાદગાર બનાવ્યો હતો.

ગરબાના કાર્યક્રમ બાદ તમામ સભ્યોએ સાથે મળીને સ્વરુચિ ભોજનનો આનંદ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં ભક્તિ, સંસ્કૃતિ, આનંદ અને સામૂહિક એકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. બીડીસીએ મમતા હેલ્થ ક્લબ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમથી સભ્યો વચ્ચેના પરસ્પર સંબંધો વધુ ગાઢ બન્યા હતા અને તંદુરસ્તીની સાથે સામાજિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ મહત્ત્વ ઉજાગર થયું હતું. આ કાર્યક્રમ સૌ માટે આનંદદાયક અને યાદગાર બની રહ્યો હતો.

## વલસાડની આયતિ દુબે ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયન બની




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડના લોકો શેડમાં ફરજ બજાવતા SSE દેવેન્દ્ર દુબેની પુત્રી આયતિ દુબેએ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ-૨૦૨૬માં શાનદાર પ્રદર્શન કરી વિજેતા બની વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે. વેદાંત મલ્ટીપર્પઝ સ્કૂલ (CBSE)ની ધોરણ-૧૧ની વિદ્યાર્થીની આયતિએ પોતાની અસાધારણ પ્રતિભા, સખત મહેનત અને રમત પ્રત્યેના સમર્પણ થકી આ સિદ્ધિ હાંસલ કરી છે.

આ ભવ્ય સફળતા બદલ વેસ્ટર્ન રેલ્વે મઝદૂર સંઘ (WRMS)ની ટીમ અને સમગ્ર રેલ પરિવાર દ્વારા આયતિ તેમજ તેના પિતા દેવેન્દ્ર દુબેને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

શાળા પરિવાર, રેલ કર્મચારીઓ અને સ્થાનિક આગેવાનોએ હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આયતિ ભવિષ્યમાં પણ સફળતાના નવા શિખરો સર કરે અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાત અને દેશનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ છે.

## વલસાડ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ પરિવાર દ્વારા ગરબા સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ વલસાડ પરિવાર દ્વારા વલસાડના અબ્રામા સ્થિત કૃષ્ણા પાર્ક સોસાયટીમાં ભવ્ય ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વલસાડ શહેર યુવા મોરચાના પ્રમુખ જિગ્નેશભાઈ નંદા, ઉત્કર્ષ મહિલા એસોસિએશનનાં વૈશાલીબેન, રાજેશભાઈ તથા કેવલભાઈ, સોસાયટી સેક્રેટરી પુષ્પાબેન અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડે દ્વારા દીપ-ગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.

આ ગરબા સ્પર્ધામાં કુલ ૯ ગરબા ગ્રુપે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં ઉત્કર્ષ મહિલા એસોસિએશનનાં વૈશાલીબેન દ્વારા પ્રથમ ક્રમે વિજેતા બનેલા ગ્રુપને ત્રણ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. જ્યારે ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં યોગ કોચ ધારાબેન શોભા તરફથી બે આશ્વાસન ઈનામ આપવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત, કિરણબેન ઘોડવાણી તરફથી ઉત્કર્ષ મહિલા એસોસિએશનનાં ચેરપર્સન વૈશાલીબેનને વિશેષ ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન યોગ ટ્રેનર હેમલતાબેન કુમાવતના કૃષ્ણા પાર્ક સ્થિત ક્લાસમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું માર્ગદર્શન ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડે અને જિલ્લા કો-ઓર્ડિનેટર પ્રીતિબેન વૈષ્ણવ દ્વારા આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમની જવાબદારી યોગ કોચ ધારાબેન શોભા અને યોગ કોચ ચંગુનાબેન સુર્વશે દ્વારા સંભાળવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજકો, યોગ ટ્રેનરો, સહયોગીઓ અને સહભાગીઓએ ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો હતો.




## હાલરમાં આઠમે ભવાની માતા મંદરે શાંતિ હોમ યજ્ઞ યોજાયો

નવરાત્રીના પવન અવસરે શ્રી જય ભવાની યુવક મંડળ હાલર દ્વારા આઠમ નિમિત્તે ભવાની માતાજી મંદિર ખાતે શાંતિ હોમ રાખવામાં આવ્યો હતો. છેલ્લા ૨૫ વર્ષથી આ હોમ કરવામાં આવે માતાજીના પટાંગણમાં મોટી સંખ્યામાં આ હોમ નો લાભ લેવા ભક્તો આવે છે. સાથે નવરાત્રીના દિવસોમાં મંદિર ખાતે વિશેષ પૂજા અર્ચના કરવામાં આવે છે તો સાંજે મંદિરના આંગણે મંદિરએ આવતા ભક્તો જાતે ગરબા ગાઈને ગરબા માતાજીના મંદિર પાસે કરે છે. મોટી સંખ્યામાં લોકો હાલર ભવાની માતાજીના દર્શને આવે અને ધન્યતા અનુભવે છે.

## રોટરી ક્લબ ઓફ વલસાડ દ્વારા પૂરગ્રસ્ત શાહ કે.એમ.એસ. હાઈસ્કૂલને રૂ. ૬.૨૫ લાખની સહાય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** જુલાઈ મહિનામાં વલસાડ શહેરમાં આવેલા પૂરને કારણે અનેક વિસ્તારોને અસર પહોંચી હતી. જેમાં શાહ કે.એમ.એસ. હાઈસ્કૂલને પણ ભારે નુકસાન થયું હતું. શાળાના શૈક્ષણિક કાર્યને પુનઃ સુચારુ બનાવવા અને વિદ્યાર્થીઓને જરૂરી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના ઉમદા હેતુથી રોટરી ક્લબ ઓફ વલસાડ દ્વારા રોટરી ગ્લોબલ ગ્રાન્ટ અંતર્ગત અંદાજે રૂા. ૬.૨૫ લાખની કિંમતની શૈક્ષણિક સામગ્રી અને જરૂરી સાધનોનું દાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રોટરીના ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિલેશ શાહ ઉપસ્થિત રહ્યા હતાં, જ્યારે રોટરી ક્લબ ઓફ વલસાડના પ્રમુખ ધવલ શાહ પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં. આ સહાય અંતર્ગત શાળાને ચાર બ્લેકબોર્ડ, ત્રણ ટેબલ, દસ ખુરશીઓ, એક કમ્પ્યુટર સેટ, એક આર.ઓ. વોટર પ્યુરિફાયર, એક વોટર કુલર અને છ કેબિનેટ દાન કરવામાં આવ્યાં હતાં. જુલાઈ મહિનામાં આવેલા પૂરના કારણે અસરગ્રસ્ત બનેલી શાળાને જરૂરી સાધનસામગ્રી પૂરી પાડીને રોટરી ક્લબ ઓફ વલસાડે શિક્ષણના પુનઃનિર્માણ અને વિદ્યાર્થીઓના હિત પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ સહાયથી શાળાની શૈક્ષણિક સુવિધાઓ વધુ સુદૃઢ બનશે અને વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વધુ અનુકૂળ વાતાવરણ મળશે. રોટરી ક્લબ ઓફ વલસાડની આ સેવાભાવી પહેલ આપત્તિ બાદ શૈક્ષણિક વ્યવસ્થાને ફરી મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે અને સમાજમાં સેવાભાવના તથા શિક્ષણના મહત્વને ઉજાગર કરે છે.

## વલસાડના બે સાહસિક યુવકની ઉત્તરાખંડ સુધીની 'બાઈક એન્ડ હાઈક' યાત્રા પૂર્ણ

### ૧૯ દિવસમાં ૪,૪૦૦ કિમી બાઈક -વાસ અને ૧૫૦ કિમી ટ્રેકિંગ સાથે બંને સાહસિકોએ યુવા પેઢીને 'નશામુક્ત યુવા, સશક્ત ભારત'નો સંદેશ આપ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** દેશના ધાર્મિક સ્થળો પર પ્લાસ્ટીકના વધતા જતાં પ્રદૂષને અટકાવવા અને યુવાપેઢીને નશાથી દૂર રહેવાનો સંદેશ આપવા માટે વલસાડથી ઉત્તરાખંડ સુધી ૧૯ દિવસની અનોખી 'બાઈક એન્ડ હાઈક' અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં બાઈક દ્વારા અંદાજે ૪,૪૦૦ કિલોમીટરનો પ્રવાસ અને પગપાળા અંદાજે ૧૫૦ કિલોમીટરનું ટ્રેકિંગ કરવામાં આવ્યું હતું. પ્રકૃતિની રક્ષા, સાહસ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાના સમન્વયરૂપ આ અભિયાનમાં વલસાડના પ્રિતેશ પટેલ અને દેવાંગ પટેલે સફળતાપૂર્વક ભાગ લીધો હતો.



વલસાડ નેચર ક્લબ અને ટ્રેક એન રાઈડ ઈન્ડિયાના સ્થાપક પ્રિતેશ પટેલે જણાવ્યું કે, અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ઉત્તરાખંડનાં પવિત્ર તીર્થસ્થળો અને પ્રાચીન મંદિરો પ્લાસ્ટીક પ્રદૂષથી મુક્ત રહે તે માટે ધાર્મિક યાત્રાની સાથે સામાજિક અને પર્યાવરણીય જાગૃતિનો સંદેશ ફેલાવ્યો હતો. પર્વતીય વિસ્તારોની સ્વચ્છતા અને પ્રાકૃતિક સુંદરતા જાળવવા માટે 'પ્લાસ્ટિકમુક્ત પર્વતો' અભિયાન અંતર્ગત પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ટાળવા અને પ્લાસ્ટિક કચરો પ્રકૃતિમાં ન ફેંકવા માટે લોકોને અપીલ કરવામાં આવી હતી. પવિત્ર પર્વતીય વિસ્તારોમાં પ્રકૃતિનું જતન કરવું એ દરેક પ્રવાસીની જવાબદારી છે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, યુવાનોમાં વધતા નશાના દુષ્પ્રભાવ પ્રત્યે જાગૃતિ લાવવા અને તેમને નશાથી દૂર રહી સ્વસ્થ, શિસ્તબદ્ધ તથા હેતુપૂર્ણ જીવન જીવવા પ્રેરિત કરવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. 'નશામુક્ત યુવા, સશક્ત ભારત'ના વિચાર સાથે યુવાનોને સાહસિક પ્રવૃત્તિઓ, રમતગમત, પ્રકૃતિપ્રેમ અને સકારાત્મક જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ ૧૯ દિવસની યાત્રા દરમિયાન પંચ કેદાર, ચારધામ, સપ્ત બદરી, પંચ પ્રયાગ, પવિત્ર મઠો, કાશી વિશ્વનાથ મંદિર, એક શક્તિપીઠ સહિત અનેક ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. ઉત્તરાખંડની યાત્રા પૂર્ણ કર્યા બાદ નાથદ્વારા, કાંકરોલી દ્વારકાધીશ અને શામળાજી જેવા પવિત્ર સ્થળોને પણ આ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા. પર્વતીય માર્ગો, ઊંચાઈવાળા વિસ્તારો અને લાંબા અંતરના પ્રવાસ વચ્ચે બંને સાહસિકોએ શિસ્ત, સંકલન અને હિંમત સાથે અભિયાન પૂર્ણ કર્યું હતું. આમ, આ બાઈક એન્ડા હાઈક અભિયાન માત્ર ધાર્મિક અને સાહસિક યાત્રા પૂરતું સીમિત ન રહેતાં પર્યાવરણ સંરક્ષણ, જવાબદાર પ્રવાસન અને નશામુક્ત યુવા પેઢીના નિર્માણ માટેનો એક પ્રેરણાદાયી પ્રયાસ પણ બન્યું હતું.

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 20, October 2026

## પર્વના અજવાસ ઉપર મોંઘવારીનો ઓછાયો

નવરાત્રિ પર્વ સંપન્ન થઈ છે અને દિવાળી ઢૂંકડી છે, પરંતુ બજારમાં મોંઘવારીને લીધે થોડી ઝાંખપ છે. અલબત્ત, આ મોંઘવારી માત્ર ને માત્ર શાસન - પ્રશાસનને લીધે નથી તે પણ સમજી શકાય, પરંતુ સ્થિતિ સંભાળવાની જવાબદારી તો તેઓની જ છે. ગૃહિણી કે મધ્યમ વર્ગના કર્મચારી - વેપારીથી લઈ ખેડૂતોને આ ચિંતા છે. છૂટક અને જથ્થાબંધ મોંઘવારીના ઊંચા આંકડા આ વાતની ગવાહી આપી રહ્યા છે. વૃદ્ધિના પંથે અર્થતંત્ર જતું હોય ત્યારે ભાવવધારો સમાંતર પડકાર હોય તે સમજી શકાય, પરંતુ તે એટલો અનિયંત્રિત પણ ન થવો જોઈએ કે પ્રજાની ચિંતા અને ચર્ચાનો મુખ્ય વિષય બને. ગત મહિને છૂટક મોંઘવારીનો દર ૩.૬૫ ટકા હતો. આ મહિને તે ૫.૪૯ ટકા રહ્યો છે. ૧.૮૪ ટકાનો આ વધારો એટલા માટે અસરકારક છે કે, શાક, ખાદ્યતેલના ભાવમાં ઉછાળો છે અને તે મોંઘી રેસ્ટોરન્ટ્સ કે બંગલાઓને જ નહીં દરેક રસોડાંને અસર કરે છે. જથ્થાબંધ મોંઘવારીનો દર ૧.૩૧ ટકા હતો તે વધીને ૧.૮૪ ટકાએ પહોંચ્યો છે. ૦.૫૩ ટકાનો આ વધારો ખાદ્ય ચીજવસ્તુ, મેન્યુફેક્ચારિંગ ક્ષેત્રના કાચામાલના ખર્ચમાં થયેલા વધારાને લીધે છે. છૂટક મોંઘવારી દરમાં બે ટકા જેટલો સીધો કૂદકો તાજેતરના મહિનાઓનો સૌથી મોટો માસિક ઉછાળો છે. સરકાર કહે છે કે, મોંઘવારી નિયંત્રણમાં છે, પરંતુ શાકભાજી લેવા જતા બહેનો-વડીલોનાં મનમાં પ્રશ્ન એ છે કે, તો પછી શાક સો રૂપિયે કિલો શા માટે છે ટી.વી., ફ્રીઝ, વાહન કે કપડાં મોંઘા નથી થયા. રસોડાંનાં બજેટમાં જ ભડકો છે. ભાવવધારાને લીધે સામાન્ય જનતાને ફટકો પડયો છે, પરંતુ ઉત્પાદક-ખેડૂતને કોઈ ફાયદો થયો નથી. શાક મોંઘા છે, પરંતુ પાક ઓછો છે. વધારે વરસાદ જ્યાં થયો ત્યાં પણ નુકસાન છે. ભાવવધારો તો પરિવહન કે વચેટિયાઓને લીધે છે. મોંઘવારી નિયંત્રણમાં રહે, ફુગાવાનો દર વધે નહીં તે માટે થઈને જ રિઝર્વ બેન્કે ગયા અઠવાડિયે રેપોરેટમાં વધારો કર્યો. ઈએમઆઈ ભરતા લોકો માટે આ પણ નિરાશ કરે તેવી વાત છે, પરંતુ સરકાર પાસે તેનો વિકલ્પ ક્યાં નવેમ્બર-ડિસેમ્બરમાં પુરવઠો સામાન્ય થશે ત્યાર પછી વ્યાજદર ઘટવાની આશા લોકો રાખી શકે. સરકારનું પુરવઠા સંચાલન અને રિઝર્વ બેન્કની નાણાકીય નીતિ વચ્ચેનો મેળ જળવાઈ રહેશે તો તહેવાર પછી બજારની સ્થિતિ સામાન્ય થઈ શકે. કુદરતી કારણ આ વખતે છે જ, તો ફેબ્રુઆરીથી ચાલી રહેલાં યુદ્ધને લીધે ક્રૂડના ભાવ વધ્યા તેણે મોંઘવારીમાં મોટો ભાગ ભજવ્યો છે. હજી સુધી તેની અસર છે. હોર્મુઝ ક્ષેત્ર મહિનાઓ સુધી બંધ રહ્યું, પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા. થોડા દિવસો પહેલાં જ નાયરા, રિલાયન્સે પેટ્રોલના ભાવ વધાર્યા. આ તમામ પરિબળો મોંઘવારી માટે જવાબદાર છે. અગાઉના પણ અનુભવ એવા છે કે, મોંઘવારી હોય તોય તહેવારો ઉપર ખરીદીનું પ્રમાણ કંઈ સાવ તળિયે જતું હોતું નથી. ઉત્સવપ્રિય પ્રજા જરૂર પૂરતું તો બધું લે જ છે, પરંતુ એક વિચાર સતત ચાલુ રહે કે આ વખતે વસ્તુ મોંઘી પડી. મોંઘવારીની વર્તમાન સ્થિતિ સંપૂર્ણપણે માળખાંકીય ખામી નથી, પરંતુ વૈશ્વિક સ્થિતિ, ઋતુચક્ર વચ્ચે સર્જાયેલી ખેંચતાણ છે. આરબીઆઈની નાણાકીય શિસ્ત અને પુરવઠાની વ્યવસ્થા જો આ સ્થિતિને સાચવી લે તો દિવાળી પછી સ્થિતિ સુધરવાની આશા રાખી શકાય તેમ છે.

## ભારત મહત્ત્વપૂર્ણ દેશ, ટેરિફ લગાવતા પહેલા વિચારવું પડશે : માર્કો રુબિયો

### ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર અને અમેરિકાના વિદેશમંત્રી રૂબિયો વચ્ચે ૨૦મી તારીખે બેઠક યોજાવાની શક્યતાઓ છે



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**વોશિંગ્ટન, તા.૧૯ :** અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ કહ્યું હતું કે ભારત અમેરિકાનો મહત્વપૂર્ણ સહયોગી દેશ છે. તેના પર ટેરિફ લગાવતા પહેલા અમેરિકાએ વિચારવું પડશે. આ સપ્તાહમાં જ અમેરિકાના વિદેશમંત્રી ભારતની મુલાકાત માટે આવી રહ્યા છે જે પહેલા તેમણે આ નિવેદન આપ્યું હતું અને ભારતના વખાણ કર્યા હતા. અમેરિકાએ રશિયા પાસેથી ઓઈલ ખરીદનારા પાંચ સૌથી મોટા દેશોના અમેરિકા આવતા સામાન પર ૧૦૦ ટકા ટેરિફ નાખવા એક કાયદો પસાર કર્યો હતો. આ પાંચ મોટા દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે. જોકે બાદમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હાલ પુરતા આ નિર્ણયને ટાળી દીધો હતો. એવા સમયે અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયો દ્વારા ભારતના વખાણ કરવામાં આવ્યા છે તેથી સ્પષ્ટ છે કે ભારત મુદ્દે અમેરિકા હાલ નરમ પડયું છે. માર્કો રૂબિયોએ કહ્યું હતું કે ભારત પર કોઈ પણ પ્રકારના ટેરિફ નાખતા તે પ્રતિબંધો લગાવતા પહેલા વિશ્વભરમાં આવા નિર્ણયોની જે અસરો થશે તેને પણ ધ્યાનમાં લેવી પડશે. ભારતની પરિસ્થિતિ અંગે વાત કરતા અમેરિકન વિદેશમંત્રીએ કહ્યું હતું કે ભારત માટે રાતોરાત રશિયન ઓઈલથી દૂર થવું હાલ મુશ્કેલ છે. અમેરિકાએ રશિયન ઓઈલ ખરીદવા બદલ ભારત પર ટેરિફ કેમ ના નાખ્યો તેવા સવાલના જવાબમાં અમેરિકાના વિદેશમંત્રી આ નિવેદન આપ્યું હતું, તેમણે વધુમાં કહ્યું હતું કે ભારત અમેરિકાનો એક મહત્વપૂર્ણ સહયોગી દેશ છે. કોઈ પણ પ્રકારના ટેરિફ નાખતા પહેલા ભારતની જે ઉર્જા કે ફ્યુઅલની જરૂરિયાતો છે તેને પણ ધ્યાનમાં લેવી પડશે. નોંધનીય છે કે ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર અને અમેરિકાના વિદેશમંત્રી રૂબિયો વચ્ચે ૨૦મી તારીખે બેઠક યોજાવાની શક્યતાઓ છે.

## ભારતમાં પહેલીવાર ડેન્ગ્યૂ વેક્સિન આપવાનું શરૂ થયું




**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૯ :** ભારતમાં ડેન્ગ્યુથી બચાવ માટે પ્રથમ વખત વેક્સિનેશન ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. તમિલનાડુના તેનકાસી જિલ્લાના કડયનલ્લુર ખાતે પાયલટ પ્રોજેક્ટ તરીકે આ અભિયાન શરૂ થયું છે. આ અભિયાનની શરૂઆત બાદ સ્વાસ્થ્ય મંત્રી કે.જી. અરુણરાજે જણાવ્યું કે વેક્સિનના બે ડોઝ ત્રણ મહિનાના ગેપ પર આપવામાં આવશે. આ વેક્સિનથી ડેન્ગ્યુ સામે ૮૦% સુધી સુરક્ષા મળી શકે છે. આ વેક્સિન ડેન્ગ્યુના ગંભીર લક્ષણોથી રક્ષણ કરે છે.

એક અહેવાલ પ્રમાણે હાલમાં આ અભિયાન પાયલટ પ્રોજેક્ટ જ છે. મોટા લેવલે હજુ વેક્સિનેશન નહીં થશે. આ પ્રોજેક્ટના આધારે આગળનો વેક્સિનેશન કાર્યક્રમ નક્કી કરવામાં આવશે. હવે વેક્સિન સાથે જોડાયેલી આ જાહેરાતને સમજવા માટે એ જાણવું જરૂરી છે કે ડેન્ગ્યુ કેવી રીતે ફેલાય છે અને વેક્સિન કઈ રીતે કામ કરે છે.

ડેન્ગ્યુ એક વાયરલ સંક્રમણ છે, જે સંક્રમિત એડીઝ એજિપ્ટી મચ્છરના કરડવાથી ફેલાય છે. ડેન્ગ્યુ થવા પર વધુ તાવ, માથાનો દુઃખાવો, આંખો પાછળ દુઃખાવો થાય છે. કેટલાક દર્દીઓમાં ડેન્ગ્યુ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે. જેનાથી શરીરમાં પ્લેટલેટ્સ ઘટવા લાગે છે. ડેન્ગ્યુ શોક સિન્ડ્રોમ પણ થાય છે, જે મૃત્યુનું કારણ બની શકે છે. ભારતમાં દર વર્ષે ડેન્ગ્યુના કેસ આવે છે. કેટલાક લોકોના મૃત્યુ પણ થાય છે. અત્યાર સુધી તેનાથી બચવા માટે કોઈ વેક્સિન નહોતી, પરંતુ થોડા મહિનાઓ પહેલા ભારતમાં જાપાની કંપની ટાકેડાની ઊદ્ધીહષ્ક્ક વેક્સિનને મંજૂરી આપવામાં આવી હતી.

Qdenga વેક્સિન ડેન્ગ્યુ વાયરસના ચારેય સ્ટ્રેનથી બચવા માટે વિકસાવવામાં આવી છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) દ્વારા તેને ૪ થી ૬૦ વર્ષની ઉંમરના લોકો માટે મંજૂરી આપવામાં આવી છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વેક્સિન ડેન્ગ્યુથી ૮૦% સુધી રક્ષણ આપી શકે છે. વેક્સિન લાગ્યા પછી ડેન્ગ્યુથી થનારા ગંભીર લક્ષણોથી સરળતાથી બચાવ કરી શકાય છે. વેક્સિનમાં ડેન્ગ્યુ વાયરસના અત્યંત નબળા પાડેલા સ્વરૂપો હોય છે. આ વાયરસ સ્વસ્થ વ્યક્તિને બીમાર કર્યા વગર સંક્રમણ જેવી સ્થિતિ પેદા કરે છે. શરીર આ નબળા વાયરસને ઓળખે છે અને તેની વિરુદ્ધ એન્ટિબોડીઝ બનાવવાનું શરૂ કરે છે. જ્યારે એન્ટિબોડી બની જાય છે ત્યારે જો ક્યારેય વાયરસ શરીર પર હુમલો કરે છે તો તે તેને ઓળખીને ખતમ કરી નાખે છે.

## બ્રહ્મોસ કરતાં પણ ખતરનાક ભારતની હાઈપરસોનિક મિસાઈલ તૈયાર



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૯ :** ભારત પોતાની સૈન્ય તાકાતમાં અભૂતપૂર્વ વધારો કરવા જઈ રહ્યું છે. સંરક્ષણ સંશોધન સંસ્થા DRDO દ્વારા તૈયાર કરવામાં આવેલી લોંગ રેન્જ એન્ટી-શિપ મિસાઈલ (LR-AShM) એટલે કે હાઈપરસોનિક મિસાઈલ વર્ષ ૨૦૨૭ થી ૨૦૨૯ વચ્ચે ભારતીય સેનામાં સામેલ થવા માટે તૈયાર છે.

આ ઘાતક મિસાઈલની મારક ક્ષમતા આશરે ૧૫૦૦ કિલોમીટર છે અને તે અવાજ કરતાં પણ અનેક ગણી ઝડપે દુશ્મનના ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી શકે છે. શરૂઆતના તબક્કામાં દર વર્ષે ૧૦થી ૧૫ મિસાઈલ બનાવવામાં આવશે, જે બાદમાં વધારીને વાર્ષિક ૨૫થી ૪૦ યુનિટ સુધી લઈ જવાની યોજના છે. આ હાઈપરસોનિક મિસાઈલ બે તબક્કા ધરાવતા સોલિડ રોકેટ મોટરથી લોન્ચ થાય છે અને ત્યારબાદ હાઈપરસોનિક ગ્લાઈડ વ્હીકલ તરીકે ટાર્ગેટ તરફ આગળ વધે છે. તેની ટોચની ઝડપ ૧૨૩૪૮ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેનો અર્થ એ થાય કે ૧૫૦૦ કિલોમીટરનું વિશાળ અંતર કાપવામાં તેને માત્ર ૧૫ મિનિટ જેટલો જ સમય લાગશે. તે દરિયામાં સ્થિર રહેલા કે ગતિ કરી રહેલા દુશ્મન યુદ્ધજહાજો પર સચોટ પ્રહાર કરવાની પૂરી ક્ષમતા ધરાવે છે.

આ મિસાઈલનો ઉડાન માર્ગ એટલો જટિલ અને અનિશ્ચિત હોય છે કે દુશ્મનના રડાર કે એર ડિફેન્સ સિસ્ટમ માટે તેનો રસ્તો ટ્રેક કરવો કે તેને વચ્ચેથી તોડી પાડવું લગભગ અશક્ય બની જાય છે. શરૂઆતમાં તેને ભારતીય નૌકાદળની દરિયાકાંઠાની સુરક્ષા બેટરી માટે તૈયાર કરવામાં આવી રહી છે, પરંતુ આગામી સમયમાં તેને યુદ્ધજહાજ અને એરક્રાફ્ટ પરથી પણ દાગી શકાય તેવા વેરિઅન્ટ તૈયાર કરાશે. સંપૂર્ણ સ્વદેશી સેન્સર અને એવિઓનિક્સ સિસ્ટમને કારણે તેનો પ્રહાર અત્યંત ચોક્કસ રહે છે.

DRDO દ્વારા ઓડિશાના દરિયાકાંઠે આ મિસાઈલના શ્રેણીબદ્ધ સફળ પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા છે, જેમાં તેની ૧૫૦૦ કિમીની રેન્જ અને ચોક્કસ નિશાન સાધવાની ક્ષમતા સાબિત થઈ ચૂકી છે.

## એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં ભારતને મળ્યો પહેલો ગોલ્ડ

### એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ માં મોના અગ્રવાલે ભારતને પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો : શૂટિંગમાં મેડલ જીત્યો છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૯ :** એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ માં ભારતે પહેલો ગોલ્ડ મેડલ જીતી લીધો છે. મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટમાં મોના અગ્રવાલે જબરદસ્ત વાપસી કરતા ગોલ્ડ મેડલ જીત્યો. મોનાએ ફાઈનલમાં ૨૫૦ નો સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીત્યો. ભારતીય શૂટર મોના અગ્રવાલ અને અવની લેખરાએ પેરા એશિયન ગેમ્સમાં ભારતને પહેલા દિવસે સોમવારે ૨ મેડલ અપાવ્યા. ઈર વિમેન્સ ૧૦ મીટર રાઈફલ શૂટિંગની SH1 કેટેગરીમાં મોનાએ ગોલ્ડ અને અવનીએ સિલ્વર જીત્યો. SH1 કેટેગરીમાં શરીરના નીચેના અંગોમાં દિવ્યાંગતા ધરાવતા શૂટર્સ ભાગ લે છે.

આ પહેલા મોના અગ્રવાલ ક્વોલિફિકેશન રાઉન્ડમાં પણ ટોપ પર રહી હતી. તેણે ક્વોલિફિકેશનમાં ૬૨૯.૧ નો સ્કોર કરીને એશિયન પેરા ગેમ્સ રેકોર્ડ બનાવી દીધો હતો. ત્યાં જ ક્વોલિફિકેશનમાં અવની લેખરા બીજા સ્થાને રહી હતી. ભારતીય શૂટર્સે ક્વોલિફિકેશનવાળું પ્રદર્શન ફાઈનલમાં પણ દોહરાવ્યું અને ગોલ્ડની સાથે સાથે સિલ્વર મેડલ પણ પોતાના નામે કર્યો.

મોના અગ્રવાલ માટે આ ગોલ્ડ મેડલ ઐતિહાસિક છે, કારણ કે સ્ટેજ ૨ સીરીઝ ૨ પછી તે પાંચમા સ્થાને ચાલી રહી હતી. ત્યાં જ અવની લેખરા શરૂઆતથી જ સરસ લયમાં ચાલી રહી હતી. પરંતુ છેલ્લા કેટલાક શૂટ્સમાં મોના અગ્રવાલે અવિશ્વસનીય પ્રદર્શન કરતા ૨૫૦ નો સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીતી લીધો. મોના અને અવની, બંનેએ ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય કરી લીધું છે.

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ માં ભારતને પહેલો ગોલ્ડ મેડલ અપાવનારી મોના અગ્રવાલનો જન્મ રાજસ્થાનના સીકરમાં થયો હતો. તેમને માત્ર ૯ મહિનાની ઉંમરે પોલિયોએ પોતાની ચપેટમાં લઈ લીધા હતા. આણે તેમના બંને પગ પર અસર કરી હતી. પેરા શૂટિંગમાં આવ્યા પહેલા મોનાએ પેરા એથ્લેટિક્સ, પેરા પાવરલિફ્ટિંગ અને વિમેન્સ સિટિંગ વોલીબોલમાં પણ હાથ અજમાવ્યા હતા.

## સાઉદી ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોને ઘરની બહાર ન નીકળવા કહ્યું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૯ :** છેલ્લા ઘણા સમયથી સાઉદી અરબમાં હુથી વિદ્રોહીઓના હુમલા વધી રહ્યા છે. ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓના હુમલાને લઈને રિયાદમાં ભારતીય દુતાવાસ તરફથી ભારતીય નાગરિકોને સુરક્ષિત સ્થાને રહેવા અપીલ કરી છે. ભારતીય દૂતાવાસ તરફથી સાઉદી અરબમાં રહેતા ભારતીય નાગરિકોને કહેવામાં આવ્યું છે કે વિદ્રોહીઓના હુમલા પછી સુરક્ષાને ધ્યાનમાં રાખીને જે ઈમર્જન્સી સુરક્ષા નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે તેનું પાલન કરવામાં આવે. જ્યાં સુધી જોખમ ઓછું ન થાય ત્યાં સુધી લોકો પોતાના ઘરમાં રહે અને જાહેર કે ખુલ્લી જગ્યાએ ઊભા રહેવાનું પણ ટાળે.

ભારતીય દૂતાવાસ તરફથી જે અપીલ જાહેર કરવામાં આવી છે તેના પરથી સ્પષ્ટ થાય છે કે સાઉદી અરબમાં હુથી વિદ્રોહીઓના હુમલા વધી રહ્યા છે. આ સ્થિતિમાં ભારતીય નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સુરક્ષા નિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે. ભારતીય દુતાવાસ તરફથી લોકોને કહેવામાં આવ્યું છે કે લોકો ખુલ્લી જગ્યાઓએ જવાનું ટાળે અને ઘરની સુરક્ષિત જગ્યાએ રહે. સંકટ ઓછું ન થાય ત્યાં સુધી ઘરની બહાર ન નીકળે. દૂતાવાસ તરફથી ખાસ એ વાત કહેવામાં આવી છે કે લોકો પોતાના ઘરની અગાસી, બાલકની, બારીઓથી પણ દૂર રહે. ઘરની અંદરના ભાગમાં સુરક્ષિત જગ્યા હોય તે જગ્યાએ રહેવું વિતાવહ છે. ભારતીય દુતાવાસ તરફથી જાહેર કરેલા નિર્દેશમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે લોકો ભીડથી દૂર રહે અને જે જગ્યાએ જોખમ વધારે છે તેવી જગ્યાએ જવાનું ટાળે. આ સિવાય એવો આગ્રહ પણ કરવામાં આવ્યો છે કે હુમલાને લઈને તસવીરો કે વિડીયો સોશિયલ મીડિયા પર શેર ન કરવામાં આવે.

સાઉદી અરબમાં રહેતા ભારતીય નાગરિકો માટે ભારતીય દુતાવાસે જે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે તેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કાર ચલાવતી વખતે જો એલર્ટ મળે તો કારને પુલ કે ઊંચી ઈમારતથી દૂર સેફ જગ્યાએ ઊભી રાખી દેવી. આ એડવાઈઝરી સાથે લોકો માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે જોખમની સ્થિતિ હોય ત્યારે લોકો હેલ્પલાઇન નંબર પર કોલ કરીને મદદ માગી શકે છે.

## ટાઈગર શ્રોફ કેસમાં ૩ આરોપીને કોટામાંથી ઝડપી લેવામાં આવ્યા



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૯ :** બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર થયેલા ફાયરિંગ કેસમાં મુંબઈ પોલીસને મોટી સફળતા મળી છે. મુંબઈમાં ગુનાને અંજામ આપીને ટ્રેન દ્વારા ભાગી રહેલા ત્રણેય આરોપીઓને રાજસ્થાનના કોટામાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. કોટાની એસપી તેજસ્વિની ગૌતમના જણાવ્યા અનુસાર, મુંબઈ પોલીસ પાસેથી માહિતી મળતાની સાથે જ ડીએસપી અને સાયબર સેલની ટીમે માત્ર ૧૫ મિનિટમાં જ ટ્રેનને ઘેરી લીધી હતી અને સઘન તપાસ કરીને ત્રણેય આરોપીઓને દબોચી લીધા હતા. આ આરોપીઓ દિલ્હીના રસ્તે નેપાળ ભાગવાની ફિરાકમાં હતા.

પોલીસે જે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે તેમાં રેહાન (સોનિપત), હૃતિક કુર્મી ઉર્ફે રોશન (બિહાર) અને એક સગીર (નાબાલિક) સામેલ છે. પોલીસ પૂછપરછમાં એ વાત સામે આવી છે કે આ સમગ્ર વારદાતનો મુખ્ય આરોપી રેહાન હતો, જેનો સંપર્ક અનિલ પંડિત સાથે થયો હતો. આ ત્રણેય આરોપીઓ ઘટનાને અંજામ આપીને તાત્કાલિક ફરાર થઈ ગયા હતા અને પૂણે-જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં સફર કરી રહ્યા હતા. હાલ તેમની પાસેથી કોઈ હથિયાર જપ્ત થયા નથી, પરંતુ પોલીસ હથિયારો ક્યાં છુપાવ્યા છે તે અંગે પૂછપરછ કરી રહી છે.

કોટા એસપીએ જણાવ્યું કે મુંબઈ પોલીસ તરફથી મળેલા ચોક્કસ ઈનપુટ્સના આધારે આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. ટૂંક સમયમાં જ આ તમામ આરોપીઓને મુંબઈ પોલીસના હવાલે કરવામાં આવશે, જેથી આગળની કડક કાનૂની કાર્યવાહી હાથ ધરી શકાય અને આ હુમલા પાછળના મોટા નેટવર્કનો ખુલાસો થઈ શકે.

## ટાઈગર પર હુમલા બાદ સલમાન ખાનને ધમકી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૯ :** અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર થયેલા ફાયરિંગની જવાબદારી સ્વીકારનારા અનિલ પંડિતની એક ઓડિયો ક્લિપ સામે આવી છે.

મુંબઈ ક્રાઈમ બ્રાંચ દ્વારા શેર કરવામાં આવેલા આ ઓડિયોમાં અનિલ પંડિતે બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને સીધી ધમકી આપી છે અને જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ તેમજ બિશ્નોઈ સમાજની માફી માંગવા કહ્યું છે.

વાઈરલ થયેલા ઓડિયોમાં અનિલ પંડિતે કહ્યું છે કે, સલમાન ખાન, ધ્યાનથી સાંભળી લે. જો તું મારા મોટા ભાઈ લોરેન્સ બિશ્નોઈ અને બિશ્નોઈ સમાજની માફી નહીં માંગે, તો અમે તારા ઘરમાં એક કૂતરાને પણ નહીં છોડીએ. અમે તારા સમગ્ર પરિવારને બરબાદ કરી દઈશું. એવું ન વિચારતો કે તું સુરક્ષામાં છે એટલે તારું કંઈ

દમણગંગા ટાઈમ્સ

NEWS CORPORATE NEWS

## Viએ ભારતનો પ્રથમ પ્રીપેઈડ ફેમિલી પ્લાન પ્રસ્તુત કર્યો




**સુરત, તા. ૦૧ :** Viમાં Vi પે સબ હૈ VIP'નો વિચાર એ માન્યતા પર આધારિત છે. Viએ આજે Vi પ્રીપેઈડ ફેમિલી પ્લાનજાહેર કર્યો છે, જે ભારતનો સૌપ્રથમ પ્લાન છે, તેમાં પરિવારના સભ્યો દેશમાં કોઈ પણ જગ્યાએથી એકબીજાનો ડેટા શેર કરી શકે છે. આ નવો પ્લાન પ્રીપેઈડના ઉપયોગની જૂની રીતને બદલી શકે છે, જેથી યુઝરને પોતાના પરિવારના સભ્યો સાથે ડેટા શેર કરવાની સુવિધા મળે છે. ખાસ કરીને જ્યારે કોઈનો ડેટા પૂરો થાય ત્યારે. Viના તમામ એક્ટિવ પ્રીપેઈડ સબસ્ક્રાઈબર Vi એપનો ઉપયોગ કરીને ચાર સભ્ય સુધીનું એક ફેમિલી ગ્રૂપ બનાવી શકે છે. તેમાં એક મુખ્ય સભ્ય અને ત્રણ ગૌણ સભ્ય હોઈ શકે છે. દરેક સભ્યનો પોતાનો પ્રીપેઈડ પ્લાન અને તેની વેલિડિટી હોય છે. સાથે સાથે, તેઓ તેમને ડેટા શેર કરવાની સુવિધા પણ મળે છે, જેથી સંપૂર્ણ પરિવાર એકબીજા સાથે જોડાયેલો રહી શકે છે. Vi -ીપેઈડ ફેમિલીના સભ્ય એકસાથે ૫૦૦ MBનો ડેટા શેર કરી શકે છે, જેથી પરિવારના કોઈ એવા સભ્યની મદદ કરી શકાય છે, જેનો ડેટા પૂરો થવાનો છે. પરિવારના દરેક સભ્યને સ્ઝએપ મારફતે કરેલા દરેક રિચાર્જ પર ૧૦ ટકા સુધી ગેરેન્ટેડ ડિસ્કાઉન્ટનો લાભ મળશે.

## BCCIએ પ્રજ્ઞાન ઓઝાને ભારતીય ટીમના ચીફ સિલેક્ટર બનાવ્યા



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૯ :** ક્રિકેટની રમતને લઈ હાલમાં એક મોટા અને ચોંકાવનારા સમાચાર આવી રહ્યા છે. ટીમ ઈન્ડિયાને પોતાના નવા ચીફ સિલેક્ટર મળી ગયા છે, અને અજિત અગરકરનો કાર્યકાળ ખતમ થયા બાદ હવે સિલેક્શન કમિટિની કમાન પૂર્વ સ્પિનર પ્રજ્ઞાન ઓઝાના હાથમાં સોંપી દીધી છે. અજિત અગરકરની આગેવાનીમાં ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં ત્રણ આઈસીસી ટ્રોફી અને કેટલાય મોટા ખિતાબ પોતાના નામે કર્યા છે, પણ હવે બીસીસીઆઈએ એક નવો દાવ રમતા પૂર્વ સ્પિનર રમેશ પવારને પુરુષ સિલેક્શન કમિટિના નવા સભ્ય નિયુક્ત કર્યા છે. રમેશ પોવાર પાસે કોચિંગનો લાંબો અને શાનદાર અનુભવ રહ્યો છે, જેમા તેમણે મહિલા ટીમને એશિયા કપ અને કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતાડ્યો છે. હવે જોવાનું એ છે કે સીનિયોરિટીના આધાર પર કમિટીની અધ્યક્ષતા સંભાળી રહેલા પ્રજ્ઞાન ઓઝા અને રમેશ પવારની આ નવી જોડી ટીમ ઈન્ડિયાના ભવિષ્ય માટે કેવા ધમાકેદાર નિર્ણયો લે છે. બીસીસીઆઈએ સિનિયોરિટીના આધાર પર પ્રજ્ઞાન ઓઝાને પુરુષ સિલેક્શન કમિટીના અધ્યક્ષ બનાવવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય સૌથી વધારે ટેસ્ટ મેચ રમવાના માપદંડના આધાર પર લેવાયો છે. પુરુષ સિલેક્શન કમિટી કંઈક આ પ્રકારની હશે. પ્રજ્ઞાન ઓઝા, શિવ સુંદર દાસ, આરપી સિંહ, અજય રાત્રા, રમેશ પવાર, નવી સમિતિ સામે ભારતીય ક્રિકેટ માટે મજબૂત ટીમ સિલેક્શન અને ભવિષ્યના પડકારોને ધ્યાનમાં રાખતા ખેલાડીઓને મોકો આપવાની મહત્ત્વની જવાબદારી રહેશે.

## યુક્રેનનો રશિયા પર ૧૦૦૦ ડ્રોનનો મારો પિટર્સબર્ગમાં ઓઈલ ટર્મિનલમાં આગ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મોસ્કો, તા.૧૯ :** યુક્રેને રશિયાના પોર્ટ સિટી સેન્ટ પિટર્સબર્ગ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. યુક્રેને સેન્ટ પિટર્સબર્ગ સહિતના રશિયન વિસ્તારો પર એક હજારથી વધુ ડ્રોન છોડયા હતા. આ હુમલા બાદ પિટર્સબર્ગમાં ઓઈલ નિકાસ ટર્મિનલ અને ઓઈલ ડેપોમાં આગ લાગી હતી. અમેરિકા અને યુક્રેન વચ્ચે વધી રહેલી તકરાર સમયે જ યુક્રેન દ્વારા રશિયાના ૧૫ જેટલા પ્રાંતો પર આ હુમલા કરાયા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સ્કીને કહ્યું હતું કે તેઓ હવે રશિયન ઓઈલ મથકો પર હુમલા ના કરે. જોકે ટ્રમ્પની આ ચેતવણી વચ્ચે જ યુક્રેને રશિયાના ઓઈલ મથકોને જ સૌથી વધુ નિશાન બનાવીને હુમલા શરૂ કરી દીધા છે. તાજેતરમાં યુક્રેને રશિયા પર કરેલા ૧૦૦૦ ડ્રોન હુમલામાં સૌથી વધુ નુકસાન પોર્ટ સિટી તરીકે ઓળખાતા સેન્ટ પિટર્સબર્ગ શહેરમાં થયું છે. આ હુમલામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે જ્યારે અનેક લોકો ઘાયલ થયાના અહેવાલો છે. યુક્રેનના હુમલામાં પિટર્સબર્ગના ઓઈલ ટર્મિનલ અને રુચી ઓઈલ ડેપોમાં ભિષણ આગ લાગી હતી. જેને પગલે રશિયાને ભારે આર્થિક નુકલાન વેઠવુ પડયું હતું. રવિવારે રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે અમારા સુરક્ષાદળોએ રશિયાના ૧૫ જેટલા પ્રાંતમાં યુક્રેન દ્વારા છોડવામાં આવેલા ડ્રોનનો નાશ કર્યો હતો. રશિયા દ્વારા પણ યુક્રેન પર હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનના ઝેપોરિઝ્ઝીમાં રશિયાએ કરેલા હુમલામાં એક મહિલાનું મોત નિપજ્યું હતું જ્યારે એક બાળકી સહિત કેટલાક લોકો

# અન્ય સમાચારો

## ગ્રીનઝો એનર્જીએ ગ્રીન હાઈડ્રોજન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂા.૨૫૧ કરોડનું ફંડ એકત્ર કર્યું

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૧૯ :** ભારતની અગ્રણી ક્લીન-એનર્જી ટેકનોલોજી અને ઉત્પાદક કંપની ગ્રીનઝો એનર્જી ઈન્ડિયા લિમિટેડએ ત્રણ રોકાણ રાઉન્ડમાં કુલ રૂ. ૨૫૧ કરોડનું ફંડ એકત્ર કર્યું છે. કંપનીના તાજેતરના રૂા. ૧૩૦ કરોડના ફંડિંગ રાઉન્ડનું નેતૃત્વ દેશના જાણીતા રોકાણકાર આશિષ કચોલિયા અને તેમના સહયોગીઓએ કર્યું છે. આ ફંડિંગ બાદ અમદાવાદ હેડક્વાર્ટર ધરાવતી આ ગ્રીન-હાઈડ્રોજન કંપનીનું પોસ્ટ-મની મૂલ્યાંકન આશરે રૂા.૧,૦૩૦ કરોડ થઈ ગયું છે.

આ રોકાણ રાઉન્ડમાં આશિષ કચોલિયા ઉપરાંત આલ્કેમી લોંગટર્મ વેન્ચર ફંડ સિરીઝ ૩, લશિત સંઘવી, સિદ્ધાર્થ સુંદર અય્યર અને નોવા ગ્લોબલ ઓપર્ચ્યુનિટી ફંડ પીસીસી-ટચસ્ટોન જેવા અગ્રણી સંસ્થાકીય અને ખાનગી રોકાણકારોએ પણ ભાગ લીધો હતો. ગ્રીનઝો એનર્જી માટે મુખ્ય ગ્રોથ ડ્રાઈવર સાણંદ જીઆઈડીસી ખાતે આવેલો તેનો આધુનિક ૨૫૦ મેવો પ્રતિ વર્ષની ક્ષમતા ધરાવતો ઈલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન પ્લાન્ટ છે. એકત્ર કરાયેલી નવી મૂડીનો ઉપયોગ સ્વદેશી ઈલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન ક્ષમતા વધારવા, બેકવર્ડ ઈન્ટિગ્રેશન મજબૂત કરવા, સંશોધન અને વિકાસ (આરએન્ડડી), વર્કિંગ કેપિટલ જરૂરિયાતો પૂરી કરવા તેમજ દેશ અને વિદેશના બજારોમાં પ્રોજેક્ટ્સ ઝડપથી પૂર્ણ કરવા માટે કરવામાં આવશે.

### ગુજરાતમાં આવશે મોટું રોકાણ

## જાપાનના ઓસાકા ખાતે નાયબ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં હાઈ-લેવલ બેઠક યોજાઈ




**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૧૯ :** ગુજરાતને વૈશ્વિક રોકાણનું કેન્દ્રબિંદુ બનાવવાના ઉદ્દેશ સાથે રાજ્યનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ હાલ જાપાનના પ્રવાસે છે. આ યાત્રા દરમિયાન જાપાનના મહત્વના ઔદ્યોગિક શહેર ઓસાકા ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં એક વિશેષ હાઈલેવલ રાઉન્ડ ટેબલ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જાપાની કંપનીઓના વરિષ્ઠ અધિકારીઓ અને ઔદ્યોગિક આગેવાનો સાથે ગુજરાત અને જાપાન વચ્ચેની સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ તેમજ વિવિધ ક્ષેત્રોમાં મૂડીરોકાણની નવી તકો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠકને સંબોધતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ જાપાનને ઊગતા સૂર્યના દેશ તરીકે ઓળખે છે, જ્યારે ભારતનું ગુજરાત વૈશ્વિક રોકાણકારો માટે ઊગતી તકોની ભૂમિ સમાન છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગુજરાત રાજ્ય આજે સમગ્ર વિશ્વમા સ્પીડ, સ્કેલ અને સ્ટેબિલિટી માટે ઓળખાય છે. ઝડપી નિર્ણયશક્તિ, વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રાજકીય સ્થિરતાના ત્રિવેણી સંગમથી ગુજરાત વિશ્વભરના રોકાણકારો માટે શ્રેષ્ઠ ડેસ્ટિનેશન બની રહ્યું છે.

હાઈલેવલ બેઠકમાં હર્ષ સંઘવીએ જાપાનના અગ્રણી ઉદ્યોગપતિઓને ગુજરાતમાં ભવિષ્યલક્ષી ઉદ્યોગોમાં રોકાણ કરવા ખાસ આહવાન કર્યું હતું. તેમણે ખાસ કરીને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ગ્રીન એનર્જી, રિન્યુએબલ એનર્જી, ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ ક્ષેત્રે ગુજરાતમાં ઉપલબ્ધ સાનુકૂળ નીતિઓ અને ઈકોસિસ્ટમ અંગે માહિતી આપી હતી. તેમણે ખાતરી આપી હતી કે જાપાની ઉદ્યોગોને રાજ્ય સરકાર તરફથી સિંગલ વિન્ડો ક્લિયરન્સ અને પૂરતી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

## પીંપળના શ્રી બાળોજ ધામે આઠમે યજ્ઞ હવન યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૧૯ :** ચાણસ્મા તાલુકાના પીંપળ ગામે આવેલા સુપ્રસિદ્ધ શ્રી બાળોજ ધામે આસો નવરાત્રીની આઠમ પર્વ નિમિત્તે ભવ્ય યજ્ઞ-હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે માતાજીના કેસર સ્નાન અને વિશેષ પૂજા બાદ શાસ્ત્રોક્ત વૈદિક મંત્રોચ્ચાર સાથે હવનનો મંગલ પ્રારંભ થયો હતો. આ પ્રસંગે નયનરમ્ય મંદિર સજાવટ, રંગબેરંગી રોશની અને માતાજીના અલૌકિક શૃંગારે શ્રદ્ધાળુઓમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. સાંજે યજ્ઞની પૂર્ણાહુતિ બાદ આયોજિત મહાઆરતી તેમજ પ્રસાદનો માઈભક્તોએ લાભ લઈ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## ગણદેવી પોલીસે પાંચ જુગારીયાને ઝડપ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા.૧૯ :** ગણદેવી પોલીસ સ્ટેશનની ટીમે રવિવારે શહેરના ઘાંચીવાડ ખાતે મુઝાવર મંઝિલ પાછળ ખુલ્લી જગ્યામાં ચાલતા તીન પત્તીના જુગાર પર દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી પાંચ આરોપીઓ ઈરફાન અબ્દુલ કાદર શેખ (૪૨), અનવર ગફુર મુઝાવર (૬૦), સજજાદ મહમદ રહેમાન (૬૪), યુસુફ ઈબ્રાહિમ કુરેશી(૬૦) અને વાહિદ અબ્બુબકર મુઝાવર(૬૪) તમામ રહે. ગણદેવીને દબોચી લીધા હતાં.

આરોપીઓની અંગઝડતીમાં રોકડા રૂા. ૭૮૭૦ અને દાવ ઉપરનાં રોકડા બે હજાર મળી કુલ રોકડા રૂ. ૧૦,૮૭૦ તથા ગંજી પાના મળી આવ્યા હતા, જે કબજે કરી પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ગણદેવી પીઆઈ એન આઈ રાઠોડ કરી રહ્યાં છે.

## વાપી મોરારજી સર્કલથી દારૂ ભરેલો ટેમ્પો સાથે બે ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૯ :** વલસાડ LCB એ બાતમીની ટીમે તા. ૧૮/૧૦/૨૦૨૬ ના રોજ ASI અજયભાઈ ચૌધરી અને સ્ટાફ વાપી GIDC વિસ્તારમાંથી ટાટા પીકઅપ ટેમ્પો નં. DN-09-K-9701માં પતરાના બેરલમાં વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે વાપી ઓવરબ્રીજ પર વોચ ગોઠવી ટેમ્પોને રોકવાનો પ્રયાસ કરતા ચાલકે ટેમ્પો ભગાવ્યો હતો. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી વૈશાલી ચાર રસ્તા, સર્વિસ રોડ થઈ મોરારજી સર્કલ પાસે ટેમ્પોને ઓવરટેક કરી પકડ્યો હતો. તપાસમાં ટેમ્પોમાંથી નાના બેરલમાં છુપાવેલી ૭૧૯ નંગ વિદેશી દારૂની બોટલો, કુલ ૧૮૧.૩૨૦ લીટર, કિંમત રૂા. ૩,૦૨,૮૪૮નો મુદ્દામાલ મળ્યો હતો. સાથે ૫ લાખનો ટેમ્પો, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂા. ૮,૨૩,૮૪૮ નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. ચાલક અજય વરઠા અને ક્લીનર ઈન્દિયાભાઈની ધરપકડ કરી વોન્ટેડ કિરણ વરઠા સહિત ૩ સામે ગુનો નોંધાયો છે.

## વાપીમાં સીસીકા દ્વારા નવરાત્રી ગરબા યોજાયા

### ગરબામાં ૭થી ૯૫ વર્ષના વડીલોએ ઝૂમીને માતાજીની આરાધના કરી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૯ :** વાપી સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રમુખ દિનેશભાઈ દેસાઈની આગેવાનીમાં નવરાત્રી પર્વ નિમિત્તે ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ શનિવારે સાંજે સિનિયર સિટીઝન કાઉન્સિલના હોલમાં યોજાયેલા આ ગરબા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નવરાત્રી પર્વની ધાર્મિક ભાવનાને ધ્યાનમાં રાખીને આયોજિત આ કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત સભ્યો દ્વારા માતાજીની આરતી સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રમુખ દિનેશભાઈ દેસાઈના આમંત્રણને માન આપી વલવાડાનાં નિવાસી શ્રીમતી રેખાબેન પ્રદીપભાઈ દેસાઈ તેમજ ચલા વિસ્તારનાં પ્રમુખ પૂજાબેન અને તેમના સભ્યોએ ગરબા કાર્યક્રમમાં હાજરી આપી હતી.

આ વર્ષે યોજાયેલા ગરબા કાર્યક્રમમાં ૧૩૦થી વધુ સિનિયર સિટીઝનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગરબાની રમઝટ જમાવવા માટે મ્યુઝિક પાર્ટીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સંગીતના સૂર અને માતાજીના ગરબાની ધૂન પર ઉપસ્થિત વડીલો મન મૂકીને ઝૂમ્યા હતા. આ કાર્યક્રમની વિશેષતા એ રહી હતી કે તેમાં સાત વર્ષનાં બાળકો સહિત ૯૫ વર્ષ સુધીની વયના વડીલો ગરબા રમતા જોવા મળ્યા હતા. ઉંમરને બાજુ પર રાખીને વડીલોએ જે ઉત્સાહ અને ઉમંગ સાથે ગરબે ઘૂમ્યા તે સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ધાર્મિક અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. ઉપસ્થિત તમામ સભ્યોએ માતાજીના ગરબાનો આનંદ માણ્યો હતો અને એકબીજા સાથે આનંદભરી પળો વિતાવી હતી. વડીલોના જીવનમાં ઉત્સાહ, આનંદ અને સામાજિક એકતા જળવાઈ રહે તેવા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમને સૌએ માણ્યો હતો. ગરબા રમવા તથા કાર્યક્રમ નિહાળવા માટે ઉપસ્થિત રહેલા તમામ લોકો માટે આયોજકો દ્વારા દૂધ-પૌંઆ અને દેસાઈ વડાના નાસ્તાની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## આજે “FSAS –Fertilizer Sale Application System”નો શુભારંભ થશે

**વલસાડ, તા.૧૯ :** ભારત સરકાર દ્વારા ખેડૂતોને સબસીડાઈઝ ખાતર સરળતાથી, પારદર્શક રીતે તેમજ સમયસર ઉપલબ્ધ થાય તે હેતુસર “FSAS –Fertilizer Sale Application System” એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ એપ્લિકેશન દ્વારા ખેડૂતો રિટેલ સબસીડાઈઝ ખાતર વિક્રેતા/ સહકારી મંડળી પરથી ખાતર ખરીદતા પહેલા મોબાઈલ મારફતે ખાતરનું અગાઉથી બુકિંગ કરી શકશે. જેના કારણે ખાતરની ઉપલબ્ધતા અંગે પૂર્વ માહિતી તેમજ ખાતર મેળવવાની પ્રક્રિયા વધુ સરળ, સુવ્યવસ્થિત અને પારદર્શક બનશે. ઉપરોક્ત સિસ્ટમની અમલવારી તા. ૨૦ ઓક્ટોબરને દશેરાના પર્વે જિલ્લામાં શરૂ થનાર છે.

આ નવી ડિજિટલ વ્યવસ્થા દ્વારા ખાતર વિતરણ પ્રક્રિયામાં પારદર્શિતા વધશે, અનઆવશ્યક ભીડમાં ઘટાડો થશે તેમજ ખેડૂતોને સમયસર ખાતર ઉપલબ્ધ કરવામાં સહાય મળશે. જેથી જિલ્લાના તમામ ખેડૂતમિત્રોને અનુરોધ કરવામાં આવે છે કે પોતાની ખેડૂત નોંધણી કરાવી તેઓ આ નવી એપ્લિકેશન મારફત ખાતર ખરીદી અંગે માહિતી મેળવી તેનો વધુમાં વધુ લાભ મેળવે તથા આગામી સમયમાં શરૂ થનારી Pre-booking સુવિધાનો ઉપયોગ કરવા માહિતગાર રહે. જિલ્લાના ખાતર વિક્રેતાઓ, સહકારી મંડળીઓ તથા ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુ માહિતી માટે નજીકની તાલુકાના મદદનીશ ખેતી નિયામકની કચેરી તથા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ની કચેરીનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## સરકારે જ જળસંકટ હોવાનું સ્વીકાર્યુ

**(સંપૂર્ણ સમાચાર સેવા**

**અમદાવાદ, તા.૧૯:** રાજ્ય સરકારના જવાબદાર મંત્રી જ જાહેરમાં આવીને કહી દે કે ‘પાણી આપી શકાય તેમ નથી’, ત્યારે પરિસ્થિતિ કેટલી ગંભીર હશે તેનો અંદાજ સરળતાથી લગાવી શકાય છે. બનાસકાંઠા અને વાવ-થરાદ પંથકમાં આગામી ઉનાળામાં સર્જાનારા ભયાનક પાણી સંકટ પર ખુદ મંત્રી સ્વરૂપજી ઠાકોરે મહોર મારી દીધી છે અને ખેડૂતોને અત્યારથી જ સાવધ કરી દીધા છે.મંત્રી સ્વરૂપજી ઠાકોરે ખેડૂતોને સલાહ આપી કે, એવા જ પાક વાવજો જે ઓછા પાણીમાં થઈ શકે સામાન્ય રીતે ચૂંટણીઓ કે જાહેરસભાઓમાં પાણીના મોટા-મોટા વાયદાઓ થતા હોય છે, પરંતુ આ વખતે વાસ્તવિકતા કડવી છે. એક સમારોહમાં મંત્રી સ્વરૂપજી ઠાકોરે સ્વીકાર્યું કે, ચાલુ વર્ષે ઓછા વરસાદના કારણે નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી શકાય તેમ નથી.સરકાર સક્ષમ નથી તેવી સ્થિતિ સર્જાઈ છે, તેથી ખેડૂતોએ પોતાની વ્યૂહનીતિ જાતે જ બદલવી પડશે. હવે વાવ-થરાદના જગતના તાત ચિંતામાં મુકાયા છે. ખેડૂતો હવે વધુ પાણી પીતા પાકો ઉગાડવાનું જોખમ લઈ શકશે. નહીં. મંત્રી એ ખેડૂતોને ચેતવ્યા કે, આ વર્ષે માત્ર એવા જ પાક વાવજો જે ઓછા પાણીમાં ઊતરી શકે, નહિતર પાક સુકાઈ જશે.જો ખેડૂતો સરકારના ભરોસે રહીને વધુ પાણીવાળા પાકોનું વાવેતર કરશે, તો ઉનાળામાં સિંચાઈ વગર મોઢે આવેલો કોળિયો છીનવાઈ જશે તે નક્કી છે.

## શિયાળુ વાવેતર સામે મોટું સંકટ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**પાટણ, તા.૧૯ :** મેઘરાજાની લાંબી રાહ, ખેતરોમાં સુકાતો પાક અને માથે શિયાળુ વાવેતરની ચિંતા. પાટણ જિલ્લામાં વરસાદની ખેંચે ખેડૂતોની મુશ્કેલી વધારી છે. એક તરફ ચોમાસુ પાક નિષ્ફળ જવાની ભીતિ છે, તો બીજી તરફ શિયાળુ પાકના વાવેતર માટે સુજલામ સુફલામ કેનાલના પાણીની આશા છે. જો સમયસર પાણી નહીં મળે, તો ખેડૂતોની મહેનત અને મૂડી બંને જોખમમાં મુકાઈ શકે છે. ખેતરોમાં જ્યાં લીલીછમ હરિયાળી છવાવી જોઈએ, ત્યાં વરસાદના અભાવે પાક પીળો પડી રહ્યો છે. બિયારણ, ખાતર, દવા અને મજૂરી પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કરનારા ખેડૂતો હવે પોતાના પાકને બચાવવા માટે આકાશ તરફ મીટ માંડીને બેઠા છે.

વરસાદની અછતને કારણે ચોમાસુ પાક સામે સંકટ ઊભું થયું છે, ત્યારે ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. હવે ખેડૂતો માટે શિયાળુ વાવેતર પણ મોટો પડકાર બન્યું છે. ચણા, રાયડો, ઘઉં અને જીરું જેવા મુખ્ય પાકના વાવેતરની તૈયારી શરૂ થઈ છે, જ્યારે કેટલાક ખેડૂતોએ રાયડાનું વાવેતર પણ શરૂ કરી દીધું છે.

## સેલવાસમાં ઈ-ચલણ વસૂલાત ઝુંબેશમાં રૂા. ૮.૮૪ લાખ વસૂલાયા

**સેલવાસ, તા.૧૯ :** દાદરા અને નગર હવેલીના ટ્રાફિક વિભાગે બાકી રહેલા ટ્રાફિક ઈ-ચલણની વસૂલાત માટે વિશેષ ઝુંબેશ તેજ કરી છે. ૨૯ સપ્ટેમ્બરથી ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન હાથ ધરાયેલી આ ઝુંબેશમાં ૪૧૧ વાહનોનાં બાકી ઈ-ચલણની વસૂલાત કરવામાં આવી હતી અને કુલ રૂા. ૮.૮૪ લાખની રકમ જમા કરવામાં આવી હતી. આ ઉપરાંત, ૧૪૨થી વધુ વાહનોને અટકાવી બાકી ઈ-ચલણની રકમ ભરપાઈ કરાવ્યા બાદ મુક્ત કરવામાં આવ્યાં હતાં.

ટ્રાફિક વિભાગના જણાવ્યા અનુસાર, સુપ્રીમ કોર્ટના ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના આદેશને પગલે આ કાર્યવાહી વધુ સઘન બનાવવામાં આવી છે. એસ. રાજશેખરન વિરુદ્ધ ભારત સંઘ અને અન્ય કેસમાં સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા ૨૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ જારી કરાયેલી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી)નો અમલ કરવા તથા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૩૬એ અને કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૬૭એનું પાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

વિભાગે તમામ વાહનમાલિકોને પોતાના વાહનના ઈ-ચલણની સ્થિતિ તપાસી બાકી રકમ તાત્કાલિક ભરપાઈ કરવા અપીલ કરી છે. ઈ-ચલણની વિગતો માટે સત્તાવાર વેબસાઈટ https://echallan.parivahan.nic.in પર જઈ શકાય છે. વિભાગે એસએમએસ દ્વારા મળતા સંદેશા અથવા લિંકની ખરાઈ કર્યા બાદ જ ચુકવણી કરવાની સલાહ આપી છે.

નિયમિત ટ્રાફિક ચેકિંગ અને વિશેષ ઝુંબેશ દરમિયાન બાકી ઈ-ચલણ ધરાવતાં વાહનોની ઓળખ કરવામાં આવશે. લાગુ પડતા કાયદા અને નિર્ધારિત પ્રક્રિયા મુજબ આવા વાહનો જપ્ત કરવાની કાર્યવાહી થઈ શકે છે. બાકી દંડની રકમ તથા વારંવારના ટ્રાફિક નિયમભંગના કિસ્સામાં ડ્રાઈવિંગ લાઈસન્સ, વાહન નોંધણી પ્રમાણપત્ર (આરસી), પીયુસી, ફિટનેસ સર્ટિફિકેટ અને વાહનની માલિકી હસ્તાંતરણ સંબંધિત બાબતોમાં પણ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

### જાહેર નોટીસ

**મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૭૩/૨૦૨૬**
**મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬**

અરજદાર : ઝીણાભાઈ શુક્કરભાઈ જાદવ
રહે. બારોલીયા, જાવ ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ
હાલ રહે. : બી-જે-ઘ-૧૧, પારચુર શાસ્ત્રી-નગર, કામેલા દરવાજા, સુરત સીટી, સુરત, તા.જી.સુરત

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી,**
**તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ-પંચાયત, બારોલીયા**
**તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના માતા બાયજીબેન શુક્કરભાઈ જાદવનું મરણ તા.૧૪/૦૭/૧૯૯૧ના રોજ મોજે ગામ-બારોલીયા, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયુંહતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.
આજરોજ તા.૧૬મી, માહે-ઓક્ટોબર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | | સહી/- |
| (એચ.એન. પટેલ) | (એમ.વી. પટેલ) | | (પી.એમ. ડાભી) |
| આસિસ્ટન્ટ | સુપ્રિટેન્ડેન્ટ, | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, |
| સીવીલ કોર્ટ, ધરમપુર | સીવીલ કોર્ટ, ધરમપુર | | ધરમપુર |

### જાહેર નોટીસ

**મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૭૪/૨૦૨૬**
**મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬**

અરજદાર : ઝીણાભાઈ શુક્કરભાઈ જાદવ
રહે. બારોલીયા, જાવ ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ
હાલ રહે. : બી-જે-ઘ-૧૧, પારચુર શાસ્ત્રી-નગર, કામેલા દરવાજા, સુરત સીટી, સુરત, તા.જી.સુરત

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી,**
**તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ-પંચાયત, બારોલીયા**
**તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના પિતા શુક્કરભાઈ કાળિયાભાઈ જાદવનું મરણ તા.૦૨/૦૬/૧૯૯૦ના રોજ મોજે ગામ-બારોલીયા, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયુંહતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.
આજરોજ તા.૧૬મી, માહે-ઓક્ટોબર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | | સહી/- |
| (એચ.એન. પટેલ) | (એમ.વી. પટેલ) | | (પી.એમ. ડાભી) |
| આસિસ્ટન્ટ | સુપ્રિટેન્ડેન્ટ, | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, |
| સીવીલ કોર્ટ, ધરમપુર | સીવીલ કોર્ટ, ધરમપુર | | ધરમપુર |

### LOST DOCUMENT NOTICE

I, Dr. Nikita Kumari, hereby declare that my MBBS Permanent Registration Certificate issued by the Gujarat Medical Council, bearing Registration No. G-99095, issue date 17 July 2025, has been lost/misplaced. Despite my best efforts, the original certificate could not be traced. This notice is being published for the purpose of obtaining a duplicate registration certificate from the Gujarat Medical Council.
Place: SILVASSA
Date: 19/10/2026
Name: Nikita Kumari
Registration Number: G-99095
Date of Issue: 17 July 2025
Document: MBBS Permanent Registration Certificate
Issuing Authority: Gujarat Medical Council
















દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Tuesday 20, October 2026

# દમણગંગા ટાઇમ્સ




**ડુંગરી આરઓબી પર સીડીની સવલત**

ડુંગરી રેલવે ઓવરબ્રિજ પર વધતા અકસ્માતોને ધ્યાનમાં રાખીને સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા તાત્કાલિક ધોરણે સીડી બનાવવાના નિર્દેશના પગલે આજે આ સીડી જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી છે.





## પારનેરા ડુંગર પર નવરાત્રીના છેલ્લા દિવસે દર્શનાર્થીઓ ઉમટયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** નવલી નવરાત્રિના પાવન પર્વના અંતિમ એટલે કે નવમા નોરતે વલસાડ પંથકમાં ભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. શહેરના પૌરાણિક શ્રી અંબામાતા મંદિર તેમજ ઐતિહાસિક અને આસ્થાના કેન્દ્ર સમાન પાશનેરા ડુંગર પર બિરાજમાન શ્રી ચંદિકા, નવદુર્ગા, અંબિકા અને મહાકાળી માતાજીના મંદિરે દર્શનાર્થે ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડી દર્શન કર્યા હતા.

મોડી રાતથી જ પારનેરા ડુંગર પર માતાજીના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓની લાંબી કતારો લાગી ગઈ હતી. પગથિયાં ચડીને ડુંગર પર જતા ભક્તોના 'જય માતાજી' અને 'બોલ મારી અંબે, જય જય અંબે'ના નારાથી સમગ્ર પર્વતમાળા ગુંજી ઊઠી હતી. વહેલી સવાર થતાં સુધીમાં ભક્તોની સંખ્યામાં સતત વધારો નોંધાયો હતો અને વાતાવરણ સંપૂર્ણપણે ભક્તિમય બની ગયું હતું.દૂર-દૂરથી દર્શનાર્થે પહોંચેલા ભક્તોને કોઈ અગવડ ન પડે તે માટે મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો અને સંચાલકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ડુંગર ચડતા ભક્તો માટે ઠેર-ઠેર શુદ્ધ પીવાના પાણી, પૂરતી લાઈટ, શૌચાલય તેમજ કોઈ અનિચ્છનીય ઘટના કે આરોગ્યની સમસ્યા સામે તાત્કાલિક સારવાર મળી રહે તે માટે મેડિકલ ટીમ સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ હતી.

વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો તથા ઉત્સાહી સ્વયંસેવકો રાતભર ખડેપગે સેવા આપતા નજરે પડ્યા હતા. શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત માહોલમાં હજારો માઈભક્તોએ શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

## વાપી અંબામાતા મંદિરે આઠમનો હવન યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વાપી, તા. ૧૯ :** વાપીના પ્રસિદ્ધ અંબામાતા મંદિરે આજે આઠમના પાવન દિવસે ભવ્ય હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે આયોજિત આ હવનમાં બેસ્ટ પેપર મિલના ડાયરેક્ટર નીતિનભાઈ ઓઝા સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી હવનમાં આહુતિ આપી હતી અને માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સમગ્ર નવરાત્રિ દરમિયાન મંદિરમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. નવ દિવસ સુધી દરરોજ સાંજથી મોડી રાત સુધી હજારો ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી નવરાત્રિ મહોત્સવનો આનંદ માણ્યો હતો. સાથે જ નવ દિવસ દરમિયાન માતાજીના દર્શન માટે રોજ હજારો ભક્તોની ભીડ ઉમટી પડી હતી. વહેલી સવારથી મોડી રાત સુધી દર્શનાર્થીઓની લાંબી કતારો જોવા મળી હતી. આઠમના હવન બાદ નવમીના દિવસે પૂર્ણાહુતિ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવશે.

## કરવડ ઇન્ડ. એસ્ટેટમાં વર્કશોપમાંથી રૂા. ૬૮ હજારના માલ સામાનની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વાપી, તા. ૧૯ :** વાપીના કરવડ દમણગંગા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલા વર્કશોપમાંથી ચોરીની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી હિતેશભાઈ ભગુભાઈ પટેલ, ઉ.વ.૪૪, રહે. ચીખલા દુર્લભનગર, વલસાડ શાંતા ગુલાબ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં શુભ એન્જીનીયરીંગ વર્કસ શોપ ચલાવે છે. તેઓ વાલ્વ સર્વિસનું કામ કરે છે. ગઈ તા. ૧૦/૧૦/૨૦૨૬ ના રોજ તેમના ભાણેજ અવિ પટેલ છોટા હાથી ટેમ્પો નં. GJ-15-AV-5620 માં વાપીની મેગાફાઈન ફાર્મા કંપનીના ૨ નંગ વાલ્વ તથા આયુશી કંપનીનો એસ એસ બ્રેકેટ સર્વિસ માટે લાવી વર્કશોપના કંપાઉન્ડમાં પાર્ક કરી ગયા હતા.

તા. ૧૨/૧૦/૨૦૨૬ ના સવારે સામાન ઉતારવા જતા ટેમ્પોમાંથી વાલ્વ નંગ-૨ કિ.રૂ. ૪૦,૦૦૦ અને બ્રેકેટ કિ.રૂ. ૨૮,૩૮૦ મળી કુલ રૂા. ૬૮,૩૮૦ ની ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું.

બનાવ તા.૧૦ ના સાંજે ૬.૧૫ થી તા.૧૨ ઓકટો.ના સવારે ૧૦.૩૦ દરમિયાન બન્યો હતો. પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વાપીમાં પાણીના બહાને ગોડાઉનમાંથી ૬૪ હજારના કોપર વાયરની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વાપી, તા. ૧૯ :** વાપીના કરવડ વિસ્તારમાં ચોરીની અનોખી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. જેમાં પાણી પીવાના બહાને મહિલા કોપર વાયર ચોરી ગઈ હતી. ફરિયાદી વિવેક યોગેન્દ્ર તિવારી ઉ.૩૨, મૂળ ઉત્તર પ્રદેશ, હાલ ચણોદ ખાતે રહે છે અને કરવડ તુલસી હોટલની સામે પરમ લોજીસ્ટીક હબ, ગાળા નં.૯, પી એમ પી સપ્લાય ચેઈન એલ એલ પી ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં મેનેજર તરીકે નોકરી કરે છે.

ગઈ તા. ૦૪/૧૦/૨૦૨૬ ના રોજ સવારે સાડા આઠ વાગ્યે તેઓ ગોડાઉન પર હાજર હતા. તે દિવસે તેમની સાથે એક કર્મચારી અવતારસીંગ અને પાંચ લેબર હાજર હતા. સવારે ૧૦ વાગ્યાના અરસામાં ૬ અજાણી સ્ત્રીઓ ૩ નાના બાળકો સાથે ગોડાઉનમાં પાણી પીવાના બહાને આવી હતી. ફરિયાદીએ પાણી પીવા દીધું પણ મહિલાઓ બીજી બીજી વાતો કરવા લાગતા તેઓએ બહાર નીકળવા કહેતા જતી રહી હતી.

બે દિવસ બાદ તા. ૦૬/૧૦/૨૦૨૬ ના રોજ રાજકોટ હેડ ઓફિસથી જાણ થઈ કે એપલ ઈન્ડસ્ટ્રીયલ વાયર કંપનીના કોપર વાયરના ૨૪ બોક્સમાંથી ૨૨ બોક્સ જ મળ્યા છે. બધા ગોડાઉનોમાં તપાસ કરવા છતા ૨ બોક્સ ન મળ્યા.

આથી તા. ૦૩/૧૦/૨૦૨૬ થી સીસીટીવી ફૂટેજ તપાસતા તા. ૧૮/૧૦/૨૦૨૬ ના રોજ ખુલાસો થયો કે પાણી પીવા આવેલી મહિલાઓ પૈકી બે મહિલાઓ ૪૨ કિલો વજનના ૨ બોક્સ કિં. રૂા. ૬૪,૮૯૯ ની ચોરી કરી લઈ ગઈ હતી. ડુંગરા પોલીસે અજાણી મહિલાઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ચીખલીમાં જૂની અદાવતે ૬ ઈસમોએ એકને માર મારતાં પોલીસ ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૯ :** ચીખલી તાલુકાના કાકડવેલ મંદિર ફળિયા ખાતે રહેતા તલેસ ઈશ્વરભાઈ પટેલ ઉ.વ.૩૪ જેઓ ને તારીખ ૧૬. ૧૦. ૨૬ ના રોજ વિમલ રમેશ પટેલ રહે વેલણપુર તા. ચીખલી સાથે સામાન્ય બાબતે બોલાચાલી થયેલ બાદમાં તારીખ ૧૭. ૧૦. ૨૬ ના રોજ વિમલ પટેલે તલેશ પટેલને ફોન ઉપર જણાવેલ કે તલેશભાઈ ક્યાં છો મારે મળવું છે દરમિયાન તલેશ પટેલ વેલણપુર ખાતે પહોંચતા ત્યાં તેમને સ્નેહલ સુરેશ પટેલ રહે. કાકડવેલ ગોડાઉન ફળિયા, વિમલ રમેશ પટેલ રહે.વેલણપુર પટેલ ફળિયા, વિક્કી નમલા પટેલ રહે વેલણપુર દુકાન ફળિયા તા. ચીખલી તેમજ ત્રણ અજાણ્યા ઈસમો જેઓના નામ ઠામની ખબર નથી દરમિયાન વિમલ પટેલે ઈશારો કરતા તલેશ પટેલે પોતાની મોટરસાયકલ ઉભી રાખી હતી તે વખતે સ્નેહલ પટેલે હાથથી તલેસ પટેલને માર મારતા તેમજ સાથેના માણસોએ તલેશ પટેલને મોટરસાયકલ ઉપરથી નીચે પાડી માર મારવા લાગેલ તેમજ ફરિયાદી તલેશ પટેલે તેઓને કહેલ કે હજુ પણ મને મારવો હોય તો મારો તેવું કહેતા સ્નેહલ પટેલે ફરિયાદી ને કહેલ કે તારાથી થાય તે કરી લેજે તું રોજના આ રસ્તા ઉપર થી જ નીકળવાનો છે એવી ધમકી આપી તમામ હુમલાખોરો ત્યાંથી નીકળી ગયા હતા જોકે હુમલાને કારણે તલેશ પટેલને આંખ, નાખ તથા પીઠના ભાગે ઈજા પહોંચતા તેને રૂમલા સરકારી દવાખાના ખાતે સારવાર લેવાની નોબત આવી હતી.

## ધરમપુર હોસ્ટેલ વિવાદમાં ચારેય આરોપીઓને હાઈકોર્ટમાંથી રાહત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**ધરમપુર, તા. ૧૯ :** ધરમપુરની વનરાજ કોલેજ હોસ્ટેલમાં થયેલા વિવાદના કેસમાં ગુજરાત હાઇકોર્ટે ચાર આરોપીઓની નિયમિત જામીન અરજીઓ મંજૂર કરી છે. નામદાર ગુજરાત હાઇકોર્ટના ન્યાયમૂર્તિ હસમુખ ડી. સુથારની અદાલતમાં આ અરજીઓ પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. હાઇકોર્ટ દ્વારા જામીન મંજૂર કરવામાં આવેલા આરોપીઓમાં મનનભાઈ મહેશભાઈ પટેલ, જયદીપભાઈ જયેશભાઈ પવાર, પ્રેમ અશોકભાઈ મહલા અને રાજ ઓમપ્રકાશ ખારવરનો સમાવેશ થાય છે. આ કેસમાં આરોપીઓ તરફથી એડવોકેટ દર્શન એ. દવે અને એડવોકેટ યશ એ. ગોપલાણીએ કાયદાકીય રજૂઆતો કરી હતી. અદાલતે કેસની હકીકતો, આરોપીઓની કસ્ટડી અને અન્ય સંબંધિત પાસાઓને ધ્યાનમાં લઈને નિર્ધારિત શરતોને આધીન ચારેય આરોપીઓને નિયમિત જામીન મંજૂર કર્યા હતા. આમ, સેશન્સ કોર્ટ દ્વારા જામીન અરજીઓ નામંજૂર કરવામાં આવ્યા બાદ ચારેય આરોપીઓને નામદાર ગુજરાત હાઇકોર્ટમાંથી નિયમિત જામીન મંજૂર કરવામાં આવ્યા હતા.

## વલસાડ 'આપ' પાર્ટી દ્વારા આદિવાસી ન્યાય યાત્રા' યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વલસાડ, તા. ૧૯ :** આમ આદમી પાર્ટી, વલસાડ દ્વારા 'આદિવાસી ન્યાય યાત્રા'ના આયોજન અંગે મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં તથા તેમને ન્યાય મળે તેવી માંગ સાથે આમ આદમી પાર્ટી દ્વારા ઉમરગામથી અંબાજી સુધી 'આદિવાસી ન્યાય યાત્રા'યોજવામાં આવશે. આ આદિવાસી ન્યાય યાત્રામાં આમ આદમી પાર્ટીના ઈસુદાન ગઢવી અને ગોપાલ ઈટાલિયા પણ ઉપસ્થિત રહેશે. આ યાત્રા દ્વારા આદિવાસી સમાજના ન્યાય અને અધિકારોના મુદ્દાઓને ઉજાગર કરવામાં આવશે. આ યાત્રાની સમાપન મહાસભા ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. આ અભિયાનના માધ્યમથી ધારાસભ્ય ચૈતર વસાવાને ન્યાય મળે તેવી માંગ સાથે પક્ષ દ્વારા જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

## સોળસુંબા ગ્રા.પં. દ્વારા સરકારી જમીન અંગે દુકાનધારકને નોટિસ

### હાઈકોર્ટના આદેશના અનુસંધાને કાર્યવાહી; ૨૩ ઓક્ટોબરે પુરાવા રજૂ કરવા જણાવાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૯ :** ઉમરગામ તાલુકાના સોળસુંબા ગામમાં સરકારી જમીન પર દબાણ હોવાના મુદ્દે ગ્રામ પંચાયત દ્વારા સંબંધિત દુકાનધારકને નોટિસ આપવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ સ્પેશિયલ સિવિલ અરજી (SCA No. ૧૧૮૭૩/૨૦૨૬)માં તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ થયેલા આદેશના અનુસંધાને આ નોટિસ જારી કરવામાં આવી હોવાનું તેમાં જણાવાયું છે. ગ્રામ પંચાયતની નોટિસ મુજબ, આ મામલે અગાઉ તા. ૧૭ સપ્ટેમ્બર અને ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પણ નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ હાઈકોર્ટના આદેશને અનુસરીને અગાઉની નોટિસને કારણદર્શક નોટિસ (Show Cause Notice) તરીકે ગણવામાં આવી છે.

નોટિસમાં સંબંધિત દુકાનધારકને તા. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યે ગ્રામ પંચાયત કચેરીમાં હાજર રહી પોતાનો પક્ષ રજૂ કરવા જણાવાયું છે. જો સંબંધિત વ્યક્તિ પાસે જમીન અથવા દુકાન અંગે માલિકી હક, કાયદેસર કબજો કે અન્ય આધારભૂત દસ્તાવેજો હોય, તો તે રજૂ કરવા સૂચના આપવામાં આવી છે. નોટિસમાં વધુમાં જણાવાયું છે કે, નિયત સમયમર્યાદામાં જરૂરી પુરાવા રજૂ નહીં કરવામાં આવે અથવા દબાણ ન હોવા અંગે સંતોષકારક ખુલાસો નહીં મળે, તો ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૦૫ તથા સંબંધિત નિયમો હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે. હાલમાં આ મામલે ગ્રામ પંચાયત દ્વારા નોટિસ જારી કરવામાં આવી છે. સંબંધિત દુકાનધારકનો પક્ષ અને રજૂ કરવામાં આવનારા દસ્તાવેજો અંગે નોટિસમાં કોઈ વિગતો આપવામાં આવી નથી. આગામી કાર્યવાહી બાદ જ આ મામલે વધુ સ્પષ્ટતા થઈ શકશે.

## એંધલમાં દારૂની ખેપમાં ઝડપાયેલા ૪ ટ્રાફિક જવાનોના રિમાન્ડ મંજુર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૧૯ :** ગણદેવી નાં એંધલ હાઈવે નં.૪૮ ઉપર સુરત ટ્રાફિક નાં પોલીસ વિદેશી દારૂ ખેપ પ્રકરણમાં આરોપીઓને નામદાર કોર્ટમાં રજૂ કરી ચાર દિવસના રિમાન્ડ ની માંગ કરાઈ હતી. જેમાં કોર્ટે સોમવાર સાંજે ૫ કલાક સુધીના ૧ દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા. બીજી તરફ સુરત પોલીસ માં ફરજ બજાવતા ચારેય આરોપી પોલીસ જવાનો ને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ગણદેવી નાં એંધલ ગામ ની સીમ માં શનિવાર રાત્રે વાહન ચેકીંગ દરમ્યાન દમણ તરફથી આવતી સ્વીફ્ટ કાર નં.જીજે ૦૮ ડીએમ ૫૨૫૪)માં રૂ.૩૫ હજારનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેમાં સુરત ટ્રાફિક પોલીસ તરીકે નોકરી કરતા અંકિત દેવડા, પિન્ટુ ડુંગાઈસા, દિતા ચૌહાણ અને રાહુલ ધ્રાંગી અને તેમનો સાગરીત રત્ન કલાકાર દેવરાજ રબારી એ નવસારી એલસીબી પોલીસ જવાન તાહિરઅલી ને માર માર્યો હતો અને તે બાદ ભાગી નીકળ્યા હતા. પોલીસે તેઓનો ફિલ્મી ઢબે પીછો કરી વેસ્મા હાઈવે ઉપર થી દબોચી લીધા હતા. અને કાયદા નું ભાન કરાવ્યું હતું. આરોપી વિરુદ્ધ પ્રોહીબિશન, ધાકધમકી, પોલીસ ફરજમાં રુકાવટ અને મારામારી કરી ભાગી જવા અંગે ગુના નોંધી ગણદેવી પોલીસે નામદાર કોર્ટમાં રજૂ કરી ચાર દિવસ નાં રિમાન્ડ માંગ્યા હતા. જેમાં કોર્ટે સોમવાર સાંજે પાંચ કલાક સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા. બીજી તરફ દારૂ ની ખેપ મારી પોલીસની આબરૂ ને લાંછન લગાવનાર ચારેય પોલીસ જવાનોને સુરત પોલીસ દળ માંથી સસ્પેન્ડ કરાયા હતાં. એવી પોલીસ સૂત્રો પાસેથી જાણકારી પ્રાપ્ત થઈ છે.


દમણગંગા ટાઈમ્સમાં

શ્રદ્ધાંજલિ અને બેસણું

તમારા આત્મીયજનોના શોક સંદેશ તથા શ્રદ્ધાંજલિ અર્પણ કરવું એકદમ સરળ

નીચે દર્શાવેલ નંબર પર તમારી મેટર વોટસએપ કરો

ઓફિસ : ૯૮૨૫૧ ૨૨૫૦૫

| સાઈઝ | કિંમત |
|---|---|
| ૫ X ૨(૧૦ સીસી) | રૂા. ૩૫૦ /- (ફિક્સ) વધારાના પ્રતિ સીસી રૂા. ૬૦/- |




## સેલવાસમાં દશેરા પર્વે ગલગોટાના ફૂલોની આવક વધી

દશેરા પર્વના આગમન સાથે સેલવાસના બજારોમાં ગલગોટાના ફૂલોની ખરીદી અને વેચાણમાં તેજી જોવા મળી રહી છે. પર્વની તૈયારીઓને લઈને શહેરના વિવિધ વિસ્તારોમાં ફૂલોની દુકાનો અને સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. આ વર્ષે સારા વરસાદને કારણે ફૂલોનું ઉત્પાદન વધતાં બજારમાં આવક વધી છે, જેના પરિણામે ભાવમાં રાહત મળી છે. ગત વર્ષે ગલગોટાના ફૂલોનો ભાવ પ્રતિ કિલો આશરે રૂ. ૧૨૦ હતો, જ્યારે આ વર્ષે ભાવ ઘટીને રૂ. ૬૦થી ૮૦ની આસપાસ રહેતાં ગ્રાહકોને મોટી રાહત મળી છે. ફૂલોની વધુ આવકને કારણે ખરીદદારોને ઓછા ભાવે ફૂલો મળી રહ્યા છે.

## વાપીમાં ફૂડ ડિલિવરી બોયની બેફામ સ્પીડથી અકસ્માતનો ભય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વાપી, તા. ૧૯ :** વાપી પંથકમાં ઓનલાઇન એપ્લિકેશન મારફતે નાસ્તો, જમવાનું અને અન્ય ખાદ્ય સામગ્રીની ડિલિવરી કરતા ફૂડ ડિલિવરી બોય દ્વારા બેફામ ઝડપે બાઈક ચલાવવાની પ્રવૃત્તિ રાહદારીઓ તેમજ અન્ય વાહનચાલકો માટે જોખમી બની રહી છે. સમયસર ઓર્ડર પહોંચાડવાની ઉતાવળમાં કેટલાક ડિલિવરી બોય જાહેર માર્ગો પર પૂરપાટ ઝડપે બાઈક ચલાવતા હોવાથી અકસ્માતની સંભાવના વધી રહી છે. આવી સ્થિતિમાં સ્થાનિક પોલીસ અને ટ્રાફિક પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરી નિયમોનું ઉલ્લંઘન કરતા બાઈકચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી રહી છે.



સમગ્ર દેશમાં ઓનલાઇન ખરીદી અને ખાદ્ય સામગ્રી મંગાવવાનું ચલણ સતત વધી રહ્યું છે. ખાસ કરીને બપોરના ભોજનથી લઈને મોડી સાંજના નાસ્તા અને રાત્રિના ભોજન સુધી લોકો વિવિધ ઓનલાઇન એપ્લિકેશન મારફતે ઓર્ડર આપવાનું પસંદ કરે છે. વાપી ઉપરાંત દમણ અને સેલવાસ વિસ્તારમાં પણ ઓનલાઇન ફૂડ ડિલિવરી સેવાઓનો વ્યાપ વધ્યો છે. આ સેવાઓ દ્વારા ગ્રાહકો સુધી ઝડપથી ઓર્ડર પહોંચાડવા માટે મોટી સંખ્યામાં ડિલિવરી બોય કાર્યરત છે.

જોકે, ઓર્ડર સમયસર પહોંચાડવાની ઉતાવળમાં કેટલાક ડિલિવરી બોય ટ્રાફિકના નિયમોની અવગણના કરી પૂરપાટ ઝડપે બાઈક ચલાવતા હોવાની ફરિયાદો સામે આવી રહી છે.

જાહેર રસ્તાઓ પર પસાર થતા રાહદારીઓ, ટુ-વ્હીલરચાલકો તેમજ કારચાલકો માટે આવી બેફામ ડ્રાઈવિંગ જોખમરૂપ બની શકે છે. અચાનક બાઈક વળાંક લેવી, વાહનોની વચ્ચેથી ઝડપથી પસાર થવું કે ટ્રાફિકની પરિસ્થિતિને અવગણીને વાહન ચલાવવું ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે.

ઝડપ કરતાં સુરક્ષાને પ્રાથમિકતા આપવી જરૂરી : ફૂડ ડિલિવરી સેવાઓના કારણે લોકોને સુવિધા મળી રહી છે, પરંતુ આ સુવિધા અન્ય લોકોની સુરક્ષાના ભોગે ન હોવી જોઈએ. ડિલિવરી કંપનીઓએ પણ પોતાના કર્મચારીઓને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા, નિયંત્રિત ઝડપે વાહન ચલાવવા અને સમયસર ઓર્ડર પહોંચાડવાના દબાણમાં જોખમી ડ્રાઈવિંગ ન કરવા માટે જરૂરી સૂચનાઓ આપવી જોઈએ.

વાપી વિભાગના ડીવાયએસપી બી. એન. દવે, ટ્રાફિક પોલીસના પીઆઈ તેમજ સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા આ મુદ્દે તાત્કાલિક ધ્યાન આપવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે. ખાસ કરીને વ્યસ્ત માર્ગો અને વધુ અવરજવરવાળા વિસ્તારોમાં તપાસ હાથ ધરી બેફામ ઝડપે વાહન ચલાવતા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

## સોળસુંબામાં ડીડીઓએ ફરી સરપંચ-ઉપસરપંચને હોદ્દા પરથી હટાવ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૯ :** સક્ષમ અધિકારીની મંજૂરી વગર જ સરકારી જમીનમાં દુકાનો તાણી બાંધી હરાજી કરી કરોડો રૂપિયા ઉઘરાવી એચડીએફસી બેન્કમાં અલાયદું બેંક ખાતુ ખોલાવી નાણાકીય લેવડદેવડ કરીને ઉચાપત કરી સત્તાનો દુરુપયોગ કર્યાના પ્રકરણમાં ઉમરગામના સોળસુંબા ગ્રામ પંચાયતના સરપંચ બલદેવભાઈ સુરતી તથા ઉપસરપંચ અમિતભાઈ પટેલને ફરી હોદ્દા ઉપરથી દૂર કરવાનો હુકમ જિલ્લા વિકાસ અધિકારીએ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના સોળસુંબા ગ્રામ પંચાયતના સરપંચ બલદેવભાઈ સુરતી તથા ઉપસરપંચ અમિતભાઈ પટેલને સત્તાનો દુરુપયોગ છેતરપિંડી ભ્રષ્ટાચારના કેસમાં જિલ્લા વિકાસ અધિકારી વલસાડ દ્વારા હોદ્દા પરથી દૂર કરવાનો કરવામાં આવેલો હુકમ અધિક વિકાસ કમિશનર ગાંધીનગર દ્વારા રદ કરી પુનઃ સ્થાપિત કરવા અને કેસની નવેસરથી ચકાસણી કરી નિર્ણય લેવા પરત કરવામાં આવ્યો હતો ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સરપંચ તથા ઉપસરપંચને આ બાબતે ખુલાસો કરવા રજૂઆતો સાંભળવાની પૂરતી તક આપવામાં આવી હતી. સરપંચ ઉપસરપંચ દ્વારા વધુ સમયની માંગણી કરવામાં આવી હતી જે ગ્રાહ્ય રાખવામાં આવી ન હતી.

આમ નિયત સમય મર્યાદામાં જરૂરી ખુલાસો રજૂ કરવામાં નહીં આવતા સરપંચ બલદેવભાઈ સુરતી તથા ઉપસરપંચ અમિતભાઈ પટેલને ઉપસરપંચ તથા સભ્ય પદેથી પણ દૂર કરવાનો હુકમ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવ્યા છે. આ હુકમની બજવણી કરવામાં આવી છે. તથા તાલુકા વિકાસ અધિકારી ઉમરગામ દ્વારા ઉપસરપંચ ની નિયુક્તિ માટે ચૂંટણી યોજવા અધ્યાસી અધિકારીની નિમણૂક કરવામાં આવી છે આગામી તારીખ ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ બપોરે ૧ વાગે ગ્રામ પંચાયત કચેરી ખાતે ગ્રામ પંચાયતના સભ્યોની બેઠક મળશે.

## સેગવામાં વૃક્ષોની હરાજીમાં ગેરરીતીનો આક્ષેપ

### સરપંચને હોદ્દા પરથી દૂર કરવા ઉચ્ચ સ્તરે લેખિત રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ તાલુકાના સેગવા ગ્રામ પંચાયતના સરપંચ સામે સરકારી પડતર જમીનમાં આવેલા વૃક્ષોની હરાજીમાં પોતાના પદનો દુરુપયોગ કરી એજન્સીને આર્થિક ફાયદો કરાવ્યો હોવાનો ગંભીર આક્ષેપ ઉઠતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ મામલે ગામના જાગૃત નાગરિક દ્વારા સરપંચ સામે ગુજરાત પંચાયત અધિનિયમ મુજબ કાયદેસરનાં પગલાં ભરી તાત્કાલિક હોદ્દા પરથી દૂર કરવા વલસાડ તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી અને કલેક્ટર સમક્ષ લેખિતમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી કે વલસાડ ના સેગવાગામે આવેલી જુના બ્લોક નંબર ૧૧૧ પૈકી ૧ તથા નવા બ્લોક નંબર ૩૩૨ વાળી આશરે ૧૬ વીંઘા સરકારી પડતર જમીન અટગામ-સેગવા ગ્રામ પંચાયતના નામે ચાલી આવે છે. આ જમીન પર સામાજિક વનીકરણ વિભાગ વલસાડ દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન ગ્રામ વન વાવેતર યોજના અંતર્ગત વાવેતર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ ઉભા વૃક્ષોની જાળવણી અને કટિંગ માટે ઓક્શન પદ્ધતિથી હરાજી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં જંગલી બાવળ, નીલગીરી, લીમડો, શરૂ સહિતના વૃક્ષો કાપવાનો કોન્ટ્રાક્ટ સેગવા ગામના સળગ ફળિયામાં રહેતા માજી સરપંચ સુલેમાન ઈસ્માઈલ શેખની 'આરના ટ્રેડિંગ કંપની'ને મળ્યો હતો. જેમાં પ્રથમ તબક્કે ૩૨૫ નંગ વૃક્ષોની કિંમત રૂપિયા ૧૭,૧૭,૮૦૨ અને બીજા તબક્કે ૨૪૬ નંગ વૃક્ષો માટે રૂપિયા ૧૪,૧૪,૮૦૨ બોલી લગાવવામાં આવી હતી. જોકે, વાસ્તવમાં વૃક્ષોની સંખ્યા અને તેનું બજારમૂલ્ય ઘણું વધારે હોવા છતાં, સેગવા ગ્રામ પંચાયતના સરપંચ મિતેશકુમાર નટવરસિંહ ઠાકોરે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી એજન્સીને મોટો લાભ પહોંચાડ્યો હોવાનો આક્ષેપ ગામના જાગૃત નાગરિક કૈલાશ ભાઈ છગનલાલ ગોહિલે કર્યો છે. આ મામલે રજૂઆતકર્તાએ જણાવ્યું છે કે, સરપંચ દ્વારા પંચાયત ધારાની જોગવાઈઓનો ભંગ કરી ગેરલાયકાત વહોરી લેવાઈ છે. જેથી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૩૨(૧)(ખ) અને કલમ-૩૦(૧) હેઠળ સભ્ય/સરપંચ તરીકે ચાલુ રહેવા માટે અસમર્થ ઠેરવી તાત્કાલિક અસરથી તેમના હોદ્દા પરથી દૂર કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**